અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૦૮ ઓક્ટોબર ૨૦૨૪, મંગળવાર
વિક્રમ સંવત ૨૦૮૦, આસો સુદ ૫
વર્ષ : ૧૬
અંક : ૯૯
તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ
કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886







### કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહનું નિવેદન

# દેશ ૨૦૨૬ સુધીમાં નક્સલવાદથી મુક્ત થઈ જશે, લડાઈ અંતિમ તબક્કામાં

## અમિત શાહે દિલ્હીમાં ડાબેરી ઉગ્રવાદથી પ્રભાવિત રાજ્યોના મુખ્યમંત્રીઓ, નાયબ મુખ્યમંત્રીઓ અને વરિષ્ઠ અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક યોજી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૭ ।

કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે, સોમવારે ડાબેરી ઉગ્રવાદ (LWE) પ્રભાવિત રાજ્યોમાં સુરક્ષા અને વિકાસની સમીક્ષા કરવા માટે એક બેઠકની અધ્યક્ષતા કરી હતી. બેઠક બાદ ગૃહમંત્રીએ કહ્યું કે, નક્સલી વિસ્તારમાં અંતિમ પ્રહાર કરવામાં આવશે. માર્ચ ૨૦૨૬ સુધીમાં અમે નક્સલવાદને ખતમ કરી દઈશું. તેમણે કહ્યું કે, જો વિકાસને છેલ્લી વ્યક્તિ સુધી પહોંચાડવો હશે તો નક્સલવાદને ખતમ કરવો પડશે. LWE સામે લડવા માટે નક્સલ પ્રભાવિત વિસ્તારોમાં કાયદો લાગુ કરવો જરૂરી છે. ૩૦ વર્ષમાં પ્રથમ વખત ડાબેરી ઉગ્રવાદને કારણે માર્યા ગયેલા લોકોની સંખ્યા ૧૦૦થી ઓછી રહી છે. અમિત શાહે કહ્યું કે ડાબેરી ઉગ્રવાદ સામેની લડાઈ હવે અંતિમ તબક્કામાં છે. માર્ચ ૨૦૨૬ સુધીમાં આ દેશ દાયકાઓ જૂની નકસલવાદની સમસ્યામાંથી મુક્ત થઈ જશે. LWEની ૮૫ ટકા કેડર તાકાત છત્તીસગઢ સુધી સીમિત રહી છે. છત્તીસગઢમાં જાન્યુઆરીથી અત્યાર સુધીમાં ૧૯૪ નકસલવાદીઓ માર્યા ગયા છે, ૮૦૧ નકસલવાદીઓએ શસ્ત્રોનો ત્યાગ કરી ચૂક્યા છે અને ૭૪૨ નક્સલવાદીઓએ આત્મસમર્પણ કર્યું છે. અમિત શાહે વધુમાં કહ્યું કે હું ફરીથી નક્સલવાદીઓને અપીલ કરું છું કે તેઓ તેમના હથિયાર છોડી દે અને મુખ્ય પ્રવાહમાં જોડાઈ જાય. અમે રાજ્યોમાં રાજ્ય પોલીસ અને જોઈન્ટ ટાસ્ક ફોર્સની રચના કરી છે. આજે નક્સલવાદી ઓપરેશન માટે૧૨ હેલિકોપ્ટર છે જેમા ૬ BSF અને ૬ એરફોર્સના જવાનોને બચાવવા માટે તહેનાત છે.



**ફરીથી નક્સલવાદીઓને અપીલ કરું છું કે તેઓ તેમના હથિયાર છોડી દે : શાહ**

શાહે કહ્યું કે હું છત્તીસગઢના મુખ્યમંત્રી અને તેમની ટીમને અભિનંદન આપવા માંગુ છું કે ઓગસ્ટથી અત્યાર સુધીમાં લગભગ ૧૯૪ નક્સલવાદીઓ માર્યા ગયા છે. જે યુવાનો હજુ પણ નક્સલવાદ સાથે જોડાયેલા છે તેઓને હિંસા છોડીને મુખ્ય પ્રવાહમાં આવવા વિનંતી છે. નક્સલવાદથી કોઈને ફાયદો થવાનો નથી. સરકારી ક્ષમતા નિર્માણ માટે સંયુક્ત અભિયાન શરૂ કરવામાં આવશે. સુરક્ષા સંબંધિત ખર્ચ (SRE) યોજનાના બજેટમાં લગભગ ૩ ગણો વધારો થયો છે, જે નક્સલ પ્રભાવિત વિસ્તારોમાં વિકાસ કાર્યો માટેની મુખ્ય યોજના છે. નવી દિલ્હીમાં યોજાનારી બેઠકમાં ઝારખંડ, તેલંગાણા, ઓડિશા, આંધ્રપ્રદેશ, બિહાર, છત્તીસગઢ, મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશના મુખ્યમંત્રીઓ હાજરી આપી હતી. ડાબેરી ઉગ્રવાદ પ્રભાવિત રાજ્યોને વિકાસ સહાય પૂરી પાડતા મંત્રાલયોના પાંચ કેન્દ્રીય પ્રધાનો પણ આ બેઠકમાં હાજરી આપી હતી. આ બેઠકમાં કેન્દ્ર, રાજ્યો અને કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળો (CAPF)ના વરિષ્ઠ અધિકારીઓ અને નાયબ રાષ્ટ્રીય સુરક્ષા સલાહકારે પણ ચર્ચામાં ભાગ લીધો હતો.

### રોકાણકારોને ૯ લાખ કરોડ રૂપિયાનું નુકસાન

## FIIની વેચવાલીથી સ્ટોક માર્કેટમાં જંગી કડાકો

। (એજન્સી) મુંબઈ, તા.૭ ।

અઠવાડિયાના પ્રથમ ટ્રેડિંગ સેશન ભારતીય શેર બજાર માટે બ્લેક મંડે સાબિત થયો છે. વિદેશી રોકાણકારોની જંગી વેચવાલીને કારણે સતત છઠ્ઠા ટ્રેડિંગ સેશનમાં ભારતીય શેર બજાર તીવ્ર વેચવાલી સાથે બંધ થયું છે. બેંકિંગ, એનર્જી, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ સ્ટોક્સ પર સૌથી વધુ માર પડ્યો છે. આજના વ્યાપારમાં મિડકેપ અને સ્મોલકેપ સ્ટોક્સ ઊંધા મોઢે પડ્યા છે. આજનો વ્યાપાર પૂરો થતાં BSE ૬૩૮ અંકના ઘટાડા સાથે ૮૧૦૫૦ અંક પર બંધ થયો છે જ્યારે નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી ૧૯૮ અંકના ઘટાડા સાથે ૨૪,૮૧૭ અંક પર બંધ થયો છે.

આજના વ્યાપારમાં બેંકિંગ અને એનર્જી સ્ટોક્સનું સૌથી વધુ નુકસાન થયું છે. નિફ્ટી બેંક ૮૩૭ અંક અથવા ૧.૬૩ ટકાના ઘટાડા સાથે બંધ થયો છે. જ્યારે નિફ્ટીનો એનર્જી ઈન્ડેક્સ ૨.૫૨ ટકા અથવા ૧૦૫૦ અંકના ઘટાડા સાથે બંધ થયો છે. આ ઉપરાંત ઓટો, FMCG, મેટલ્સ, મીડિયા, હેલ્થકેર, ઓઈલ એન્ડ ગેસ અને કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ સેક્ટરના શેર ઘટીને બંધ થયા. નિફ્ટીનો મિડકેપ ઈન્ડેક્સ પણ ૧૧૭૦ અંક અથવા ૨ ટકા અને નિફ્ટી સ્મોલકેપ ઈન્ડેક્સ ૪૯૫ અંક અથવા ૨.૭૫ ટકા ઘટીને બંધ થયો છે. માત્ર IT સેક્ટરના શેરોમાં થોડી તેજી જોવા મળી છે. શેર બજારમાં ચોતરફી વેચવાલીને કારણે રોકાણકારોને ભારે નુકસાન થયું છે. BSE પર લિસ્ટેડ સ્ટોક્સનું માર્કેટ કેપ ૪૫૨.૨૦ લાખ કરોડ રૂપિયા પર બંધ થયું છે જે અગાઉના સત્રમાં ૪૬૦.૮૯ લાખ કરોડ રૂપિયા હતું. આજના વ્યાપારમાં રોકાણકારોની સંપત્તિમાં ૮.૬૯ લાખ કરોડ રૂપિયાનું નુકસાન થયું છે.

આજના ટ્રેડમાં સેન્સેક્સના ૩૦ શેરોમાંથી ૭ શેર તેજી સાથે જ્યારે ૨૩ ઘટીને બંધ થયા. નિફ્ટીના ૫૦ શેરોમાંથી ૧૦ તેજી સાથે અને ૪૦ ઘટીને બંધ થયા. ચઢનારા સ્ટોક્સમાં મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા ૧.૪૬ ટકા, ITC ૧.૪૦ ટકા, ભારતી એરટેલ ૧.૩૧ ટકા, ઈન્ફોસિસ ૦.૮૦ ટકા, બજાજ ફાઈનાન્સ ૦.૭૪ ટકા, TCS ૦.૨૬ ટકા, ટેક મહિન્દ્રા ૦.૧૪ ટકાની તેજી સાથે બંધ થયા છે. જ્યારે અદાણી પોર્ટ્સ ૪.૦૮ ટકા, NTPC ૩.૫૦ ટકા, SBI ૨.૯૬ ટકા, પાવર ગ્રિડ ૨.૯૨ ટકા, ઈન્ડસઈન્ડ બેંક ૨.૪૩ ટકાના ઘટાડા સાથે બંધ થયા છે.

## મોદીએ પોતે લખેલા ગરબાની મધુર પ્રસ્તુતિ માટે પૂર્વા મંત્રીને ધન્યવાદ આપ્યા



। નવી દિલ્હી, તા.૭ ।

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેમના દ્વારા લખાયેલા એક ગરબાને ગાઈને તેની સુંદર પ્રસ્તુતિ કરવા બદલ ગાયિકા પૂર્વા મંત્રીનો આભાર માન્યો છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પોતે આજે દેવી દુર્ગાની સ્તુતિ રૂપે લખાયેલા 'આવતી કળાય માડી આવતી કળાય' નામના ગરબો શેર કર્યો. શ્રી મોદીએ ગરબા ગીત ગાવા બદલ ગાયિકા પૂર્વા મંત્રીનો પણ આભાર માન્યો. "નવરાત્રીના આ પાવન પર્વની મા દુર્ગાની આરાધના સાથે જોડાયેલા લોકો જુદી જુદી રીતે ઉજવણી કરી રહ્યા છે. શ્રદ્ધા અને ભક્તિના આવા જ ભાવથી મેં પણ "આવતી કળાય માડી આવતી કળાય" નામે એક ગરબાની શબ્દરચના કરી છે. મા જગદંબાના અનંત આશીર્વાદ હરહંમેશ આપણા સૌ પર બની રહે..#AavatiKalay" "આ ગરબો ગાવા અને તેની આટલી સુમધુર રજૂઆત રજૂ કરવા બદલ હું પ્રતિભાશાળી ઉભરતી ગાયિકા પૂર્વા મંત્રીનો આભાર માનું છું.

### ત્રણ વિદેશી નાગરિકોના મોત, ૧૭ અન્ય ઘાયલ

## પાકિસ્તાનના કરાચીમાં જિન્નાહ એરપોર્ટ નજીક જોરદાર વિસ્ફોટ

। (એજન્સી) કરાચી, તા.૭ ।



પાકિસ્તાનના કરાચીમાં જિન્નાહ ઈન્ટરનેશનલ એરપોર્ટ નજીક મોડી રાત્રે મોટો વિસ્ફોટ થયો હતો. આ વિસ્ફોટમાં ત્રણ વિદેશી નાગરિકોના મોત થયા છે. જ્યારે ૧૭થી વધુ લોકો ઘાયલ થયા છે. જણાવવામાં આવી રહ્યું છે કે માર્યા ગયેલાઓમાં બે ચીની નાગરિકો પણ સામેલ છે. ચીનના દૂતાવાસના નિવેદન અનુસાર પાકિસ્તાનમાં ચીની દૂતાવાસ અને કોન્સ્યુલેટ જનરલે હુમલાની સખત નિંદા કરી હતી અને બંને દેશોના નિર્દોષ પીડિતો પ્રત્યે ઊંડી સંવેદના વ્યક્ત કરી અને ઘાયલો અને તેમના પરિવારો પ્રત્યે ભારે દુ:ખ વ્યક્ત કર્યું હતું. બીજી બાજુ ચીન તરફથી આ મામલે તાત્કાલિક તપાસ અને કાર્યવાહીની માગ સાથે ગુનેગારોને સખત સજા તથા પાકિસ્તાનમાં ચીની નાગરિકો, સંસ્થાઓ અને પ્રોજેક્ટ્સની સુરક્ષા માટે તમામ જરૂરી પગલાં લેવાની માગ કરવામાં આવી હતી. અહેવાલ અનુસાર આ બ્લાસ્ટમાં ૧૭ લોકો ઘાયલ થયા હતા. વિસ્ફોટ બાદ વિસ્તારમાં ધુમાડાના ગોટેગોટા જોવા મળ્યા હતા. લગભગ તો આખા શહેરના રહેવાસીઓએ વિસ્ફોટનો અવાજ સાંભળ્યો હતો.

### ચીની દૂતાવાસે હુમલાની સખત નિંદા કરી । ફિદાયીન હુમલામાં ૧૬થી વધુ લોકો ઘાયલ થયા છે

## કરાચી એરપોર્ટ પાસે ફિદાયીન હુમલો ૨થી વધુ ચીની નાગરિકોના મૃત્યુ

। (એજન્સી) કરાચી, તા.૭ ।

પાકિસ્તાનના કરાચી એરપોર્ટ નજીક રવિવારે રાત્રે મોટો હુમલા થયો છે. પોર્ટ કાસિમ ઈલેક્ટ્રીક પાવર કંપની (પ્રાઈવેટ) લિમિટેડના ચીની કર્મચારીઓને લઈ જઈ રહેલા કાફલા પર હુમલો થતાં બેથી વધુ ચીની નાગરિકોના મૃત્યુ થયા છે અને ૧૬થી વધુ લોકો ઘાયલ થયા છે.



દૂતાવાસના નિવેદન અનુસાર, પાકિસ્તાનમાં ચીની દૂતાવાસ અને કોન્સ્યુલેટ જનરલે હુમલાની સખત નિંદા કરી, બંને દેશોના નિર્દોષ પીડિતો પ્રત્યે ઊંડી સંવેદના વ્યક્ત કરી અને ઘાયલો તેમજ તેમના પરિવારો પ્રત્યે ઊંડી સાંત્વના વ્યક્ત કરી. પાકિસ્તાની અલગતાવાદી આતંકવાદી ગ્રુપ બલૂચિસ્તાન લિબરેશન આર્મી (BLA) મજીદ બ્રિગેડે આ હુમલાની જવાબદારી લીધી છે. ચીની પક્ષે તાત્કાલિક એક ઈમરજન્સી યોજના શરૂ કરી અને વિનંતી કરતા કહ્યું કે, "પાકિસ્તાની સત્તાવાળાઓ હુમલાની તપાસ કરે, ગુનેગારોને સખત સજા કરે અને પાકિસ્તાનમાં ચીની નાગરિકો, સંસ્થાઓ અને પ્રોજેક્ટ્સની સુરક્ષા માટે તમામ જરૂરી પગલાં લે." વિસ્ફોટ બાદ વિસ્તારમાં ધુમાડાના ગોટેગોટા વળી ગયા હતા. આખા શહેરના રહેવાસીઓએ વિસ્ફોટનો અવાજ સાંભળ્યો હતો. વિસ્ફોટ સ્થળની નજીકના રસ્તા પર મોટી આગ દેખાતી હતી. ઉત્તર નાઝિમાબાદ અને કરીમાબાદ સહિત શહેરના વિવિધ ભાગોમાં વિસ્ફોટનો અવાજ સંભળાયો હતો. એરપોર્ટ નજીક ટ્રાફિક સિગ્નલ પાસે એક કારમાં આગ લાગી હતી. VIP પ્રોટોકોલ વાહનો સામાન્ય રીતે અહીં જ જાય છે. ઘટનાસ્થળે હાજર પત્રકારોના જણાવ્યા અનુસાર, ત્યાં પાર્ક કરેલા અન્ય વાહનોમાં પણ આગ લાગી હતી. ઘટનાસ્થળે હાજર અન્ય એક પત્રકાર સઈદ વસીમે જણાવ્યું હતું કે, વિસ્ફોટ એરપોર્ટની બહાર જતા રસ્તા પર થયો હતો. અધિકારીઓ દ્વારા ઘટનાની તપાસ કર્યા બાદ વધુ માહિતીની રાહ જોવાઈ રહી છે.

## સંજય રોયે જ દુષ્કર્મ બાદ ટ્રેઈની ડોક્ટરની હત્યા કરી હતી

। કોલકાતા, તા.૭ ।

કોલકાતાની આરજી કર મેડિકલ કોલેજ એન્ડ હોસ્પિટલમાં ટ્રેઈની મહિલા ડોક્ટર સાથે દુષ્કર્મ અને હત્યા કેસમાં CBIએ પોતાની ચાર્જશીટ દાખલ કરી છે. દુષ્કર્મ અને હત્યાના કેસમાં આરોપી સંજય રોય વિરુદ્ધ કોલકાતાની સિયાલદાહ કોર્ટમાં પ્રથમ ચાર્જશીટ દાખલ કરવામાં આવી છે. ૨૦૦થી વધુ પાનાની ચાર્જશીટમાં ૨૦૦ લોકોના નિવેદનો નોંધવામાં આવ્યા છે. મહત્વની વાત એ છે કે, તેમાં માત્ર દુષ્કર્મ અને હત્યાની વાત છે.

## T20Iમાં સૂર્યકુમાર યાદવ ભારત માટે સૌથી વધુ છગ્ગા મારનાર બીજો બેટર બન્યો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૭ ।

ભારત અને બાંગ્લાદેશ વચ્ચેની પહેલી T20I મેચમાં બોલરોએ શાનદાર પ્રદર્શન કર્યું હતું. ટોસ જીતીને ભારતે પહેલા બોલિંગ કરવાનો નિર્ણય લીધો હતો. બેટિંગ કરવા ઉતરેલી બાંગ્લાદેશી ટીમ ૧૨૭ના સ્કોર પર સમેટાઈ ગઈ હતી. સુર્યાકૂમાર યાદવે ૧૪ બોલ પર ૨૯ રનની ઈનિંગ રમી હતી. પોતાની ઈનિંગ દરમિયાન સૂર્યકુમારે ૨ ચોગ્ગા અને ૩ છગ્ગા ફટકાર્યા હતા. આ ઈનિંગ દ્વારા તેણે એક ખાસ રેકોર્ડ પોતાના નામે કરી લીધો હતો. T20Iમાં સૂર્યકુમાર યાદવ ભારત માટે સૌથી વધુ છગ્ગા મારનાર બીજો બેટર બની ગયો છે. અત્યાર સુધીમાં સૂર્યકુમારે T20Iમાં ૧૩૯ છગ્ગા ફટકાર્યા હતા. આ સાથે જ તેણે જોસ બટલર અને મૈક્સવેલને પાછળ છોડી દીધા છે. ભારત માટે રોહિત શર્મા T20Iમાં ૨૦૫ છગ્ગા મારીને પહેલા સ્થાન પર છે. બીજા સ્થાન પર માર્ટીન ગુપ્ટિલ છે, જેને ૧૭૩ છગ્ગા માર્યા હતા. આ સિવાય નિકોલસ પૂરન અત્યાર સુધીમાં T20Iમાં ૧૪૪ છગ્ગા મારી ચૂક્યો છે.

**T20Iમાં સૌથી વધુ છગ્ગા મારનાર ખેલાડી**

- ૨૦૫ - રોહિત શર્મા
- ૧૭૩ - માર્ટિન ગુપ્ટિલ
- ૧૪૪ - નિકોલસ પૂરન
- ૧૩૯ - સૂર્યકુમાર યાદવ
- ૧૩૭ - જોસ બટલર
- ૧૩૪ - ગ્લેન મેક્સવેલ

આ સિવાય ઓવરઓલ ટીમમાં સૂર્યાકુમાર યાદવ સૌથી વધુ છગ્ગા મારનાર ભારતનો ચોથો બેટર બની ગયો છે. T20Iમાં સૂર્યાકુમાર અત્યાર સુધીમાં ૩૨૮ છગ્ગા મારી ચૂક્યો છે.

## બિહારના રાજકારણમાં હડકંપ : ભાજપે તેજસ્વી યાદવ પર લગાવ્યો ચોરીનો આરોપ

। (એજન્સી) પટણા, તા.૭ ।

બિહારના રાજકારણમાં હડકંપ મચી ગયો છે. ભાજપે આરજેડી નેતા તેજસ્વી યાદવ ચોરીનો આરોપ લગાવતાં બિહારનું રાજકારણ ગરમાયું છે. બિહારના પૂર્વ ઉપ મુખ્યમંત્રી અને રાષ્ટ્રીય જનતા દળના નેતા તેજસ્વી યાદવ પર સરકારી આવાસ ખાલી કરતી વખતે ત્યાંથી પાણીની નળ, એસી અને સોફા જેવી ચીજો તેમની સાથે લઈ જવાનો આરોપ લાગ્યો છે. તેજસ્વી યાદવ પર આ આરોપ બિહારના વર્તમાન ઉપ મુખ્યમંત્રી સમ્રાટ ચૌધરીના અંગત સચિવ શત્રુધન કુમારે લગાવ્યો છે. તેણે દાવો કર્યો કે સરકારી બંગલામાંથી એક સોફા, કુંડા અને એસી ગાયબ છે. આરોપો બાદ બિહારના રાજકારણમાં ફરી ગરમાવો આવ્યો છે. બિહાર ભાજપના મીડિયા પ્રભારી દાનિશ ઈકબાલે પણ તેજસ્વી સામે આવો જ આરોપ લગાવ્યો. તેમણે કહ્યું કે, અમે આરોપ નથી લગાવતાં પણ કેમેરા પર પુરાવા બતાવી રહ્યા છીએ. તેજસ્વી યાદવે તેનો જવાબ આપવો જોઈએ. તેજસ્વી યાદવે રવિવારે સરકારી આવાસ ખાલી કર્યુ હતું, જે ભાજપ નેતા સમ્રાટ ચૌધરીને ફાળવવામાં આવ્યું હતું. ભાજપના આરોપને લઈ આરજેડીએ હલકી રાજનીતિ કરવાનો આરપ લગાવ્યો છે. આરજેડી પ્રવક્તા મૃત્યુંજય તિવારીએ કહ્યું, તેજસ્વીએ તેને ઉપ મુખ્યમંત્રી તરીકે ફાળવવામાં આવેલો બંગલો ખાલી કરી દીધો છે. ભાજપ હલકી રાજનીતિ કરી રહ્યું છે. ભાજપ તેજસ્વી ફોબિયાથી પીડાય છે. ઉલ્લેખનીય છે કે ૨૦૨૨માં નીતીશ કુમારે એનડીએ સાથે છેડો ફાડીને મહાગઠબંધન સાથે મળીને સરકાર બનાવી હતી.

**અનેક નાના વેપારીઓને થઈ રહી છે આવક । બેથી અઢી મહિનામાં જેટલી પૂજાની સામગ્રીનું વેચાણ થાય છે તે આ નવ દિવસમાં જ થઈ જતા વેપારીઓ ખુશ**

# નવરાત્રીનો તહેવાર મંદિર નજીકના દુકાનદારો માટે સંજીવની બન્યો છે

। (એજન્સી) સુરત, તા.૭ ।

સુરતમાં ૩જી ઓક્ટોબરથી શરુ થયેલો નવરાત્રીનો તહેવાર મંદિરની આસપાસના વેપારીઓ માટે સંજીવની સાબિત થઈ રહ્યો છે. નવરાત્રી દરમિયાન સુરતીઓ વધુ ધાર્મિક બને છે અને માતાજીની આરાધના કરે છે તેના કારણે મંદિરની આસપાસના વેપારીઓની મંદી ઓછી થઈ આવક વધી રહી છે. બેથી અઢી મહિનામાં જેટલી પૂજાની સામગ્રીનું વેચાણ થાય છે તે આ નવ દિવસમાં જ થઈ જતું હોવાથી વેપારીઓ ખુશ થઈ રહ્યાં છે. શ્રાવણ મહિના સાથે જ શરુ થતાં હિન્દુઓના તહેવારો ભારતના અર્થતંત્રને જીવંત રાખવા માટેનું પ્રતીક બની રહ્યાં છે. શ્રાવણ માસથી હિન્દુઓના તહેવારો શરૂ થતાં જ લોકોમાં ધાર્મિક વૃત્તિ વધે છે તેથી શ્રાવણ માસ થી દિવાળી સુધીના તહેવાર વેપારીઓ માટે આર્શિવાદ સમાન સાબિત થઈ રહ્યો છે. છેલ્લા કેટલાક મહિનાઓથી માર્કેટમાં મંદીની બુમ સાંભળવા મળતી હતી, પરંતુ શ્રાવણ માસની શરૂઆત સાથે જ ધીમે-ધીમે મંદીનો માહોલ ઓછો થઈ રહ્યો છે. તેમાં પણ મંદિર કે ધાર્મિકતા સાથે સંકળાયેલા વેપારમાં આ દિવસોમાં તેજીનો માહોલ જોવા મળી રહ્યો છે.

નવરાત્રી પહેલા દિવડા અને માતાજીની માટલી ( ગરબી) બનાવતા નાના વેપારીઓના ધંધા માં પ્રાણ ફુંકાયા હતા અને તેમને રોજીરોટી મેળવી હતી. ઉપરાંત હાલ શરૂ થયેલી નવરાત્રી માતાજીના મંદિરની આસપાસ ના



વેપારીઓ માટે રાહતના સમાચાર લાવી છે. પહેલા નવરાત્રી થી જ માતાજીના મંદિરોમાં ભક્તોની ભીડ જામી રહી છે. માતાજીના દર્શન માટે જતાં ભક્તો માતાજીની પૂજા માટે શ્રીફળ ફુલ, હાર, કંકુ પ્રસાદ અને માતાજીના શણગાર લઈને મંદિરે જાય છે. નવરાત્રી દરમિયાન માતાજી ના મંદિરે આવનારા ભક્તોની ભીડ વધુ હોય છે તેથી મંદિર નજીકના દુકાનદારોને સારો એવો વકરો થઈ રહ્યો છે. શહેરમાં માતાજીના મંદિરની નજીક ફુલ- પ્રસાદી અને ચુંડળીનું વેચાણ કરતા વેપારી કહે છે, શ્રાવણ મહિના પહેલાં અમારા ધંધામાં કોઈ ખાસ ઘરાકી રહેતી નથી રવિવારે જાહેર રજાના દિવસે મંદિરોમાં ભક્તો આવતા હોય છે. પરંતુ હાલ નવરાત્રી શરૂ થઈ છે ત્યારથી સુરતમાં માતાજીના મંદિરમાં ભક્તોનો મેળો જામતો હોય તેવો માહોલ છે.

સુરતમાં મંદિરની નજીક પ્રસાદી, પેંડા કે શણગાર સાથે અન્ય વસ્તુઓનું વેચાણ કરતા વેપારીઓ કહે છે બેથી અઢી મહિનામાં જેટલું વેચાણ થતું હોય તેટલું વેચાણ આ નવ દિવસમાં થઈ જાય છે તેથી મંદી માં ફસાયેલા નાના વેપારીઓ માટે આ તહેવાર માતાજી ના આર્શીવાદ થી ઓછો નથી કહેવાતો.

આ ઉપરાંત આ નવરાત્રી દરમિયાન માતાજી ના ફોટા, તાંબા પિત્તળના વાસણો અને ચુંદડી અને સાડીનું પણ વેચાણ વધી જાય છે. આમ માતાજીના મંદિરની આસપાસ જે લોકો ધાર્મિક વસ્તુ નો ધંધો કરે છે તેઓને પણ સારો ધંધો થઈ રહ્યો છે. માતાજીને ચઢાવવા માટે બંગડી-સાડી સહિત નો શણગાર સામાનનું વેચાણ પણ વધી રહ્યું છે. આમ માતાજીના મંદિરની આસપાસ ના વેપારીઓ માટે નવરાત્રી શુકનિયાળ બની જાય છે તેમની આ ઘરાકી દિવાળી સુધી રહેતી હોવાથી નાના ધંધાને જીવતદાન મળી રહ્યું છે.

**રસ્તાના અભાવે પ્રસૂતાનું મોત**

## હાઈકોર્ટની ફટકાર બાદ સરકારે છોટાઉદેપુર ના તુરખેડા ગામનો રોડ આખરે કર્યો મંજૂર

। (એજન્સી) કવાંટ, તા.૭ ।

છોટાઉદેપુર જિલ્લામાં પ્રસૂતાને ઝોળીમાં નાખીને લઈ જતી વખતે મૃત્યુ થયું હતું. આ ગંભીર ઘટનાને લઈને સરકાર અને પ્રશાસન સામે લોકોએ રોષ ઠાલવ્યો હતો. તો ગુજરાત હાઈકોર્ટે પણ તેની ગંભીરતાની નોંધ લઈ સુઓમોટો રિટ દાખલ કરી સરકારને ફટકાર લગાવી હતી. જેથી સરકારે રાતોરાત છોટાઉદેપુર જિલ્લાના કવાંટ તાલુકાના તુરખેડા ખાતે રૂ.૧૮.૫૦ કરોડના ખર્ચે ૯ કિલોમીટરનો રસ્તો મંજૂર કર્યો છે. આ ઘટના બાદ માર્ગ અને મકાન વિભાગ દ્વારા તાત્કાલિક આ રોડને મંજૂર કર્યો છે. જેમાં તુરખેડા ગામના હાંડલાબારી ફળિયાથી ગીરમટીયા આંબા ફળિયા અને બસ્કરીયા ફળિયાને જોડતો ૯ કિલોમીટર લાંબો રોડ બનાવવામાં આવશે. છોટા ઉદેપુર જિલ્લાના કવાંટ તાલુકાના તુરખેડા ગામે પ્રસૂતાને ઝોળીમાં નાખીને લઈ જતી વખતે મૃત્યુ થયું હતું. માતાના મૃત્યુ બાદ તેના ચાર બાળકોએ માતાની છત્રછાયા ગુમાવી છે. તુરખેડા ગામમાં ૧૨ ફળિયા છે, જ્યારે આ ફળિયામાં આઝાદીના આટલા વર્ષો પછી પણ રસ્તાની સુવિધા ન હોવાથી ૧૦૮ એમ્બ્યુલન્સ ગામ સુધી પહોંચી શકતી નથી. જ્યારે આ ઘટનામાં હાઈકોર્ટે સુઓમોટો દાખલ કરીને મુખ્ય સચિવ પાસે ખુલાસો માંગ્યો હતો.

## વિઝા અપાવાનું કહી ૧૨ લાખ અને ૨૫૦૦ ડોલર પડાવી ઠગાઇ

**ઓસ્ટ્રેલિયા લાઈ જવાનું કહી આર્મેનિયા લઇ ગયો, વિઝા નકલી હોવાથી ભારત પરત આવવું પડ્યું**

। (એજન્સી) અમદાવાદ, તા.૭ ।

કૃષ્ણનગર વિસ્તારમાં રહેતા યુવકને ઓસ્ટ્રોલિયા વર્ક પરમીટ આપવાનું કહી ૧૨ લાખ રૂપિયા એજન્ટે લીધા હતા. ત્યારબાદ તેને આર્મેનિયા દેશમાં લઇ ગયો હતો. ઓસ્ટ્રેલિયા જવા ટિકિટ પેટે ૨૫૦૦ ડોલર પડાવ્યા હતા અને એરપોર્ટ પર મોકલ્યો હતો. જ્યાં ઈમિગ્રેશન અધિકારીએ તપાસ કરતા વિઝા નકલી હોવાનું સામે આવ્યું હતું. ત્યારબાદ યુવક અમદાવાદ પરત આવી ગયો હતો. આ મામલે યુવકે એજન્ટ સામે કૃષ્ણનગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ આદરી છે. ઠક્કરનગર વિસ્તારમાં ૨૧ વર્ષીય દીપક વિષ્ણુભાઈ પટેલ પરિવાર સાથે રહે છે અને સીયુ શાહ કોલોજેમાં અભ્યાસ કરે છે. દોઢ મહિના અગાઉ દીપકના કાકાના સાઢુભાઈ જય ચંદ્રકાંતભાઈ પટેલ (રહે. ખોખરા) સાથે દીપકનો સંપર્ક થયો હતો. જય વર્ક પરમીટ વિઝાનું કામ કરતો હોવાથી તેની સાથે દીપકે વર્ક પરમીટ માટે વાત ચીત કરતો હતો. ત્યારે જયે દીપકને ઓસ્ટ્રેલિયા જવાનું હોવાથી ૧૨ લાખ રૂપિયામાં વર્ક પરમીટ વિઝા કરી આપવાનું કહ્યું હતું. જેથી ૧૩ માર્ચ ૨૦૨૩ના રોજ ૨ લાખ જયને ટ્રાન્સફર કર્યા હતા. જયે વિઝાનું કામ શરૂ કરી દીધુ હોવાનું જણાવ્યું હતું. પછી ૨૫ જાન્યુઆરી ૨૦૨૪ના રોજ બીજા ૮.૫૦ લાખ રૂપિયા માગતા તે પૈસા પણ ઓનલાઈન ટ્રાન્સફર કર્યા હતા. પછી ૨૭મી જાન્યુઆરીના રોજ જયે ઓસ્ટ્રેલિયાના વિઝિટર વિઝાની માહિતી મોકલી આપી હતી. ત્યારબાદ બીજા પૈસા માગ્યા હતા. આમ ટુકડે ટુકડે તેણે ૧૨ લાખ રૂપિયા મેળવી લીધા હતા. જયે પૈસા આવી ગયા બાદ ઓસ્ટ્રેલિયા આર્મેનિયા થઈ જવું પડશે અને ૫ માર્ચ ૨૦૨૪ની આર્મેનિયાની ટિકિટ આપી હતી. જેથી દીપક આર્મેનિયા ગયો હતો. જ્યાં પહોંચ્યા બાદ જયે તેનો ઓરિજનલ પાસપોર્ટ લઈ લીધો હતો અને પછી તેણે ઓસ્ટ્રેલિયાના વીઝા આપતા દીપકે જણાવ્યું હતું કે વર્ક પરમીટ વિઝાની વાત થઈ હતી. ત્યારે તેણે જણાવ્યું હતું કે, ઓસ્ટ્રેલિયા પહોંચ્યા બાદ વર્ક પરમીટ વિઝા આપી દઈશ. ૨૫ માર્ચે ઓસ્ટ્રેલિયા જવાની ટિકિટ કરી આપવાનું કહી બીજા ૨૫૦૦ ડોલર માગ્યા હતા અને આ પૈસા પછી પાછા આપી દઈશ તેમ જણાવ્યું હતું. ત્યારબાદ તે આર્મેનિયા એરપોર્ટ પરથી ઓસ્ટ્રેલિયા જવા નીકળ્યો હતો. ત્યારે એરપોર્ટ અધિકારીએ જણાવ્યું હતું કે, તમે ઓસ્ટ્રેલિયા જઈ શકો નહીં તમારા વિઝા નકલી છે. ત્યારબાદ દીપક પરત હોટલ જતો રહ્યો હતો. ત્યારે જયે ફરી અઠવાડિયામાં વિઝા કરી આપીશ તેમ જણાવ્યું હતું. પરંતુ વિઝા આપ્યા ન હતા. જેથી જયે જણાવ્યું હતું કે, તું ભારત પરત આવી જા, તારું કામ નહીં થાય તો તારા રૂપિયા પરત આપી દઈશ ત્યારબાદ દીપક આર્મેનિયાથી ભારત પરત આવી ગયો હતો. પછી તપાસ કરતા વિઝા નકલી હોવાનું સામે આવ્યું હતું. આ મામલે દીપકે જય સામે ઠગાઈ સહિતની કલમ હેઠળ ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ આદરી છે.

## અનેક ગામોમાં બોટાદની કેરી નદીના પાણી ઘૂસી જવાની સમસ્યા કાયમી બની

। ભાવનગર, તા.૭ ।

ભાવનગર પંથકના અનેક ગામોમાં બોટાદની કેરી નદીના પાણી ઘૂસી જવાની સમસ્યા કાયમી બની છે. વહેણમાં આડાશ, ઉગી નીકળેલા ઝાડી-ઝાંખરા અને પાળા બાંધી દેવામાં આવતા પાણી દરિયામાં જવાના બદલે ગામોમાં ઘૂસી જતું હોવાથી ગ્રામજનોને ભારે હાલાકીનો સામનો કરવો પડે છે. આ મામલે સરકારી તંત્ર, નપાણિયા નેતાઓ પણ ધ્યાન દેતા ન હોય, લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. ભાવનગર તાલુકાના સવાઈનગર, માઢિયા, દેવળિયા, સનેસ તેમજ મેવાસા, મોણપર સહિતના ગામોમાં કેરી નદીનું પાણી ઘૂસી જવાના કારણે ગામ બેટમાં ફેરવાઈ જતું હોવાની કાયમી સમસ્યા રહે છે. ખાસ કરીને ચોમાસાની ઋતુમાં નદીનું પાણી દરિયામાં જવાના બદલે ગામોમાં ઘૂસી જતું હોવાથી આ સમસ્યા વધુ ચિંતાજનક બની રહે છે. ગામોમાં પાણી ભરાઈ જવાથી બાળકો સ્કૂલે જઈ શકતા નથી. પીવાની પણ સમસ્યા સર્જાઈ છે. આ ઉપરાંત રોગચાળાની ભીતિ વચ્ચે લોકોના આરોગ્ય સાથે ચેડા થઈ રહ્યા છે. કેરી નદીના વહેણને અવરોધતા પાળાઓ દૂર કરવા તેમજ ઝાડી-ઝાંખરા, બાવળની સાફ-સફાઈ કરવા અને વર્ષો જૂની સમસ્યાનો કાયમી નિકાલ કરવામાં આવે તેવી ગ્રામજનોની માંગણી છે.

## વડોદરામાં સાઈટ શરૂ કરનાર મુંબઈના બિલ્ડર સાથે છેતરપિંડી

। (એજન્સી) વડોદરા, તા.૭ ।

મુંબઈ ઈસ્ટ દહીસર મા સંસ્કૃતિ બિલ્ડિંગમાં રહેતા પરેશભાઈ શિવલાલ ધ્રાફાણીએ કપુરાઈ પોલીસ સ્ટેશનમાં વડોદરા ના આયુર્વે દેસાઈ રોડ અશોક કોલોની માં રહેતા ગોવિંદભાઈ વાલજીભાઈ પટેલ (૨) કેશુભાઈ વાલજીભાઈ પટેલ (૩) રામજીભાઈ વાલજીભાઈ પટેલ (૪) જીતેન્દ્ર કરસનભાઈ પટેલ તથા (૫) મહેશ કરસનભાઈ પટેલ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી જણાવ્યું છે કે દંતેશ્વર માં આવેલી ૪૧૪૮ ચોરસ મીટર બિન ખેતીની જમીન જે ના પર સ્વસ્તિક પાર્ટી પ્લોટ છે તેના માલિકો આરોપીઓ છે. આરોપીઓ પાસેથી ૨૫.૮૦ કરોડમાં આ મિલકત ખરીદવા માટે બાના પેટે ૩૧ લાખ ટોકનના ૨૬ જાન્યુઆરી ૨૦૨૧ ના રોજ આપ્યા હતા અને તેની પહોંચ પણ તેઓએ લખી આપ્યા છે અમે જમીન માલિકોને કુલ ૫.૪૧ કરોડ ચૂકવી આપ્યા છે અને બિલ્ડીંગ ડેવલપ માટે જરૂરી મંજૂરી મેળવવા જમીન માલિકોએ શિપ્રમ ડેવલોપર્સ ભાગીદારી પેઢીના ભાગીદાર અને વહીવટ કરતા ઈન્દ્રવદન મનસુખલાલ અંબાણી ને પાવર ઓફ એટર્ની કરી આપ્યું હતું આ જમીન પર ૧૩ માળની કોમર્શિયલ કમ રેસીડેન્સીયલ બિલ્ડીંગનું બાંધકામ અમે જમીન માલિકો ના વિશ્વાસ અને ભરોસે શરૂ કર્યું હતું બાંધકામ અને દસ્તાવેજી રેકર્ડ તૈયાર કરવા પાછળ ૫.૮૬ કરોડ નો ખર્ચ અત્યાર સુધી થયો હતો.

**રાષ્ટ્રીય એકતા માટે ગરબા મારી રેવાને કાંઠે શક્તિ પર્વનો ઢોલ વાગે છે**

## વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે ગુજરાતનો ગ્લોબલ ગરબો મન મૂકીને ઘુમ્યો

। (માહિતી) ગાંધીનગર, તા.૭ ।

ગુજરાતનો ગ્લોબલ ગરબો વિશ્વમાં આગવી ઓળખ ધરાવે છે. નવરાત્રિ પર્વ આવે એટલે ખેલૈયામાં નવું જોશ ઉત્સાહ, ઉમંગ, આનંદ છલકાઈ જાય છે. મા નવદુર્ગાના આરાધના પર્વ એવા નવરાત્રિ શક્તિ પર્વની ઉજવણીમાં અબાલવૃદ્ધ-યુવાઓ સૌ ભક્તિભાવ સાથે આસ્થા શ્રદ્ધાપૂર્વક જોડાય છે અને અંબે માની આરતી ઉતારી મન મૂકીને ગરબે ઘૂમે છે. નવ દિવસ સમગ્ર રાજ્યમાં નવલા નોરતાની શક્તિ પર્વને ધામધૂમથી ઉજવે છે. તેમાં ગુજરાત સરકાર પણ સક્રિય રીતે સહભાગી થઈને આ લોક ઉત્સવને હર્ષભેર વધાવે છે. વિશ્વની સૌથી ઊંચી સરદાર વલ્લભભાઈ પટેલની ૧૮૨ મીટરની પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટી એકતા નગર ખાતે પણ ગુજરાતનો ગ્લોબલ ગરબો શુભ નવરાત્રિ શક્તિ પર્વ-૨૦૨૪ની ઉજવણી પ્રથમવાર ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડ સ્ટેચ્યુ ઓફ યુનિટી ઓથોરિટી તેમજ ગુજરાત સરકાર



દ્વારા નર્મદા જિલ્લામાં તા.૫ અને ૬ ઓક્ટોબરે સરદાર સરોવર ડેમ પાસે વ્યુપોઈન્ટ-૧ ખાતે નર્મદા જિલ્લામાં ગઈકાલે એસઓયુના સીઈઓ શ્રી ઉદિત અગ્રવાલ દ્વારા જગતજનની માં અંબાની છબી સમક્ષ માંડવડીમાં આરતી ઉતારી આ ગરબાની શરૂઆત કરવામાં આવી હતી, આ એકતા ગરબા મહોત્સવ જેની થીમ "રાષ્ટ્રીય એકતા માટે ગરબા" રાખવામાં આવી હતી. જેમાં સ્ટેચ્યુ ઓફ યુનિટીનાઅ કર્મયોગીઓએ એકતા નાઅ સંદેશ આપતા પ્લેકાર્ડ પ્રદર્શિત કર્યા હતા આ સાથે વિવિધ વિભાગોના અધિકારીઓ, સ્થાનિક પદાધિકારીઓ, યુવાનો, મહિલાઓ સહપરિવાર સાથે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને આરતીમાં જોડાયા હતાં. રાષ્ટ્રીય એકતા માટે એકતા ગરબાની થીમ પર ગરબા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સૌને માટે નિશુલ્ક ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડ દ્વારા ચુનંદા કલાકારો-ગાયકો, લાઈટ એન્ડ સાઉન્ડ સિસ્ટમ, મંડપ, માંડવડી તેમજ વિશાળ ચોકમાં સૌ ખેલૈયાઓ અને યુવાનો, મહિલાઓ, બાળકો, એસઓયુના કર્મચારીઓ તથા આસપાસ વિસ્તારના લોકો પણ મન મૂકીને ગરબે ઘુમ્યા હતા. ટેન્ટ સીટી-૨ ખાતેના ટ્રાયબલ કલાકારો પણ ગરબે પરંપરાગત વેશભૂષામાં ઘુમ્યા હતા. તેમને અલ્પાહાર અને મોબાઈલ ટોયલેટ, એમ્બ્યુલન્સ તેમજ ચા-નાસ્તાના સ્ટોલ જેવી તમામ સુવિધાઓ આ સ્થળ ઉપલબ્ધ કરવામાં આવી હતી.

**'યુવાનોમાં સાહસિક પ્રવૃત્તિઓ વધે તે માટે રાજ્ય સરકાર સતત કાર્યરત'। છેલ્લા ત્રણ વર્ષમાં હિમાલય પરિભ્રમણ અને શિખર આરોહણમાં રાજ્યના કુલ ૬૦ યુવાનોએ જોડાયા**

# માઉન્ટ આબુ - જૂનાગઢ ખાતે વર્ષ ૨૦૨૧થી ૨૦૨૪ દરમિયાન ૮,૬૫૦ યુવાનોને વિનામૂલ્યે વિવિધ સાહસિક પ્રવૃત્તિઓની તાલીમ અપાઈ

**યુવાનોમાં માનસિક આરોગ્યની સાથે-સાથે આત્મવિશ્વાસ, ટીમ વર્ક તેમજ ઝડપી લક્ષ્ય પ્રાપ્તિની ક્ષમતાને વિકસિત કરે છે આ સાહસિક પ્રવૃતિઓ**

। (પ્રવેશ ભંસાલી) જૂનાગઢ ।

રાજ્યના યુવક-યુવતીઓમાં જોવા મળતી સાહસિક પ્રવૃત્તિઓને વધુ વેગ આપવા ગુજરાત સરકાર સતત વિવિધ સ્વરૂપે પ્રેરક બળ પૂરું રહી છે. સાહસિક પ્રવૃત્તિઓ થકી યુવાનોમાં માનસિક આરોગ્યની સાથે-સાથે આત્મવિશ્વાસ તેમજ ટીમ વર્કની ક્ષમતા વિકસિત થાય છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વિકસિત ભારત જ૨૦૪૭ના સંકલ્પને સાકાર કરવા યુવાનોની ભૂમિકા પણ મહત્વની છે. આ સંકલ્પને સાકાર કરવા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને રમતગમત – યુવક સેવા રાજ્ય મંત્રી શ્રી હર્ષ સંઘવીના સબળ નેતૃત્વ હેઠળ અનેક યુવા લક્ષી પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવી રહ્યું છે, જેના પરિણામે માઉન્ટ આબુ - જૂનાગઢ ખાતે વર્ષ ૨૦૨૧થી ૨૦૨૪ દરમિયાન કુલ ૮,૬૫૦ યુવક- યુવતીઓને વિનામૂલ્યે વિવિધ સાહસિક પ્રવૃત્તિઓની તાલીમ અપાઈ છે.

રાજ્ય સરકારની યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી દ્વારા માઉન્ટ આબુ અને જૂનાગઢ ખાતે બેઝિક, એડવેન્ચર, એડ્વાન્સ, કોચિંગ કોર્સ તેમજ ઉત્તર ભારતમાં હિમાલય પરિભ્રમણ અને શિખર આરોહણ અભિયાન જેવા પર્વતારોહણ કોર્સનું વિનામૂલ્યે આયોજન કરવામાં આવે છે. યુવાનોને પ્રકૃતિ સાથે જોડવા, નિહાળવા અને પ્રકૃતિને જાળવી રાખવા હિમાલય, વન વિસ્તાર, સાગરકાંઠા, સાગરખેડૂ સાયકલ રેલી જેવા વિવિધ પરિભ્રમણ કેમ્પનું પણ આયોજન કરવામાં આવે છે. આ કોર્સમાં પ્રશિક્ષિત ઈન્સ્ટ્રકટર દ્વારા તાલીમ પણ આપવામાં આવે છે.

**પર્વતારોહણ કોર્સની છેલ્લાં ત્રણ વર્ષની સફળતા**

રાજ્યમાં પર્વતારોહણ કોર્સ માઉન્ટ આબુ અને જૂનાગઢ ખાતે યોજાય છે. વર્ષ ૨૦૨૧-૨૨ થી જૂન ૨૦૨૪ સુધીમાં બેઝીક, એડવેન્ચર અને એડ્વાન્સ કોચિંગ કોર્સમાં રાજ્યના કુલ ૮,૬૫૦ યુવક યુવતીઓને ૯૫૮ જેટલા પ્રશિક્ષિત ઈન્સ્ટ્રકટરો દ્વારા તાલીમ અપાઈ છે. માઉન્ટ આબુ ખાતે વર્ષ ૨૦૨૧-૨૨માં વિવિધ કોર્સમાં કુલ મળીને ૯૨૯ યુવાનોએ લાભ લીધો હતો જ્યારે, બેઝીક કોર્સમાં ૬૭૮ યુવાનો જોડાયા હતા. વર્ષ ૨૦૨૨-૨૩માં કુલ ૨,૨૫૫ યુવાનો જોડાયા જેમાં ૧,૪૫૦ યુવાનો બેઝીક કોર્સમાં જોડાયા હતા. જ્યારે, વર્ષ ૨૦૨૩-૨૪માં વિવિધ કોર્સનો કુલ ૧,૧૫૯ યુવાનોએ લાભ લીધો અને ચાલુ વર્ષમાં મે-૨૦૨૪ સુધીની સ્થિતિએ બેઝીક, એડ્વાન્સ અને કોચિંગ કોર્સમાં કુલ ૬૯૧ યુવાનોએ લાભ લીધો હતો.

આ ઉપરાંત જૂનાગઢમાં બેઝીક અને એડવેન્ચર કોર્સમાં વર્ષ ૨૦૨૧-૨૨માં ૧,૧૭૨ યુવાનો, વર્ષ ૨૦૨૨-૨૩માં ૧૪૫૦, વર્ષ ૨૦૨૩-૨૪માં ૫૯૪ તેમજ આ વર્ષે ૪૨૦ યુવાનોએ આ કોર્સનો લાભ લીધો છે. જેમાં છેલ્લા ત્રણ વર્ષમાં ૯૬૦ ઈન્સ્ટ્રકટરોએ તાલીમ આપી યુવાનોને વધુ સશકત બનાવવા મહત્વની ભૂમિકા ભજવી છે.

**હિમાલય પરિભ્રમણ અને શિખર આરોહણ અભિયાન**

રાજ્ય સરકાર દ્વારા માત્ર ગુજરાત જ નહિ પરંતુ રાજ્ય બહારના મહત્વના પર્વતો ખાતે પણ વિનામૂલ્યે પર્વતારોહણ કરાવવામાં આવે છે. જેમાં દર વર્ષે ૧૦ સાહસિકો હિમાલય પરિભ્રમણ અને ભારતના દુર્ગમ પર્વતો સર કરે તેનું આયોજન કરવામાં આવે છે. આ કોર્સમાં બેઝીક, એડ્વાન્સ અને કોચિંગ કરેલા યુવાનોની પસંદગી કરવામાં આવે છે. હિમાલય પરિભ્રમણનો છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્યના ૩૦ યુવાનોએ લાભ લીધો છે, જેમાં અંદાજે રૂ. ૧૨.૪૦ લાખનો ખર્ચ થયો છે. જ્યારે, છેલ્લા ત્રણ વર્ષમાં ૩૦ યુવાનોએ શિખર આરોહણ અંતર્ગત લદ્દાખ, માઉન્ટ ડાવા કાંગરી, મનીરાંગ જેવા મોટા શિખર સર કર્યા છે. જેમાં અંદાજે રૂ. ૨૫.૪૩ લાખ જેટલો ખર્ચ કરવામાં આવ્યો છે.

**ભારતના માઉન્ટ એવરેસ્ટ અને વિશ્વના દુર્ગમ પર્વતો સર કરનાર પર્વતારોહકને વિવિધ સહાય**

રાજ્યના પર્વતારોહકને માઉન્ટ એવરેસ્ટ અને વિશ્વના દુર્ગમ પર્વતો સર કરવા માટે રાજ્ય સરકાર દ્વારા સહાય ચૂકવાય છે. માઉન્ટ એવરેસ્ટ શિખર સર કરનારને મહત્તમ રૂ. ૧૫ લાખ અને વિશ્વના અન્ય શિખર પર ઉંચાઈ મુજબ રૂ. ૫૦ હજાર થી રૂ. ૧૦ લાખ સુધીની સહાય ચૂકવવામાં આવે છે. આ સહાય મેળવવા ઈન્ડિયન માઉન્ટેનીયરીંગ ફેડરેશન (IMF) સંસ્થામાંથી એડ્વાન્સ કોર્સ કરેલો હોવો ફરજિયાત છે તેમજ વય ૪૫ વર્ષથી ઓછી હોવી જોઈએ. ગત વર્ષે જ રાજ્ય સરકાર દ્વારા વડોદરાની નિશા કુમારીને માઉન્ટ એવરેસ્ટ સર કરવા માટે રૂ. ૧૫ લાખની સહાય RTGS દ્વારા ચૂકવાઈ આવી છે.

**ઝોન કક્ષાએ સાહસિક પ્રવૃત્તિઓ**

દર વર્ષે રાજ્યના ચાર ઝોનમાં વિદ્યાર્થીઓને પૂર, આગ, વાવાઝોડું જેવી કટોકટીની પરિસ્થિતિમાં પોતાનું અને બીજાનું રક્ષણ કરી શકે તેવા ઉમદા આશયથી ઝોન કક્ષા સાહસિક શિબિરનું આયોજન કરાય છે. આ શિબિરમાં ૧૫ થી ૪૫ વર્ષના વિદ્યાર્થીઓને સી.પી. આર. ટ્રેનીંગ, ખડક ચઢાણ, વન પરિભ્રમણ, આગ જેવા આકસ્મિક સમયે કેવી રીતે રક્ષણ કરવું અને તે વખતે કઈ બાબતોનું ધ્યાન રાખવું જેવા વિષયો ઉપર તાલીમ આપવામાં આવે છે. આ કેમ્પ પાંચ દિવસ માટે યોજાય છે, જેમાં NDRF, SDRF, ફાયર, ડિઝાસ્ટર મેનેજમેન્ટ ટીમના અંદાજે ૨૦ જેટલા ઈન્સ્ટ્રકટર દ્વારા તાલીમ આપવામાં આવે છે. તાજેતરમાં જ, રાજકોટ ખાતે ઝોન કક્ષાની શિબિરમાં ૧૫૦થી વધુ વિદ્યાર્થીઓને તાલીમ અપાઈ છે. જેમાં અંદાજે રૂ. પાંચ લાખ જેટલો ખર્ચ કરવામાં આવ્યો હતો. આગામી સમયમાં બનાસકાંઠા, સુરત અને ખેડા ખાતે પણ આ પ્રકારની શિબિર યોજવાનું આયોજન છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, રાજ્યમાંથી મોટા પ્રમાણમાં બાળકો અને વિદ્યાર્થીઓ સાહસિક બનવાની સાથે સાથે પ્રકૃતિનું જતન કરવા તરફ જાગૃત થાય તેવા ઉમદા આશયથી વર્ષ ૨૦૨૪-૨૫ના બજેટમાં પણ રૂ. ૫૦ લાખની જોગવાઈ કરવામાં આવી છે. જેના પરિણામ સ્વરૂપે રાજ્ય સરકાર દ્વારા આગામી સમયમાં નવસારી અને ડાંગ જિલ્લામાં નવી કેમ્પ સાઈટ-પર્વતારોહણ કેન્દ્ર બનાવવાનું આયોજન કરવામાં આવનાર છે, જેનો મહત્તમ લાભ સાહસિક પ્રવૃત્તિઓમાં જોડાવવા ઈચ્છતા યુવાનોને મળશે.

## પ.બંગાળમાં કોલસાની ખાણમાં મોટો વિસ્ફોટ થયો



। (એજન્સી) કોલકાતા, તા.૭ ।

પશ્ચિમ બંગાળના બીરભૂમ જિલ્લામાં કોલસાની ખાણમાં જોરદાર વિસ્ફોટ થતાં ૭ કામદારોના મોત થયા છે. વિસ્ફોટ કયા કારણોસર થયો તે અંગે હજુ સુધી કોઈ સ્પષ્ટ માહિતી પ્રાપ્ત થઈ નથી. સ્થાનિક વહીવટીતંત્ર અને ઈમરજન્સી સેવાઓ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને રાહત કામગીરી ચાલી રહી હતી. કાટમાળ નીચે ઘણા લોકો ફસાયા હોવાની આશંકા છે, જેના કારણે રાહત અને બચાવ કાર્યને પ્રાથમિકતા આપવામાં આવી રહી છે. આ ઘટના અંગે સ્થાનિક અધિકારીઓએ કહ્યું છે કે તેઓ સંભવિત કારણોની તપાસ કરી રહ્યા છે. ખાણમાં કામ કરી રહેલા કામદારોના પરિવારજનોને આ અકસ્માતની જાણ કરવામાં આવી છે. મળતી માહિતી મુજબ, સોમવારે બીરભૂમની વાદુલીયા કોલસાની ખાણમાં વિસ્ફોટ થયો હતો. આ ઘટનામાં ઓછામાં ઓછા સાત મજૂરોના મોત થયા હતા અને અન્ય ઘણા મજૂરો ઘાયલ થયા હતા. ઈજાગ્રસ્ત તમામ મજૂરોને તાત્કાલિક હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા અને તેમનો જીવ બચાવવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

### પયગંબર મોહમ્મદ પર ટિપ્પણી અંગે યોગીનું નિવેદન

# વિરોધના નામે અરાજકતા પણ સહન કરવામાં આવશે નહીં

## કોઈપણ જાતિ, મત, સંપ્રદાય કે ધર્મના ઇષ્ટદેવી દેવતા, મહાપુરુષો વિરુદ્ધ અપમાનજનક ટિપ્પણી અસ્વીકાર્ય છે

। (એજન્સી) લખનૌ, તા.૭ ।

ઉત્તર પ્રદેશમાં તહેવારોને ધ્યાનમાં રાખીને મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે વરિષ્ઠ અધિકારીઓ સાથે બેઠક કરી. આ બેઠકમાં સીએમએ જરૂરી માર્ગદર્શન આપ્યું. સીએમએ કહ્યું કે કોઈપણ જાતિ, મત, સંપ્રદાય કે ધર્મના ઈષ્ટદેવી દેવતા, મહાપુરુષો અથવા સાધુ સંતો વિરુદ્ધ અપમાનજનક ટિપ્પણી અસ્વીકાર્ય છે. જોકે સીએમએ એ પણ કહ્યું કે વિરોધના નામે અરાજકતા પણ સહન કરવામાં આવશે નહીં. તમામ મત, ધર્મ, સંપ્રદાયના લોકોએ એકબીજાનું સન્માન કરવું પડશે. મુખ્યમંત્રીએ કહ્યું કે મહાપુરુષો પ્રત્યે દરેક નાગરિકના મનમાં કૃતજ્ઞતાનો ભાવ હોવો જોઈએ, પરંતુ તેના માટે ફરજ પાડી શકાય નહીં. જબરદસ્તીથી કોઈના પર થોપી શકાય નહીં. તેમણે કહ્યું કે જો કોઈ વ્યક્તિ આસ્થા સાથે ચેડાં કરશે, તો તેને કાયદાના દાયરામાં લાવીને કડક સજા અપાવવામાં આવશે. સીએમએ કહ્યું કે વિરોધના નામે અરાજકતા સ્વીકાર્ય નથી. જો કોઈએ હિંમત કરી તો



કિંમત ચૂકવવી પડશે. કાયદાની વિરુદ્ધ કાર્ય કરનારાઓ સાથે કડકાઈથી નિપટો. તેમણે કહ્યું કે મહિલાઓ દીકરીઓની સુરક્ષા અને સુવિધા સુનિશ્ચિત થાય અને તમામ વિભાગો સાથે મળીને કામ કરે. સીએમએ પોલીસને નિર્દેશ આપ્યા કે ભીડભાડવાળા વિસ્તારોમાં ફૂટ પેટ્રોલિંગ અને PRV ૧૧૨ની પેટ્રોલિંગ વધારો. મુખ્યમંત્રીએ પોલીસ પ્રશાસનને નિર્દેશ આપ્યા કે શારદીય નવરાત્રિ, વિજયાદશમીનો તહેવાર પૂરા ઉત્સાહ, શાંતિ અને સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં સંપન્ન થાય. આ દરેક જિલ્લા દરેક પોલીસ સ્ટેશને સુનિશ્ચિત કરવું પડશે. માહોલ બગાડનારાઓને ઓળખીને કડક કાર્યવાહી કરો. કાયદાની વિરુદ્ધ કાર્ય કરનારાઓ સાથે કડકાઈથી નિપટો. મહિલા સુરક્ષા સુનિશ્ચિત કરવાના નિર્દેશ આપતા મુખ્યમંત્રીએ કહ્યું કે ભીડભાડવાળા વિસ્તારોમાં ફૂટ પેટ્રોલિંગ અને ઈફ ૧૧૨ની પેટ્રોલિંગ વધારવામાં આવે. તેમણે કહ્યું કે મહિલાઓ દીકરીઓની સુરક્ષા અને સુવિધા સુનિશ્ચિત થવી જોઈએ, આ માટે તમામ વિભાગોએ સાથે મળીને કામ કરવું જોઈએ. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે કથિત રીતે પયગંબર મોહમ્મદ વિરુદ્ધ વાંધાજનક ટિપ્પણી કર્યા બાદ કડક ચેતવણી આપી છે. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે કોઈ પણ ઘટના કે નિવેદનનો ઉલ્લેખ કર્યા વિના સોશિયલ મીડિયા સાઈટ X પર પ લેસ્ટ કર્યું છે. તેમણે લખ્યું છે કે કોઈપણ જાતિ, ધર્મ અથવા સંપ્રદાય સાથે જોડાયેલા દેવી-દેવતાઓ, મહાપુરુષો અને સંતો વિરુદ્ધ અપમાનજનક ટિપ્પણી અસ્વીકાર્ય છે, પરંતુ વિરોધના નામે અરાજકતા પણ સહન કરવામાં આવશે નહીં. જો કોઈ વ્યક્તિ વિશ્વાસ સાથે રમત કરશે તો તેને કાયદાના દાયરામાં લાવવામાં આવશે.


### માઈક્રો RNAની કરી હતી શોધ

# વિક્ટર એમ્બ્રોસ અને ગૈરી રુવકુનને મળ્યો મેડિસિનનો નોબેલ પુરસ્કાર

## બંને વૈજ્ઞાનિકોની શોધ જીવોના વિકાસ-કાર્ય કરવાની રીત માટે મૌલિક રીતે મહત્વપૂર્ણ સાબિત થઈ રહી છે

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૭ ।

આ પ્રતિષ્ઠિત પુરસ્કાર દર વર્ષે કેરોલિન્સ્કા ઈન્સ્ટિટ્યુટના ૫૦ પ્રોફેસરોની નોબેલ એસેમ્બલી દ્વારા આપવામાં આવે છે, જે મેડિસિનના ક્ષેત્રમાં નોંધપાત્ર યોગદાન આપનાર વૈજ્ઞાનિકોને માન્યતા આપે છે. ૨૦૨૪ માટે ફિઝિયોલોજી અથવા મેડિસિનનો નોબેલ પુરસ્કાર વિક્ટર એમ્બ્રોસ અને ગેરી રુવકુનને માઈક્રોઆરએનએની શોધ અને પોસ્ટ-ટ્રાન્સક્રિપ્શનલ જીન નિયમનમાં તેની ભૂમિકા માટે આપવામાં આવ્યો છે. વિક્ટર એમ્બ્રોસ અને ગેરી રુવકુન વિવિધ કોષ પ્રકારો કેવી રીતે બને છે તે વિશે જિજ્ઞાસુ હતા. તેમણે માઈક્રોઆરએનએ, નાના આરએનએ અણુઓની શોધ કરી જે જીન નિયમનમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. તેમની શોધે જીન નિયમનમાં એક નવી વિભાવના રજૂ કરી, જે હવે માનવ સહિતના બહુકોષીય જીવો માટે મહત્વપૂર્ણ માનવામાં આવે છે. માનવ જીનોમમાં હજારથી વધુ માઈક્રોઆરએનએ છે, જે વિકાસ અને કાર્ય માટે આવશ્યક છે. “આ વર્ષનો નોબેલ પુરસ્કાર કોષોમાં જીન પ્રવૃત્તિને નિયંત્રિત કરવા માટે વપરાતી એક મહત્વપૂર્ણ નિયમનકારી પદ્ધતિની શોધ પર ધ્યાન કેન્દ્રિત કરે છે. આનુવંશિક માહિતી ડીએનએથી મેસેન્જર આરએનએ




(mRNA) તરફ વહે છે, ટ્રાન્સક્રિપ્શન નામની પ્રક્રિયા દ્વારા, અને પછી પ્રોટીન ઉત્પાદન માટે કોષીય યંત્રણા તરફ mRNAs નું અનુવાદ થાય છે જેથી ડીએનએમાં સંગ્રહિત આનુવંશિક સૂચનાઓ અનુસાર પ્રોટીન બને,” એમ નોબેલ પુરસ્કાર પ્રકાશનમાં જણાવવામાં આવ્યું હતું. વિક્ટર એમ્બ્રોસનો જન્મ ૧૯૫૩માં હેનોવર, ન્યૂ હેમ્પશાયર, યુએસએમાં થયો હતો. તેમણે ૧૯૭૯માં મેસેચ્યુસેટ્સ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી (MIT)માંથી PhD કર્યું અને ૧૯૮૫ સુધી ત્યાં પોસ્ટડોક્ટરલ સંશોધક તરીકે ચાલુ રાખ્યું. ૧૯૮૫માં, તેઓ હાર્વર્ડ યુનિવર્સિટીમાં પ્રિન્સિપાલ ઈન્વેસ્ટિગેટર બન્યા. ૧૯૯૨થી ૨૦૦૭ સુધી, તેમણે ડાર્ટમાઉથ મેડિકલ સ્કૂલમાં પ્રોફેસર તરીકે સેવા આપી, અને હાલમાં તેઓ વૉર્સેસ્ટર, સ્છમાં યુનિવર્સિટી ઓફ મેસેચ્યુસેટ્સ મેડિકલ સ્કૂલમાં સિલ્વરમેન પ્રોફેસર ઓફ નેચરલ સાયન્સ છે. ગેરી રુવકુનનો જન્મ ૧૯૫૨માં બર્કલે, કેલિફોર્નિયા, યુએસએમાં થયો હતો.

### વાર્ષિક ટર્નઓવર ૮૦ હજાર કરોડ રૂપિયાનું રહેલું છે

# અમૂલની અમેરિકામાં સફળતા બાદ યુરોપના બજારમાં પ્રવેશવાની તૈયારી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૭ ।

અમૂલ દૂધ પીતા હૈ ઈન્ડિયાપઅમૂલ દૂધની જાહેરાતમાં આવતી આ લાઈન બધાએ વાંચી અને સાંભળી હશે. હવે માત્ર ભારત જ નહીં, પરંતુ સમગ્ર વિશ્વ અમૂલનું દૂધ પીશે. અમેરિકન બજારમાં સફળતા મળ્યા બાદ અમૂલનું દૂધ યુરોપ માં પણ વેચાવા લાગશે. આ માટેની તૈયારીઓ લગભગ પૂર્ણ થઈ ગઈ છે. આવી સ્થિતિમાં જો કોઈ યૂરોપિયન દેશોમાં ફરવા જશે તો ત્યાં પણ તે અમૂલ દૂધની મજા માણી શકશો. અમૂલ દૂધનું વાર્ષિક ટર્નઓવર ૮૦ હજાર કરોડ રૂપિયાનું છે અમૂલ દૂધ, તે માત્ર એક નામ નથી પરંતુ દેશના લગભગ દરેક ઘર સાથે જોડાયેલી લાગણી છે. આ વર્ષે માર્ચમાં અમૂલનું દૂધ અમેરિકામાં પણ ઉપલબ્ધ થવા લાગ્યું હતું. અમૂલ દૂધે દેશની બહાર પગ મૂક્યો હોય તેવો આ પ્રથમ પ્રસંગ હતો. અમૂલ બ્રાન્ડ ગુજરાત કોઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન લિમિટેડ નામની સહકારી સંસ્થાના સંચાલન હેઠળ ચાલે છે. આ એસોસિએશનના મેનેજિંગ ડિરેક્ટર જયેન મહેતાએ જણાવ્યું હતું કે, “અમૂલ દૂધ થોડા મહિના પહેલા અમેરિકામાં લોન્ચ કરવામાં આવ્યું હતું. ત્યાં લોકોને તે ખૂબ ગમ્યું. કંપનીનો આ પ્રયોગ સફળ રહ્યો. અમૂલ દૂધ હવે યુરોપિયન માર્કેટમાં પ્રવેશવા માટે તૈયાર છે.” મહેતાએ XLRI દ્વારા આયોજિત ૧૧મા ડૉ. વર્ગીસ કુરિયન મેમોરિયલ વ્યાખ્યાનમાં આ માહિતી આપી હતી. મહેતાએ કહ્યું કે, ભારત હવે વિશ્વમાં સૌથી વધુ દૂધ ઉત્પાદક દેશ છે. આ ઉપરાંત, તે આવનારા વર્ષોમાં વિશ્વના કુલ દૂધમાંથી ત્રીજા ભાગનું દૂધ ઉત્પાદન માટે તૈયાર છે.

# લાલુ પ્રસાદ યાદવ અને તેમના પુત્રોને મળ્યા જામીન

### આગામી સુનાવણી ૨૫મી ઓક્ટોબરે થશે : આ કેસમાં કોઈ યોગ્યતા નથી આ અમારી વિરુદ્ધ ષડયંત્ર : તેજસ્વી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૭ ।

લેન્ડ ફોર જોબ સ્કેમ મામલે આરજેડી સુપ્રીમો લાલુ પ્રસાદ યાદવ અને તેમના પરિવારને દિલ્હીની રાઉઝ એવેન્યુ કોર્ટે મોટી રાહત આપી છે. કોર્ટે આ મામલે લાલુ પ્રસાદ યાદવ અને તેમના પુત્રો તેજસ્વી યાદવ અને તેજપ્રતાપ યાદવને જામીન આપી દીધા છે. કોર્ટે તમામ આરોપીઓને ૧ લાખ રૂપિયાના બોન્ડ પર જામીન આપ્યા છે. આરોપીઓને જામીન આપતાં કોર્ટે કહ્યું કે તેમની ધરપકડ કર્યા વિના જ ચાર્જશીટ દાખલ કરવામાં આવી છે. તેથી કોર્ટે તમામને ૧ લાખ રૂપિયાના વ્યક્તિગત બોન્ડ પર જામીન આપી છે. સુનાવણી દરમિયાન EDએ કોર્ટને કહ્યું કે રાબડી દેવી, હેમા યાદવ અને મીસા યાદવને જામીન આપવા માટે અગાઉના આદેશની જેમ જ ડાયરેક્શન આપી શકાય છે. ત્યારબાદ કોર્ટે તમામ આરોપીઓને




તેમના પાસપોર્ટ કોર્ટમાં જમા કરાવવાનો નિર્દેશ આપ્યો હતો. હવે આ મામલે આગામી સુનાવણી ૨૫મી ઓક્ટોબરે થશે. લાલુ, તેજસ્વી, તેજપ્રતાપ સહિત તમામ ૯ આરોપીઓને એક-એક લાખ રૂપિયાના વ્યક્તિગત બોન્ડ પર રાઉઝ એવેન્યુ કોર્ટે જામીન આપ્યા છે. આરોપોઆરોપો ઘડવા પર ઊલટ તપાસ પહેલાં ચાર્જશીટ અને તેના સંબંધિત દસ્તાવેજોની તપાસ એટલે કે સ્ક્રૂટની કાયદાકીય પ્રક્રિયાનું પાલન કરવામાં આવશે. EDએ ચાર્જશીટમાં તેજ પ્રતાપ યાદવને આરોપી નથી બનાવ્યો પરંતુ કોર્ટે તેજ પ્રતાપ યાદવને સમન્સ જારી કરતા કહ્યું હતું કે તેજ પ્રતાપ યાદવ પણ લાલુ યાદવ પરિવારના સભ્ય છે અને મની લોન્ડરિંગમાં તેમની ભૂમિકાનો ઈનકાર ન કરી શકાય. કોર્ટે કહ્યું હતું કે મોટી સંખ્યામાં જમીન અને મિલકતોના ટુકડા ટ્રાન્સફર કરવામાં આવ્યા છે. યાદવ પરિવારે પોતાના પદનો દુરુપયોગ કર્યો છે. યાદવ પરિવારના નામે પ્લોટ ટ્રાન્સફર થયા છે. લાલુ, તેજસ્વી, તેજ પ્રતાપની સાથે મીસા ભારતી પણ છે. પરંતુ મીસા ભારતીને ED મામલે પહેલા જ સમન્સ જારી કરવામાં આવી ચૂક્યું છે અને તેને જામીન મળી ગયા છે. આજના સમન્સ હિસાબે મીસા ભારતીને હાજર થવાની જરૂર નહોતી. તેજસ્વી યાદવે લેન્ડ ફોર જોબ કેસમાં રાઉઝ એવેન્યુ કોર્ટમાંથી જામીન મળ્યા બાદ કહ્યું કે, આ રાજકીય પ્રતિશોધનો મામલો છે.

### પરિણીતાનો પતિ સાથે છૂટાછેડાનો કેસ ચાલતો હતો

# મકાનમાંથી પરિણીતાનો નગ્ન હાલતમાં મૃતદેહ મળી આવ્યો

। (એજન્સી) અંબાલા, તા.૭ ।

હરિયાણાના અંબાલા શહેરમાં એક મકાનમાંથી પરિણીતાનો નગ્ન હાલતમાં મૃતદેહ મળી આવ્યો હતો. પરિણીતાનો તેના પતિ સાથે છૂટાછેડાનો કેસ ચાલતો હતો. અંબાલા સિટીના પરશુરામ નગરની મંગલા કૉલોનીમાં ૨૯ વર્ષીય પરિણીતા મોનિકાનો મૃતદેહ રવિવારે મોડી રાત્રે તેના રૂમમાંથી નિર્વસ્ત્ર હાલતમાં મળી આવ્યો હતો. મૃતકના નાક અને મોઢામાંથી લોહી નીકળતું હતું. ગળા પર પણ નિશાન હતા. મૃતકની માતાનો આરોપ છે કે તેની પુત્રીની ગળું દબાવીને હત્યા કરવામાં આવી છે. ઘટનાની માહિતી મળતાં જ અંબાલા સિટી સેક્ટર-૯ પોલીસ સ્થળ પર પહોંચી હતી. ફિંગર પ્રિંટ એક્સપર્ટની ટીમે પણ સ્થળ પરથી પુરાવા એકત્ર કર્યા હતા. હાલ પોલીસે અજાણ્યા હત્યારા સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. ફોરેન્સિક એક્સપર્ટ પાસે પોસ્ટમોર્ટમ કરાવ્યા બાદ તેનો મૃતદેહ પરિવારજનોને સોંપી દેવામાં આવ્યો હતો. મહિલાનો તેના પતિ સાથે છૂટાછેડાનો કોર્ટ કેસ ચાલતો હતો. મૃતક મહિલાની માતાએ જણાવ્યું, તેમની ૨૯ વર્ષીય પુત્રી મોનિકાના લગ્ન ૨૦૧૫માં ઉત્તરાંચલના પોકરી ગામના રહેવાસી રાજેશ સાથે થયા હતા. પુત્રીએ કોર્ટ મેરેજ કર્યા હતા. લગ્ન જીવન દરમિયાને તે બે પુત્રોની માતા બની હતી.



નવી દિલ્હીમાં હૈદરાબાદ હાઉસ ખાતે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી માલદીવના રાષ્ટ્રપતિ ડો. મોહમ્મદ મુઈજ્જુને મળ્યા.

# ૭૫ વર્ષની ઉંમરે પણ હેમા માલિનીનું પાવરપેક પર્ફોર્મન્સ

। (એજન્સી) મથુરા,તા.૭ ।

શારદીય નવરાત્રી ઉત્સવ ચાલી રહ્યો છે અને તે દરમિયાન મથુરામાં સાંસદ હેમા માલિનીએ દુર્ગા નૃત્ય નાટિકા પર અદ્ભુત પર્ફોર્મન્સ આપ્યું હતું. પ્રખ્યાત અભિનેત્રી અને મથુરાના સાંસદ હેમા માલિનીએ મા દુર્ગાના અનેક અવતારોને સ્ટેજ પર જીવંત કર્યા. ૭૫ વર્ષની હેમા માલિનીએ પોતાના ડાન્સ અને એક્સપ્રેશનથી લોકોના દિલ જીતી લીધા હતા, ડાન્સ ડ્રામા ના સમગ્ર પરફોર્મન્સ દરમિયાન એવા ઘણા પ્રસંગો આવ્યા હતા જ્યારે માતાના રૂપમાં હેમા માલિનીના એક્સપ્રેશન જોઈને દર્શકો વિચારમાં પડી ગયા હતા. નવરાત્રિના અવસર પર, સાંસદ હેમા માલિનીએ રવિવારે ભગવાન કૃષ્ણના જન્મસ્થળ મથુરામાં નાટ્ય વિહાર કલા કેન્દ્ર, મુંબઈ વતી પંચજન્ય પ્રેક્ષાગ્રહમાં આ પ્રેઝન્ટેશન આપ્યું હતું. દુર્ગા નૃત્ય નાટક દુર્ગા સપ્તશતી પર આધારિત હતું. જેમાં હેમા માલિનીએ માતા સતી અને પાર્વતીના રૂપમાં અદ્ભુત પર્ફોર્મન્સ કર્યું હતું. આશ્ચર્યજનક વાત એ છે કે હેમા માલિનીએ ૭૫ વર્ષની ઉંમરે આ નૃત્ય નાટક રજૂ કર્યું હતું.

## પશ્ચિમ બંગાળના બીરભૂમ જિલ્લામાં કોલસાની ખાણમાં ભયાનક વિસ્ફોટ થયો



। (એજન્સી) કોલકાતા, તા.૭ ।

પશ્ચિમ બંગાળના બીરભૂમ જિલ્લામાં કોલસાની ખાણમાં જોરદાર વિસ્ફોટ થતાં ૭ શ્રમિકોના મૃત્યુ થયા છે. આ વિસ્ફોટ કયા કારણોસર થયો તે અંગે હજુ સુધી કોઈ સ્પષ્ટ માહિતી પ્રાપ્ત થઈ નથી. સ્થાનિક વહીવટીતંત્ર અને ઈમરજન્સી સેવાઓ ઘટનાસ્થળે પહોંચી ગઈ છે અને રાહત કામગીરી ચાલી રહી છે. અહેવાલો અનુસાર, કાટમાળ નીચે ઘણાં લોકો ફસાયા હોવાની આશંકા છે, જેના કારણે રાહત અને બચાવ કાર્યને પ્રાથમિકતા આપવામાં આવી રહી છે. આ ઘટના અંગે સ્થાનિક અધિકારીઓએ કહ્યું છે કે, ‘આ વિસ્ફોટ કેવી રીતે થયો તે અંગે તપાસ કરવામાં આવી રહી છે. ખાણમાં કામ કરી રહેલા કામદારોના પરિવારજનોને આ અકસ્માતની જાણ કરવામાં આવી છે.’ અહેવાલો અનુસાર ૭ ઓક્ટોબરના બીરભૂમના વાદુલિયા કોલસાની ખાણમાં વિસ્ફોટ થયો હતો. આ ઘટનામાં સાત શ્રમિકોના મૃત્યુ નિપજ્યા છે અને અનેક શ્રમિકો ઈજાગ્રસ્ત થયા છે. ઈજાગ્રસ્તોને સારવાર માટે તાત્કાલિક હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. માહિતી મળતાં જ પોલીસની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી અને વધુ તાપાસ હાથ ધરી છે.

# પાકિસ્તાનમાં એક છોકરીએ પરિવારના ૧૩ની હત્યા કરી

। (એજન્સી) કરાચી,તા.૭ ।

પાકિસ્તાન પોલીસે એક દિલધડક ઘટનાનો ખુલાસો કર્યો છે. પાકિસ્તાનના સિંધ પ્રાંતમાં પરિવારના ૧૩ સભ્યોની હત્યાના આરોપમાં એક યુવતીની ધરપકડ કરવામાં આવી છે. માહિતી આપતાં પોલીસે જણાવ્યું કે યુવતીનો પરિવાર તેની મરજી મુજબ તેની સાથે લગ્ન માટે તૈયાર નહોતો, જે આ ભયાનક ઘટનાનું કારણ બન્યું. પોલીસે જણાવ્યું કે આ હત્યા ૧૯ ઓગસ્ટના



રોજ ખૈરપુર નજીક હૈબત ખાન બ્રોહી ગામમાં થયા હતા. પોલીસે જણાવ્યું હતું કે છોકરી જ્યારે તેના પરિવારે તેને તેની પસંદગીના છોકરા સાથે લગ્ન કરવાની મંજૂરી ન આપી ત્યારે તે ગુસ્સે થઈ ગઈ હતી. પોલીસના જણાવ્યા અનુસાર, આ પછી યુવતીએ તેના પ્રેમી સાથે મળીને તેના માતા-પિતા સહિત પરિવારના સભ્યોને ઝેર આપવાનું કાવતરું ઘડ્યું હતું. ખૈરપુરના વરિષ્ઠ પોલીસ અધિકારી ઈનાયત શાહે કહ્યું, “ભોજન કર્યા પછી, તમામ ૧૩ સભ્યો બીમાર પડ્યા અને તેમને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા, જ્યાં તે બધાના મૃત્યુ થયા.” જ્યારે પોસ્ટમોર્ટમ કરવામાં આવ્યું ત્યારે ખબર પડી કે આ લોકોનું મૃત્યુ ઝેરી ખોરાકના કારણે થયું છે.

### લોકોએ હોબાળો કરતાં બે યુવક ભાગી ગયા હતા

# ટ્રેન ઉથલાવવા કાવતારખોરોએ ફિશ પ્લેટને જ ખોલી નાખી હતી

। (એજન્સી) બિકાનેર,તા.૭ ।

બિકાનેરના શહેરી વિસ્તારમાં રવિવારે ૬ ઓકટોબરના રોજ યુવાનો ચૌખુંટી ઓવરબ્રિજ નીચે રેલવે ટ્રેકની ફિશ પ્લેટ ખોલી રહ્યા હતા. લોકોએ હોબાળો કરતાં યુવક ત્યાંથી ભાગી ગયો હતો. આ અંગે રેલવે અધિકારીઓ અને SPFને જાણ કરવામાં આવી હતી. રાજસ્થાનમાં ૪૪ દિવસમાં આ ચોથી વખત ટ્રેનને પલટી નાખવાના ષડયંત્રનો મામલો બહાર આવ્યો છે. ફિશ પ્લેટ ખોલનાર છોકરાઓ મળ્યા નથી. રેલવેએ કોઈપણ ષડયંત્રનો ઈનકાર કર્યો છે. તેમણે આ ઘટનાને નજીકના નશાખોરોનું કામ ગણાવ્યું છે. સામાજીક સંસ્થાના રોહિતાશ્વર બિસ્સા સાંજે ૫ વાગ્યાના સુમારે ઓવરબ્રિજ નીચે પાટા ઓળંગીને બીજી તરફ જઈ રહ્યા હતા. ત્યારે રેલવે ટ્રેક પર બે યુવકો ફિશ પ્લેટ ખોલી રહ્યા હતા. જેને જોઈને રોહિતાશ્વર બિસ્સાએ જોરજોરથી અવાજ કરતા રેલવે ટ્રેક સાથે છેડછાડ કરનારા યુવકો ભાગી ગયા હતા. સ્થળ પર જોયું તો રેલવે ટ્રેકની જોઈન્ટ પ્લેટ એક બાજુથી ખુલી ગઈ હતી. માત્ર એક નટ ઢીલી કરવાની બાકી હતી. રેલવે અધિકારીઓ સાથે સંપર્ક ન થતાં વર્કશોપમાંથી કેટલાક લોકોને બોલાવી રેલવે ટ્રેકની ફિશ પ્લેટની નટ ટાઈટ કરવામાં આવી હતી. તેમણે પુરાવા તરીકે એક વીડિયો પણ બનાવ્યો હતો.

## તંત્રી લેખ...

# માલદીવ ક્યારેય એવું કંઈ કરશે નહીં જેનાથી ભારતની સુરક્ષાને નુકસાન થાય

માલદીવના રાષ્ટ્રપતિ મોહમ્મદ મુઈઝુ ભારતની ચાર દિવસીય મુલાકાતે દિલ્હી પહોંચી ગયા છે. ભારત પહોંચ્યા પછી તેમનો સ્વર બદલાઈ ગયો હોય તેવું લાગે છે. ચીનના સમર્થક મુઈઝુએ ભારત પ્રત્યે પોતાની વફાદારી બતાવીને ચીનને સંદેશ આપ્યો છે. તેમણે સ્પષ્ટ કર્યું છે કે માલદીવ ક્યારેય એવું કંઈ કરશે નહીં જેનાથી ભારતની સુરક્ષાને નુકસાન થાય. માલદીવ હાલમાં આર્થિક સંકટનો સામનો કરી રહ્યું છે. આ સંકટને દૂર કરવા માટે, રાષ્ટ્રપતિ મોહમ્મદ મુઈઝુ ભારત સાથે તેમના સંબંધો પુનઃસ્થાપિત કરવામાં વ્યસ્ત છે. આ જ કારણ છે કે ચીનના ગુણગાન ગાવા છતાં તે ભારતને પ્રાધાન્ય આપી રહ્યા છે. છેલ્લા કેટલાક મહિનામાં બંને દેશો વચ્ચેના સંબંધોમાં ખટાશ આવી ગઈ હતી. માલદીવે ભારતીય સૈનિકોને પાછા ફરવાનું કહ્યું હતું. આ સાથે જ માલદીવના મંત્રીઓએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી વિરુદ્ધ વાંધાજનક ટિપ્પણી કરી હતી. ગઈ કાલે રાષ્ટ્રપતિ મુઈઝુએ કહ્યું હતું કે ચીન સાથે માલદીવના સંબંધોથી ભારતની સુરક્ષાને કોઈ ખતરો નહીં હોય. એક અખબાર ટાઈમ્સ ઓફ ઈન્ડિયા સાથે વાત કરતા તેમણે કહ્યું, 'માલદીવ ક્યારેય એવું કંઈ કરશે નહીં જેનાથી ભારતની સુરક્ષાને નુકસાન થાય. ભારત માલદીવનું મૂલ્યવાન ભાગીદાર અને મિત્ર છે. અમારા સંબંધો પરસ્પર આદર અને સામાન્ય હિતો પર આધારિત છે. અમે તમામ ક્ષેત્રોમાં અન્ય દેશો સાથે અમારો સહયોગ વધારીએ છીએ અને અમે એ સુનિશ્ચિત કરવા માટે પ્રતિબદ્ધ છીએ કે અમારી ક્રિયાઓ અમારા ક્ષેત્રની સુરક્ષા અને સ્થિરતા સાથે ચેડા ન કરે. મુઈઝુને ભારતીય સૈનિકો પાછા ખેંચવા અંગે લેવામાં આવેલા નિર્ણય અંગે પણ સવાલ કરવામાં આવ્યો હતો, જેના પર તેણે કહ્યું કે સ્થાનિક પ્રાથમિકતાઓ પર વિચાર કરવો જોઈએ. તેમણે કહ્યું, 'માલદીવ અને ભારત હવે એકબીજાની પ્રાથમિકતાઓ અને ચિંતાઓને સારી રીતે સમજે છે. માલદીવના લોકોએ મને જે કરવાનું કહ્યું તે મેં કર્યું. તાજેતરના ફેરફારો ઘરેલું પ્રાથમિકતાઓને પ્રાથમિકતા આપવાના અમારા પ્રયત્નોને પ્રતિબિંબિત કરે છે. ભૂતકાળના કરારોની અમારી સમીક્ષાનો હેતુ એ સુનિશ્ચિત કરવાનો છે કે તે આપણા રાષ્ટ્રીય હિતો સાથે સુસંગત છે અને પ્રાદેશિક સ્થિરતામાં સકારાત્મક યોગદાન આપે છે. તેમણે કહ્યું કે ભારત અને માલદીવ વચ્ચેના સંબંધો મજબૂત રહ્યા છે અને તેમની મુલાકાતથી વધુ મજબૂત થશે. દેવું ચૂકવવામાં અસમર્થતાને કારણે માલદીવ નાદારીના તબક્કામાં પહોંચી ગયું છે. તેની વિદેશી મુદ્રા ભંડાર ઘટીને **$440** મિલિયન થઈ ગયો છે. મુઈઝુ ગયા વર્ષે તેમના "ઈન્ડિયા આઉટ" અભિયાનનો ધ્વજ ઊંચકીને સત્તામાં આવ્યા હતા. તાજેતરમાં જ તેઓ અમેરિકા ગયા હતા.

# કેન્દ્રીય આરોગ્ય મંત્રીએ WHOની દક્ષિણ પૂર્વ એશિયા ક્ષેત્રની પ્રાદેશિક સમિતિના ૭૭માં સત્રને સંબોધન કર્યું

ભારતની આરોગ્ય વ્યવસ્થા સાર્વત્રિક સ્વાસ્થ્ય કવચ હાંસલ કરવા "સંપૂર્ણ સરકાર" અને "સંપૂર્ણ સમાજ"ના અભિગમને અપનાવે છે, જેમાં પ્રાથમિક આરોગ્ય સંભાળ અને આવશ્યક સેવાઓને મજબૂત કરવા પર ભાર મૂકવામાં આવે છે: શ્રી જે પી નડ્ડા, કેન્દ્ર સરકારે વિશ્વની સૌથી મોટી જાહેર ભંડોળથી ચાલતી આરોગ્ય વીમા યોજના, આયુષ્યમાન ભારત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનાનો શુભારંભ કર્યો છે. આ પહેલમાં ૧૨૦ મિલિયનથી વધુ પરિવારોને આવરી લેવામાં આવ્યા છે, જે કુટુંબ દીઠ વાર્ષિક ૬,૦૦૦ ડોલરનો હોસ્પિટલાઈઝેશન લાભ પૂરો પાડે છે. એનસીડીના નિવારણ અને નિયંત્રણ માટેના ભારતના રાષ્ટ્રીય કાર્યક્રમથી ૭૫૩ એનસીડી ક્લિનિક્સ, ૩૫૬ ડે કેર સેન્ટર્સ અને ૬,૨૩૮ સામુદાયિક આરોગ્ય કેન્દ્રોની સ્થાપના કરવામાં આવી છે, જે પ્રારંભિક તબક્કે નિવારક પગલાં પર ધ્યાન કેન્દ્રિત કરશે. ભારત ડિજિટલ હેલ્થ ક્ષેત્રમાં દીવાદાંડી દેશ તરીકે, આયુષ્માન ભારત ડિજિટલ મિશન, ઈ-સંજીવની, આઈએચઆઈપી, સક્ષમ વગેરે જેવી તેની ડીપીઆઈ વહેંચવા માટે સજ્જ છે, જે ડબલ્યુએચઓ દ્વારા સંચાલિત નેટવર્ક ગ્લોબલ ઈનિશિયેટિવ ઓન ડિજિટલ હેલ્થ મારફતે ટેકનિકલ અને નાણાકીય સહાય પ્રદાન કરશે. "ભારતનું આરોગ્ય તંત્ર સાર્વત્રિક આરોગ્ય કવચ (યુએચસી) પ્રાપ્ત કરવા માટે "સમગ્ર સરકાર" અને "સમગ્ર સમાજ"ના અભિગમને અપનાવે છે, જેમાં પ્રાથમિક આરોગ્ય સંભાળ અને આવશ્યક સેવાઓને મજબૂત કરવા પર ભાર મૂકવામાં આવ્યો છે." કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી શ્રી જગત પ્રકાશ નડ્ડાએ આજે અહીં ડબ્લ્યુએચઓ દક્ષિણ પૂર્વ એશિયા ક્ષેત્ર **(SEARO)**ના ૭૭માં સત્રના ઉદ્‌ઘાટન સંબોધન દરમિયાન આ જાણકારી આપી હતી. પ્રાદેશિક સમિતિની બેઠકના પ્રારંભિક સત્રમાં પદાધિકારીઓની ચૂંટણી, "પ્રસ્તાવો અને નિર્ણયો માટે ડ્રાફ્ટ જૂથ"ની રચના, સત્રના સંચાલનને નિયંત્રિત કરવા માટે "વિશેષ પ્રક્રિયાઓ" અપનાવવા અને કામચલાઉ એજન્ડાને અપનાવવાનો સમાવેશ થાય છે. આ કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવોમાં વિશ્વ આરોગ્ય સંસ્થાનાં મુખ્ય મથકનાં શેફ ડી કેબિનેટ ડૉ. રઝિયા પેન્ડસે, ભૂતાનના આરોગ્ય મંત્રી શ્રી લ્યોન્પો ટંડિન વાંગચુક, માલદીવના સ્વાસ્થ્ય મંત્રી શ્રી અબ્દુલ્લા નાઝિમ ઈબ્રાહિમ, નેપાળના આરોગ્ય અને વસતિ મંત્રી શ્રી પ્રદિપ પૌડેલ,; તિમોર લેસ્ટેના આરોગ્ય મંત્રી ડો. એલિયા એન્ટોનિયો ડી અરાઉજો ડોસ રીસ અમરાલ, , બાંગ્લાદેશના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયના વરિષ્ઠ સચિવ શ્રી એમએ અકમાલ હુસૈન આઝાદ, ઈન્ડોનેશિયાના આરોગ્ય મંત્રાલયના જનરલ સેક્રેટરી શ્રી કુંટા વિબાવા દાસા નુગ્રહ, શ્રીલંકા આરોગ્ય મંત્રાલયના સચિવ ડૉ. પી.જી. મહિપાલા, પ્રજાસત્તાક ભારતમાં ડેમોક્રેટિક પીપલ્સ રિપબ્લિક ઓફ કોરિયાના રાજદૂત શ્રી ચોઈ હુઈ ચોલ અને થાઈલેન્ડના જાહેર આરોગ્ય મંત્રાલયના નાયબ કાયમી સચિવ ડૉ. વીરૌત ઈમસામરાન સહિતના મહાનુભવો ઉપસ્થિત રહ્યાં હતા. શ્રી નડ્ડાએ કહ્યું હતું કે, "તમામને સ્વાસ્થ્ય કવચ પ્રદાન કરવાની કટિબદ્ધતાને અનુરૂપ કેન્દ્ર સરકારે દુનિયાની સૌથી મોટી જાહેર ભંડોળથી ચાલતી સ્વાસ્થ્ય વીમા યોજના આયુષ્માન ભારત પ્રધાનમંત્રી, જન આરોગ્ય યોજના (એબી પીએમ -જેએવાય)નો શુભારંભ કર્યો છે. આ પહેલ ૧૨૦ મિલિયનથી વધુ પરિવારોને આવરી લે છે, જે કુટુંબ દીઠ વાર્ષિક ૬,૦૦૦ ડોલરનો હોસ્પિટલાઈઝેશન લાભ પૂરો પાડે છે." તેમણે પ્રકાશ પાડ્યો કે સરકારે તાજેતરમાં જ ૭૦ વર્ષ અને તેથી વધુ વયના તમામ નાગરિકો માટે આ યોજનાનો વિસ્તાર કર્યો છે.

**હે અંબિકા! તમે ખડ્ગ વડે પણ અમારું રક્ષણ કરો તથા ઘંટનાદ અને ધનુષ્ય ટંકારવથી પણ અમારું રક્ષણ કરો**

# સપ્ત સાધનામાં નવરાત્રીની છઠ્ઠને દિવસે સાધકનું મન આજ્ઞાચક્ર પર સ્થિર હોય છે



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**આપણે ત્યાં માતાજીનું સ્થાપન બાજોઠ પર કરવામાં આવે છે, અને એનો સ્થૂળ અર્થ સૌ કોઈ જાણે છે, પણ સુક્ષ્મ અર્થ જોઇએ તો, દરેકનું જીવન મુખ્યત્વે ચાર સ્તંભ પર ટેકવાયેલું હોય છે, એટલે કે ધર્મ, અર્થ, કામ, અને મોક્ષ, આ ચાર પાયાને જરૂરિયાત રૂપે બતાવાયા છે. ચારે ચાર પાયા પર જીવન સરખી રીતે ગોઠવાયેલું હોય તો જ સપાટી સમતલ રહે, કોઈપણ એક પાયો વધુ મજબૂત હોય તેવું આમાં ચાલી શકે નહીં.**

રૂડે ગરબે રમે છે માત અંબિકા રે... જાગો ગૌરી મૈયા તુમ જાગો ગૌરી મૈયા..બોલને માડી આજ શા શણગાર તારે સજવા... ચોખિલીયાળી ચૂંદડીમાં ગરબે રમવા આવો ને. પગલીનો પાડનાર દે ને રન્નાદે, ચાંદકી નો માંગનાર દે ને રન્નાદે... આજે આસો નવરાત્રીનો છઠ્ઠો દિવસ એટલે નવદુર્ગાનાં કાત્યાયની સ્વરૂપની પૂજા અર્ચનાનો દિવસ, દેવી સૌનાં મનોરથ પૂરા કરનારી છે. આ ઉપરાંત એવું કહેવામાં આવે છે કે છઠ્ઠને દિવસે સાધકનું મન આજ્ઞા ચક્ર પર સ્થિર થતું હોય છે. મહર્ષિ કાત્યાયન પોતાની સાધનાનાં પરિણામ સ્વરૂપે મા જગદંબા પોતાની પુત્રી તરીકે જન્મે એવું ઈચ્છતા હતાં, અને એટલે દુર્ગાનું આ સ્વરૂપ કાત્યાયની કહેવાયું. આજ્ઞા ચક્ર પર સ્થિર થયાં પછી સહસ્ત્રાધાર પર પહોંચવું સરળ પડે છે. એટલે કે મા દુર્ગાની સાધનાથી કુંડલીની જાગૃત થાય છે, એવી પણ વાત છે, કુંડલીની જાગૃત થવી એટલે એ તો જેની થઈ હોય તે કહી શકે, પરંતુ મુલાધાર ચક્રથી શરૂ કરીને સહસ્ત્રાધાર ચક્ર સુધી શક્તિના વલયોને ચલિત કરવાની એટલે કે ઉપર ઉઠાવવાની વાતને કુંડલીની જાગરણ કહે છે. એમાં દરેક ચક્રોનાં અલગ અલગ મંત્રો તેમજ અલગ રંગ પણ બતાવાયા છે, અને એના થકી છૂટી પડતી શક્તિ એ બહુ મોટી પ્રસિદ્ધિ અપાવે એવું કહેવાય છે, અને આપણે એક એક ચક્રનું સાત્વિક તાત્વિક ચિંતન ચૈત્રીમાં કર્યું હતું. આપણે ત્યાં માતાજીનું સ્થાપન બાજોઠ પર કરવામાં આવે છે, અને એનો સ્થૂળ અર્થ સૌ કોઈ જાણે છે, પણ સુક્ષ્મ અર્થ જોઈએ તો, દરેકનું જીવન મુખ્યત્વે ચાર સ્તંભ પર ટેકવાયેલું હોય છે, એટલે કે ધર્મ, અર્થ, કામ, અને મોક્ષ, આ ચાર પાયાને જરૂરિયાત રૂપે બતાવાયા છે. ચારે ચાર પાયા પર જીવન સરખી રીતે ગોઠવાયેલું હોય તો જ સપાટી સમતલ રહે. કોઈપણ એક પાયો વધુ મજબૂત હોય તેવું આમાં ચાલી શકે નહીં, પણ એ સમસ્યા નથી, આ આપણી સહજતા છે, અને ઈશ્વર પણ તેને કબૂલી લે છે. તો પછી આ અસંતુલનનું કારણ શું છે? ચારે ચાર પાયાની મજબુતી બની રહે એ વિશે જીવ વિચારતો નથી, અને કોઈ એક પાયો મજબૂત કરવા માટે થઈને જીવતો જોવા મળે છે, એટલે જીવન બાજોઠ પર સ્થાપિત મા શક્તિની મૂર્તિ અસંતુલિત થાય છે.

**શક્રાદય સ્તુતિ**
**કેનોપમા ભવતુતેડસ્ય પરાક્રમસ્ય**
**રૂપં ચ શત્રુભયકાર્યતિહારિ કુત્ર**
**ચિત્તેકૃપા સમરનિષ્ઠુરતા ચ દૃષ્ટા**
**ત્વય્યેવ દેવિ વરદેભુવનત્રયેડપિ**

હે વરદાયિની દેવી! તમારા પરાક્રમની તુલના કોની સાથે થઈ શકે? તથા શત્રુઓને ભય પમાડનારું તેમજ અત્યંત મનોહર એવું આ રૂપ તમારા સિવાય અન્યત્ર છે પણ કયાં?હદયમાં દયા અને યુદ્ધમાં



નિષ્ઠુરતા આ બંને બાબત ત્રણે લોકમાં કેવળ તમારામાં જ જોવા મળે છે.(૨૧)

**ત્રૈલોક્યમેતદખિલં રિપુનાશનેન**
**ત્રાતં ત્વયા સમરમૂર્ધનિ તેડપિ હત્વા**
**નીતા દિવં રિપુગણા**
ભયમપ્યપાસ્તમસ્માકમુન્મદસુરારિભવં નમસ્તે

હે મા! તમે શત્રુઓનો નાશ કરીને આ સમસ્ત જગતનું રક્ષણ કર્યું છે;આ શત્રુઓને પણ યુદ્ધભૂમિમાં હણીને સ્વર્ગલોકમાં પહોંચાડયા છે તથા ઉન્મત્ત દૈત્યો તરફથી પ્રાપ્ત થતા અમારા ભયને પણ દૂર કરી દીધો છે. તમને અમારા નમસ્કાર છે. (૨૨)

**શૂલેન પાહિ નો દેવિ પાહિ ખડ્ગેન ચામ્બિકે**
**ઘણ્ટાસ્વનેન નઃ પાહિ ચાપજ્યાનિઃસ્વનેન ચ**

હે દેવી! તમે શૂળ વડે મારું રક્ષણ કરો.હે અંબિકા!તમે ખડ્ગ વડે પણ અમારું રક્ષણ કરો તથા ઘંટનાદ અને ધનુષ્ય ટંકારવથી પણ અમારું રક્ષણ કરો.

**પ્રાચ્યાં રક્ષ પ્રતીચ્યાં ચ ચણ્ડિકેરક્ષ દક્ષિણે**
**ભ્રામણેનાત્મશૂલસ્ય ઉત્તરસ્યાં તથેશ્વરિ**

હે ચંડિકા! પૂર્વ, પશ્ચિમ અને દક્ષિણ દિશામાં તમે અમારું રક્ષણ કરો અને પોતાનું ત્રિશૂળ ઘુમાવીને તમે ઉત્તર દિશામાં પણ અમારું રક્ષણ કરો. (૨૪)

ઈન્દ્ર આદિ દેવતાઓ તથા ઋષિઓ માતા ભગવતી જગદંબા ને પોતાના રક્ષણ માટે પ્રાર્થના કરે છે, અને અસ્ત્રો શસ્ત્રો થકી ભય પમાડતા શત્રુઓથી અમારી રક્ષા કરો! મા ભગવતી જગદંબાએ કયા પ્રકારના શસ્ત્રો ધારણ કર્યા છે, એનું વર્ણન પણ સ્તુતિમાં કરવામાં આવ્યું છે. પરંતુ આપણને માતાનું સૌમ્ય સ્વરૂપ વધુ રુચિકર લાગે. છેલ્લાં શ્લોકમાં મા ભગવતી ઈન્દ્ર આદિ દેવતાઓ તથા ઋષિઓનાનાં તપથી પ્રસન્ન થઈને વરદાન માંગવા કહે છે. પરંતુ આપણે રહ્યાં સંસારી, ઉપરથી ભોગી! એટલે બહુ કઠિન સાધના આપણાથી થાય નહીં, તો શું આપણને વરદાન ન મળે? શું માતાના મુખમંડલનાં દર્શન દુર્લભ છે? ભોળા હદયથી માતાને પોકારવાથી એ સાંભળે જ છે, અને ન કેમ સાંભળે! મા છે આપણી! આજ સુધીની આપણી સમસ્યાઓ હલ થયો છે, એટલે એ સાંભળે છે એ વાત પાક્કી!; શક્તિની ઉપાસના કરવાથી શક્તિ જ પ્રાપ્ત થાય એ સીધી વાત છે. પરંતુ ઘણીવાર બહુ આસાનીથી પ્રાપ્ત થતી શક્તિની કિંમત નથી હોતી, અને અઘરી અઘરી તપશ્ચર્યામાં માનવી આખી જિંદગી અટવાતો રહે છે. આપણે પણ આ નવરાત્રીમાં શક્રાદય સ્તુતિ દ્વારા મા જગતજનની જગદંબાને પ્રસન્ન કરવા કોશિશ કરી રહ્યા છીએ. આ સ્તુતિ થઇ ત્યારે કાળની ગણના કદાચ સતયુગ ચાલતો હશે અને ત્યારે પરમ શક્તિ દેવ,દાનવો, માનવો સાથે સહજતાથી આમને સામને ઉભા રહીને વાત કરતા હશે, અને જેવું જેનું કર્મ એ રીતે માતાના મુખમંડલનાં તેને દર્શન થતાં હશે! પરંતુ કાલચક્રની ગતિ પ્રમાણે અત્યારે ઘણો લાંબો ગાળો ચાલ્યો ગયો છે, અને છતાં આ સ્તુતિઓ આપણને અત્યંત પ્રિય છે, અને હજી પણ વિશ્વાસ છે કે, આજે આ સ્તુતિથી પોકારવાથી એ જરૂર આવશે, અને આપણી વાત સાંભળશે. શક્રાદય આદિ સ્તુતિઓ ભક્તિમય વાતાવરણ ઊભું કરવા માટે કારણ ભૂત છે. આપણે પાંચ દિવસથી એનો ભાવાનુવાદ કરીએ છીએ અને આપણે જોઈએ છીએ કે એ શબ્દોમાં કોઈ એવી વિશેષતા નથી. દેવતાઓ દેવીને પોતાની રક્ષા કરવા કહે છે, અને એના રૂપ સ્વરૂપની પ્રશંસાના શબ્દો છે, એનાથી વધુ કોઈ મોટી વાત આમાં દેખાતી નથી. એટલે સ્તુતિ ગમવાનો પૂરેપૂરો શ્રેય સંસ્કૃત ભાષાને જાય છે, એમ કહી શકાય. અથવા તો ભાષા જેમ જે સુસંસ્કૃત છે, એ જ આ સ્તુતિનો હકદાર છે, અને આ ધન્યતાનો અધિકારી છે, એમ પણ કહી શકાય, કારણ કે બધા આ સ્તુતિનું ગાન કરી શકતા નથી. એટલે જો ગાઈ શકતા હોઈએ, તો દેવ દેવી કે ઋષિનું સીધું પ્રમોશન મળી જાય.

સંસારી માનવીની સાધના પણ શું હોય?; પરંતુ અમુક લોકો હજી આજે પણ એવી ઈચ્છા રાખે છે, કે એ ઈશ્વર પાસેથી એવી શક્તિ પ્રાપ્ત કરી લે કે, જેના થકી તે આ સંસાર પર રાજ કરી શકે, સૌને પોતાના વશમાં કરી અને પોતે ઈચ્છે એમ કરાવે. મોટેભાગે તંત્ર સાધના આ પ્રકારના ઈરાદાથી કરવામાં આવે છે,અને અન્ય જીવને પોતાના વશમાં કરવા માટે સતત કોઈને કોઈ સિદ્ધિનો ઉપયોગ કરતા જોવા મળે, જેને આપણે તળપદી ભાષામાં "મેલી રમત" કહેવાય. પણ આજકાલ તંત્ર કરતાં પણ માનવી યંત્રવત્ થતો જાય છે એ, બહુ મોટી ગંભીર બાબત છે! અને એનું કારણ માત્ર એક જ છે, પ્રેમનો અભાવ! પ્રેમ, હુંફ, લાગણી, એ હવે માત્ર વ્યવહારમાં વપરાતા શબ્દો બની રહી ગયા છે, એ ખરેખર ચિંતાજનક છે, અને એમાંથી ઉગરવા મા ને શરણે જઈએ. જય અંબે.

**મા કાત્યાયની ચાર ભુજાધારી છે, જમણી તરફની બે ભુજાઓ પૈકી ઉપરની ભુજા દ્વારા માતા ભયથી મુક્તિ અપાવનારા આશિર્વાદ આપે છે**

# સુખ પણ ઘી જેવું છે જે માણસ ખાય છે પણ પચવામાં અસમર્થ છે, તેવી જ રીતે, દુઃખની ક્ષણોમાં ધીરજ રાખવી દરેકના હાથમાં નથી



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

**આજે આઠમી ઓક્ટોબરે નવરાત્રિના છઠ્ઠા નોરતામાં નવદુર્ગાના કાત્યાયની સ્વરૂપનું પૂજન-અર્ચન થાય છે, આ દિવસે સાધકનું મન 'આજ્ઞા ચક્ર'માં સ્થિત હોય છે, શાસ્ત્રો અનુસાર આજે મા કાત્યાયનીની પૂજા કરવાનો નિયમ છે, હિન્દુ માન્યતાઓ અનુસાર, મા કાત્યાયનીની કૃપાથી, ભક્તોના તમામ શુભ કાર્યો પૂર્ણ થાય છે.**

સુખ વ્યક્તિના અહંકારની પરીક્ષા કરે છે અને દુઃખ વ્યક્તિની ધીરજ ની કસોટી કરે છે. બંને પરીક્ષાઓ પાસ કરનાર વ્યક્તિનું જીવન સફળ જીવન કહેવાય છે. જીવનનો એક સાદો નિયમ છે અને તે એ છે કે જ્યારે સુખ આવે છે ત્યારે તેની સાથે અહંકાર પણ આવે છે. રાવણ હોય, કંસ હોય કે દુર્યોધન હોય કે કૌરવો હોય, તેમના જીવનમાં એક જ વાર્તા છે અને તે એ છે કે તેમના જીવનમાં જેટલી ખુશીઓ અને વૈભવો આવ્યા, તેમનું ગૌરવ પણ વધ્યું. રામચરિત માનસજીમાં સાચું જ કહ્યું છે કે આ દુનિયામાં કોઈ જન્મતું નથી. વર્ચસ્વ મેળવવામાં આનંદ નથી. સુખ પણ ઘી જેવું છે જે માણસ ખાય છે પણ પચવામાં અસમર્થ છે. તેવી જ રીતે, દુઃખની ક્ષણોમાં ધીરજ રાખવી દરેકના હાથમાં નથી. મહાન માસ્ટરોએ તેમની ધીરજને દુઃખમાં તૂટતા જોયા છે. દુઃખના વહેણમાં વરસાદી નદીના વહેણમાં નદી પર બાંધેલા બંધની જેમ ધીરજનો બંધ તૂટી જાય છે. જે સુખની ક્ષણોમાં અહંકારને જીતી લે છે અને દુઃખની ક્ષણોમાં ધીરજ જાળવી રાખે છે તે જ જીવનના આ મહાન યુદ્ધમાં સાચા અર્થમાં સફળ યોદ્ધા છે. માત્ર દુઃખ જ નહીં પણ સુખ સહન કરવું એ જીવનની એક મહાન કળા છે. શારદીય નવરાત્રિઃ આજે આઠમી ઓક્ટોબરે નવરાત્રિના છઠ્ઠા નોરતામાં નવદુર્ગાના કાત્યાયની સ્વરૂપનું પૂજન -અર્ચન થાય છે. આ દિવસે સાધકનું મન 'આજ્ઞા ચક'માં સ્થિત હોય છે. શાસ્ત્રો અનુસાર આજે મા કાત્યાયનીની પૂજા કરવાનો નિયમ છે. હિન્દુ માન્યતાઓ અનુસાર, મા કાત્યાયનીની કૃપાથી, ભક્તોના તમામ શુભ કાર્યો પૂર્ણ થાય છે. જાણો માતા ના જન્મ પાછળની કથા કાત્યાય નીએ મા પાર્વતીનું જ બીજું નામ છે. ઉમા, કાત્યાયની, ગૌરી, કાળી,



શાકંભરી, હેમાવતી, ઈશ્વરી વગેરે નામો પણ એમના જ છે. પરમેશ્વરના નૈસર્ગિક ક્રોધમાંથી ઉત્પન્ન થયેલા મા કાત્યાયનીએ સિંહ પર સવાર થઈને મહિષાસુર નો વધ કરેલો. ઈસવીસન પૂર્વે બીજી શતાબ્દીમાં લખાયેલ મહાભાશ્યમાં પણ કાત્યાયની દેવીનો ઉલ્લેખ છે. બુદ્ધ અને જૈન ગ્રંથોમાં પણ એમનો ઉલ્લેખ છે. મા કાત્યાયની ચાર ભુજાધારી છે. જમણી તરફની બે ભુજાઓ પૈકી ઉપરની ભુજા દ્વારા માતા ભયથી મુક્તિ અપાવનારા આશિર્વાદ આપે છે. જ્યારે નીચેની ભુજા દ્વારા સાધકને વરદાન આપે છે. ડાબી બાજુએ ઉપરની ભુજામાં દુષ્ટોના વધ માટે તલવાર ધારણ કરી છેજ્યારે નીચેની ભુજામાં કમળનું પુષ્પ ધારણ કર્યું છે. મા પર સવાર છે. પૌરાણિક કાળમાં કત નામના એક મહર્ષિ હતા. એમના પુત્ર એટલે ઋષિ કાત્ય. એમના જ ગોત્રમાં વિશ્વપ્રસિદ્ધ મહર્ષિ કાત્યાયન જન્મ્યા. મહર્ષિ કાત્યાયને અનેક વર્ષો સુધી મા ભગવતી પરામ્બાની અતિ કઠિન ઉપાસના કરી. એમની ઈચ્છા હતી કે સાક્ષાત મા ભગવતી એમના ઘરે પુત્રી બનીને અવતાર લે. કઠિન તપસ્યાથી પ્રસન્ન થયેલા મા ભગવતીએ મહર્ષિ કાત્યાયનની ઈચ્છા પૂર્ણ કરવા માટે એમના ઘરે પુત્રી બનીને જન્મ લીધો. જ્યારે પૃથ્વી ઉપર દાનવ મહિષા સુરનો અત્યાચાર વધી ગયો. એ સમયે બ્રહ્મા,વિષ્ણુ અને મહેશ દ્વારા પોતાના તેજનો અંશ આપીને એક દેવી ઉત્પન્ન કરવામાં આવ્યા. એવું કહેવાય છે કે આ એ જ દેવી હતા, જેમણે મહર્ષિ કાત્યાયનને ત્યાં જે પુત્રી જન્મ લીધેલો. આ દેવીની સર્વ પ્રથમ પૂજા મહર્ષિ કાત્યાયને કરી. આથીએ કાત્યાયની દેવી કહેવાયા આ કાત્યાયની દેવીએ મહિષાસુરનો વધ કર્યો હતો. તેથી જ માતા કાત્યાયનીને મહિષાસુર મર્દિની પણ કહેવામાં આવે છે. આ સિવાય માતારાણીને રાક્ષસો અને દાનવોનો નાશ કરનાર દેવી કહેવામાં આવે છે. પૌરાણિક કથા ઓ અનુસાર, મા કાત્યાયનીની પૂજા ભગવાન રામ અને શ્રી કૃષ્ણ દ્વારા પણ કરવામાં આવી હતી. એવું કહેવાય છે કે ગોપીઓએ ભગવાન શ્રીકૃષ્ણને તેમના પતિ તરીકે મેળવવા માટે દેવી દુર્ગાના આ સ્વરૂપની પૂજા કરી હતી. બ્રહ્માંડમાં ધર્મ જાળવવા માટે મા દુર્ગાએ આ અવતાર લીધો હતો. નવરાત્રીના પવિત્ર તહેવારમાં આજે નવરાત્રીનું છઠ્ઠું નોરતું છે. આજે મા કાત્યાયનીની પૂજા આરાધના કરવામાં આવે છે. જે ભક્તની મનોકામના પૂર્ણ કરે છે. કહેવાય છે કે,કત નામના એક પ્રસિધ્ધ મહર્ષિ હતા. એમના પુત્ર ઋષિ કાત્ય હતા. એમના જ ગોત્ર માં વિશ્વપ્રસિધ્ધ મહર્ષિ કાત્યાયન જન્મ્યા હતા. તેમણે ભગવતીની ઉપાસના કરતાં ઘણા વર્ષો સુધી કઠીન તપ કર્યું હતું. એમની ઈચ્છા થી માં ભગવતી એમના ઘરે પુત્રી ના રૂપમાં જન્મ્યા હતા. માં ભગવતીએ એમની પ્રાર્થના સ્વીકારી જન્મ લીધો હતો. એમનું નામ કાત્યાયની રાખવામાં આવ્યું હતું. માં પોતાના ભક્તોને ક્યારેય નિરાશ કરતા નથી. માં કાત્યાયનીનું આ રૂપ ઘણું જ સરસ, સૌમ્ય અને મોહત છે. નવરાત્રીના આ દિવસે મા ભગવતીની સાચા મન થી પૂજા કરવામાં આવે તો અચૂક ફળ મળે છે. ઘટ સ્થાપન કરી માતાની ઉપાસના કરવામાં આવે તો મા એમનો ખોળો ભરી દે છે. વાચક ચાહક મિત્રો આપણે નવરાત્રિમાં કેટલાક વિવાદી નિવેદનો વચ્ચે ગુણગાન કરી મહત્ત્વ સમજવા પ્રયત્ન કરીએ છીએ. નવરાત્રિએ શક્તિ આરાધના ઉપાસના તપનું પર્વ છે. તેને કોઇ રીતે વિવાદનું સ્વરૂપના બનાવવું જોઈએ. ધર્મ ગ્રંથો કે જ્ઞાની પુરુષની ટકોર સમજવાની જરૂર છે. મર્યાદા સંસ્કૃતિની સાચી ઓળખ છે. વસ્ત્રો કે અંગ પ્રદર્શન કે મોટામોટા ભપકાકરીટિકિટઆબધુંમર્યાદાબહારનું છે જે બાબતે દરેક સમાજે ચિંતન મનન કરવું જોઈએ. શક્તિ પૂજા અર્ચનાની કોઈને ટીકા કરવાનો અધિકાર નથી. બહેનો માતાઓએ પણ સમજવાની જરૂર છે. પુરૂષ પ્રધાન સમાજમાં સ્ત્રીઓને સન્માન મળવું જોઈએ પણ શક્તિ પૂજામાં આ શક્તિ સ્વરૂપાઓએ પણ સમજવાની કોશિશ કરી તેની શરૂઆત આપણા પોતાના ઘરથી જ કરવી જોઈએ.તો જ શક્તિ ખુશ થશે અને સુખ સમૃદ્ધિ શાંતિની રેલમછેલ બની રહેશે. ક્ષ્બસ આજે અહીં અટકીએ સૌનું કલ્યાણ થાઓ.

### નવા મ્યુઝિક વીડિયોની જાહેરાત

# હાર્દિકથી અલગ થયા બાદ નતાસા સ્ટેનકોવિક કામ પર પરત ફરી

## નતાશાએ ૧૮ જુલાઈ ૨૦૨૪ના ક્રિકેટર હાર્દિક પંડ્યા ૪ વર્ષ બાદ અલગ થવાની જાહેરાત કરી હતી




નતાશાએ ૧૮ જુલાઈ ૨૦૨૪ના ક્રિકેટર હાર્દિક પંડ્યા ૪ વર્ષ બાદ અલગ થવાની જાહેરાત કરી હતી. નતાશા હાર્દિક પંડ્યાથી દુર થયા બાદ નતાશાનો એક મ્યુઝિક વીડિયો સામે આવ્યો છે. નતાશા સ્ટેનકોવિક કામ પર પરત ફરી ચુકી છે. તેમણે સિંગર પ્રીત ઈન્દર સાથે પોતાનો પહેલો પ્રોજેક્ટ તેરે કેરકેની જાહેરાત કરી છે. આ જાહેરાત તેના પૂર્વ પતિ અને ક્રિકેટર હાર્દિક પંડ્યાથી અલગ થયા બાદ કરી છે. સાર્બિયાની આ મેડલનો પોતાના નવા મ્યુઝિક વીડિયોનો લુક સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે. નતાશાએ ઈન્સ્ટાગ્રામ પર શેર કર્યો છે. આ વીડિયો શેર કરતા તેમણે કેપ્શનમાં લખ્યું #TereKrkeની ધુન પર નાચવા માટે તૈયાર થઈ જાવ. આ મ્યુઝિક વીડિયો યુટ્યુબ ચેનલ પર રિલીઝ કરવામાં આવશે.નતાશાની આ પોસ્ટ પર ચાહકો ખુબ પસંદ કરી રહ્યા છે. હાર્દિકના મોટા ભાઈ કુણાલ પંડ્યા પણ રિએક્ટ કર્યુ છે. કોમેન્ટમાં દિલની ઈમોજી પોસ્ટ કરી છે. નતાશા હવે પોતાના કામ પર ધ્યાન આપી રહી છે અને ચાહકો તેને ફરીથી સ્ક્રિન પર જોવા માટે તૈયાર છે. એક યુઝરે લખ્યું મા માતૃત્વ, કોઈએ લખ્યુ મજબુત મહિલા. તમને ઈન્ડસ્ટ્રીમાં જોઈ ખુશી છીએ. નતાશા અને હાર્દિકે લગ્નના ૪ વર્ષ બાદ આ સંબંધોને પૂર્ણ કરવાની જાહેરાત કરી હતી. તમને જણાવી દઈએ કે, બંન્ને પોતાની મરજીથી અલગ થઈ રહ્યા છે. તેમજ બંન્ને સાથે મળીને દિકરા આગસ્ત્યની પરવરિશ કરી રહ્યા છે. તમને જણાવી દઈએ કે, નતાશા સ્ટેનકોવિકની ક્લિપ શૂટિંગ સેટની છે. જેમાં અભિનેત્રી અલગ અલગ ડ્રેસમાં ડાન્સ રિહર્સલ કરતી જોવા મળી રહી છે. વીડિયોમાં નતાશા બીટ પર શાનદાર ડાન્સ કરી રહી છે.જેને જોઈ ચાહકો પણ ખુબ ખુશ જોવા મળી રહ્યા છે. બંન્ને હજુ આ વાતને લઈ ખુલાસો જાહેર કર્યો નથી. બોલિવુડ અભિનેત્રી નતાશા સ્ટેનકોવિક અને હાર્દિક પંડ્યા અલગ થઈ સમય પસાર કરી રહ્યા છે. બંન્ને કોઈના કોઈ વાતથી લાઈમલાઈટમાં આવતા હોય છે. હાર્દિક પંડ્યા હાલમાં તેના દિકરા અગસ્તય સાથે સમય પસાર કરતા જોવા મળ્યો હતો.

# નવરાત્રિમાં અભિનેત્રી અનન્યા પાંડેથી ઇન્સ્પાયર્ડ ઝટપટ સ્ટાઇલ હોટ ફેવરિટ

## પ્લેઇન ટોપ અને સ્કર્ટને હેવી એક્સેસેરીઝથી આપો ફ્યુઝન લૂક

નવરાત્રિમાં દરેક છોકરીને આજે કયા ચણિયાચોળીને કઈ રીતે પહેરવા અને તેમાં નવો લૂક કઈ રીતે મેળવવો એ સમસ્યા દરરોજ સતાવે છે, ત્યારે કેટલીક ક્વિક સ્ટાઈલ અને કોમ્બિનેશનની ટીપ્સ અનન્યા પાસેથી મેળવી શકાય છે. તાજેતરમાં જ અનન્યા પાંડેએ એક સિમ્પલ, પણ દરેક છોકરીને ગમે તેવી ફ્યુઝન સ્ટાઈલમાં ફોટો શેર કર્યા હતા, જે નવરાત્રિ ૨૦૨૪ માટે ઉપયોગી થઈ શકે છે. સાથે તમે ઈન્ડો વેસ્ટર્ન કે ફ્યુઝન થીમ માટે અપસાઈકલ ફેશન સાથે પણ પર્ફેક્ટ લૂક મેળવી શકો છો. તેણે ગ્રીન અને બ્લેક ડ્રેસમાં ગોલ્ડન ટચ સાથેની તસવીરો શેર કરી હતી. જેમાં તેણે બ્લેક ટોપ સાથે લોંગ ગ્રીન બ્રોકેડ સ્કર્ટ પહેયું હતું. તેના પર બારીક ગોલ્ડન એમ્બ્રોઈડરી પણ કરેલી હતી. તમે પણ કોઈ પણ પ્લેઈન ટીશર્ટ સાથે આ રીતે તમારા મમ્મી કે દાદીની જૂની બ્રોકેડ સાડીમાંથી પણ આ પ્રકારનું સ્કર્ટ બનાવડાવીને પહેરી શકો છો. સાથે તેણે જ્વેલરીમાં પણ ફ્યુઝન કરીને ગોલ્ડન અને સિલ્વર એમ ડ્યુઅલ ટોનવાળી જડતર, પોલકી અને કુંદનનું એક શોર્ટ નેકલેસ અને એક લાંબો હાર પહેર્યો હતો. તેમાં તેણે રૂબી અને માણેકનું કોમ્બિનેશન કરીને ટ્રેડિશનલ ટચ પણ આયો હતો. જ્યારે ઈઅરિંગ્ઝમાં રૂબીવાળા ટોપ્સ અને હાથમાં આવી જ રુબીની રિંગ સાથે ટ્રેડિશનલ ટચ આપ્યો હતો. તેણે હાથ અને કાનમાં મિનિમલ જ્વેલરી પહેરી હતી. મેકઅપ ન્યુટ્રલ રાખીને તેણે આઉટફિટને મહત્વ આપ્યું હતું, તો બિંદી લગાવીને લૂકને વધુ ઈન્ડિયન ટચ આપ્યો હતો.મેકઅપ ન્યુટ્રલ રાખીને તેણે આઉટફિટને મહત્વ આપ્યું હતું, તો બિંદી લગાવીને લૂકને વધુ ઈન્ડિયન ટચ આપ્યો હતોઆમ આ પ્રકારના લૂક માટે તૈયાર થવામાં ઓઢણીની પાટલી અને પીનની ઝંઝટમાંથી છૂટકારો મળવાની સાથે તમે વધુ કમ્ફર્ટેબલી ગરબા પણ રમી શકો છો. તો આ લૂક તમારો પણ ૨૦૨૪ની નવરાત્રિનો ફેવરિટ લૂક બની શકે છે.



### કેટરીના કેફનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ

# કેટરિનાના હાથ પર બ્લેક પેચ જોઈને ચાહકોની વધી ચિંતા



## કેટરિના કૈફ માત્ર એક શાનદાર અભિનેત્રી જ નથી, પરંતુ એક સ્ટાઇલ આઇકોન પણ માનવામાં આવે છે

કેટરીના કૈફ હાલમાં જ એક નવરાત્રિ ઈવેન્ટમાં હાજરી આપી હતી. આ ઈવેન્ટમાં તે બ્લેક પેચ સાથે જોવા મળી હતી, જેને જોઈને ફેન્સ તેના સ્વાસ્થ્યની ચિંતા કરવા લાગ્યા હતા. આ બ્લેક પેચ જોઈને ચાહકો અનુમાન લગાવી રહ્યા છે કે તેને ડાયાબિટીસ છે કે કેમ. કેટરિના કૈફ માત્ર એક શાનદાર અભિનેત્રી જ નથી, પરંતુ એક સ્ટાઈલ આઈકોન પણ માનવામાં આવે છે, જે ફેશનના મામલે ક્યારેય પાછળ નથી રહેતી. તાજેતરમાં અભિનેત્રીએ નવરાત્રિના એક કાર્યક્રમમાં હાજરી આપી હતી, જેમાં તે સાડી પહેરેલી જોવા મળી હતી. આ દરમિયાન કેટલાક ચાહકોએ તેના હાથ પર કાળો ડાઘ જોયો, જેના કારણે ચાહકો તેના સ્વાસ્થ્યને લઈને ચિંતિત છે. આ જોઈને લોકોએ પૂછ્યું પણ, ‘‘શું તેને ડાયાબિટીસ છે?’’ કેટરીના કૈફ નવરાત્રી ઈવેન્ટમાં હાજરી આપવા મુંબઈના કાલીના એરપોર્ટ પર જોવા મળી હતી. કેટરીના એરપોર્ટ પર ટ્રેડિશનલ લુકમાં જોવા મળી હતી. અભિનેત્રીએ પીચ રંગની સાડી પહેરીને ઘણી હેડલાઈન્સ મેળવી હતી, જે તરુણ તાહિલિયાની દ્વારા ડિઝાઈન કરવામાં આવી હતી. આ ઈવેન્ટમાં કેટરીનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. એક તરફ ચાહકો કેટરીનાની ફેશન સેન્સના વખાણ કરતા જોવા મળ્યા હતા. બીજી તરફ, ચાહકોએ કેટરીનાના હાથ પર કાળો ડાઘ જોયો અને લોકો તેની ચિંતા કરવા લાગ્યા. વાસ્તવમાં, વીડિયોમાં કેટરિના કૈફના જમણા હાથના ઉપરના ભાગમાં એક કાળો પેચ જોવા મળ્યો હતો, જેને જોઈને ચાહકો તેના સ્વાસ્થ્યને લઈને સવાલો પૂછવા લાગ્યા હતા. એક પ્રશંસકે લખ્યું- શું કેટરિના ઠીક છે? અન્ય એક ચાહકે ટિપ્પણી કરી - એવું લાગે છે કે આ એક મેડિકલ પેચ છે. તે જ સમયે, અન્ય ફેને પૂછ્યું - શું કેટરિનાને ડાયાબિટીસ છે?

# ‘ધ દિલ્હી ફાઇલ્સ’ ૧૫ ઓગસ્ટે રિલીઝ થશે

ફિલ્મ મેકર વિવેક અગ્નિહોત્રિએ ગુરુવારે તેમની આવનારી ફિલ્મ ‘ધ દિલ્હી ફાઈલ્સ’ની રિલીઝ ડેટ અંગે જાહેરાત કરી છે. તેમણે પોતાના સોશિયલ મીડિયા અકાઉન્ટ્સ પર આ અંગે જાહેરાત કરી હતી કે તેઓ આગમી વર્ષમાં સ્વતંત્રતા દિવસે તેમની ફિલ્મ રિલીઝ કરશે. વિવેક અગ્નિહોત્રિ ‘ધ કાશ્મીર ફાઈલ્સ’ અને ‘ધ વેક્સિન વૉર’ જેવી ફિલ્મો માટે જાણીતા છે. તેમણે આગામી ફિલ્મની તારીખ જાહેર કરતાં પોસ્ટમાં લખ્યું, ‘‘તમારા કૅલેન્ડરમાં ૧૫ ઓગસ્ટ, ૨૦૨૫ની તારીખ નોંધી રાખો. વર્ષોના સંશોધન પછી, ‘ધ દિલ્હી ફાઈલ્સ’ની સ્ટોરી એક ભાગમાં કહેવી શક્ય નથી. અમે આપની સમક્ષ બે ભાગમાંથી પહેલો ‘ધ બેંગાલ ચેપ્ટર’ રજૂ કરવા ખુબ ઉત્સુક છીએ, જે આપણા ઈતિહાસનું એક મહત્વનું પ્રકરણ આપની સમક્ષ ખુલ્લું મુકાશે અમને આશીર્વાદ આપજો અને તારીખ નક્કી કરી રાખજો.’’ તેમણે પોતાના ફૅન્સને એવું પણ કહ્યું કે આ ફિલ્મ પહેલાં એક જ ભાગમાં રજૂ થવાની હતી, તે હવે બે ભાગમાં રજૂ થશે. જેમાં પહેલા ભાગને ‘ધ બેંગાલ ચેપ્ટર’ નામ આપવામાં આવ્યું છે. ૩ ઓક્ટોબરે આ ફિલ્મનું પહેલું પોસ્ટર લૉંચ કરવામાં આવ્યું છે. જેમાં એક નાનું બાળક ઉભું થઈને રાષ્ટ્રીય પ્રતીકને અડવાની કોશિશ કરતું દેખાય છે. વિવેક અગ્નિહોત્રિનાં પત્ની પલ્લાવી જોષી આ ફિલ્મમાં કૉપ્રોડ્યુસર ઉપરાંત એક્ટર તરીકે પણ મહત્વની ભૂમિકામાં જોવા મળશે. એ ઉપરાંત મિથુન ચક્રવર્તી, અનુપમ ખેર, પુનિત ઈસ્સાર, ગોવિંદ નામદેવ, બબ્બુ માણ અને પાલોમી ઘોષ જેવા કલાકારો મહત્વના રોલમાં જોવા મળશે. એક ઈન્ટરવ્યૂમાં વિવેક અગ્નિહોત્રિએ મિથુનને દાદા સાહેબ ફાળકે એવોર્ડ મળવા અંગે જણાવ્યું હતું, ‘‘મિથુન દા ભારતે બનાવેલાં શ્રેષ્ઠ કલકારોમાંના એક છે, માત્ર તેમના અભિનયને કારણે નહીં પણ તેમની સિનેમાની સમજને કારણે પણ. તેઓ જ્યારે સિંગલ સ્ક્રિન પર રાજ કરતા હતા ત્યારે હું તેમની સાથે કમનસીબે કામ કરી શક્યો નહીં. તેઓ સિંગલ સ્ક્રિન બોક્સ ઓફિસના બાદશાહ હતા.’’






### અપકમિંગ ફિલ્મ વિક્કી વિદ્યા કા વો વાલા વીડિયોને લઈ ચર્ચામાં

# તૃપ્તિ ડિમરીએ ગુજરાતી થાળીનો સ્વાદ માણ્યો

અભિનેતા રાજકુમાર રાવ અને તૃપ્તિ ડિમરી પોતાની અપકમિંગ ફિલ્મ વિક્કી વિદ્યા કા વો વાલા વીડિયોને લઈ ચર્ચામાં છે. બંન્ને કલાકારો નવરાત્રી દરમિયાન અમદાવાદમાં આવ્યા હતા. આ સાથે ગુજરાતી ભોજનનો પણ સ્વાદ લીધો હતો. હાલમાં નવરાત્રીનો તહેવાર ચાલી રહ્યો છે. આ તહેવારમાં ખેલૈયાઓ મનમુકીને નાચતા જોવા મળતા હોય છે, નવરાત્રીનો આનંદ માણવા કેટલીક વખત બોલિવુડ સ્ટાર પણ અમદાવાદની મુલાકાત લેતા હોય છે. ત્યારે શનિવારના રોજ બોલિવુડ અભિનેત્રી તૃપ્તિ ડિમરી અને અભિનેતા રાજકુમાર રાવ અમદાવાદના મહેમાન બન્યા હતા.અભિનેતા રાજકુમાર રાવ અને તૃપ્તિ ડિમરી પોતાની અપકમિંગ ફિલ્મ વિક્કી વિદ્યા કા વો વાલા વીડિયોને લઈ ચર્ચામાં છે. બંન્ને કલાકારો નવરાત્રી દરમિયાન અમદાવાદ આવ્યા હતા. તેમણે ગુજરાતી ભોજનનો આનંદ લીધો હતો. ફિલ્મ વિક્કી વિદ્યા કા વો વાલા વીડિયોના નિર્માતાઓ દ્વારા એક વીડિયો શેર કર્યો છે. જેમાં બંન્ને સ્ટાર રેસ્ટોરન્ટમાં બેઠા છે. તેમના ટેબલ પર જમવવાની પ્લેટમાં ૧૦ પ્રકારની વાનગીઓ જોવા મળી રહી છે. રાજકુમાર રાવ અને તૃપ્તિ ડિમરી પોતાની અપકમિંગ ફિલ્મના પ્રમોશન માટે અમદાવાદ પહોંચ્યા હતા. આ ફિલ્મનું નિર્દેશન રાજ શાંડિલ્યે કર્યુ છે. રાજે આ પહેલા આયુષ્માન ખુરાના-સ્ટાર ડ્રીમ ગર્લ અને ડ્રીમ ગર્લ ૨નું નિર્દેશન કર્યુ છે. ફિલ્મના નિર્માતાઓએ હાલમાં ટ્રેલર રીલિઝ કર્યુ હતુ. ચાહકોને આ ફિલ્મનું ટ્રેલર ખુબ પસંદ આવ્યું હતુ. આ ફિલ્મમાં અભિનેત્રી મલ્લિકા શેરાવત, વિજય રાજ અને મુકેશ તિવારી પણ છે.અભિનેત્રી તૃપ્તિ ડિમરીની આ ત્રીજી ફિલ્મ છે. રાજકુમારરાવની ફિલ્મની વાત કરીએ તો. તેની ફિલ્મ સ્ત્રી ૨ હાલમાં રિલીઝ થઈ હતી. આ ફિલ્મે તાબડતોડ કમાણી કરી છે. તેની અપકમિંગ ફિલ્મ એક્શન થ્રિલર છે. અભિનેતા પહેલી વખત પોતાની ફિલ્મી કરિયરમાં એક્શન થ્રિલરમાં ગેંગસ્ટરની ભૂમિકા નિભાવતો જોવા મળશે.



### ખુશી આ પહેલાં સાઝા સિંદુર સીરિયલમાં કામ કરતી હતી

# તારક મહેતા શોમાં નવી સોનુની એન્ટ્રી થઈ

વધુ એક કલાકારે ‘તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા’ શો માંથી વિદાય લીધી છે અને તરત જ નવા પાત્રની એન્ટ્રી પણ થઈ ગઈ છે. શોમાં સોનુનું પાત્ર ભજવી રહેલી પલક સિધવાનીએ શો છોડ્યાના થોડાં જ દિવસમાં નવી સોનુ પસંદ થઈ ગઈ છે, ખુશી માળી હવે તેના બદલે સોનુનું પાત્ર બજવતી જોવા મળશે. છેલ્લાં પાંચ વર્ષથી પલકે સોનુ ભિડેનું પાત્ર ભજવ્યુ હતુ. ખુશી આ પહેલાં સાઝા સિંદુર સીરિયલમાં કામ કરતી હતી. તારક મહેતાના પ્રોડ્યુસર આસિત કુમાર મોદીએ કહ્યું, ‘‘સોનુ ટપુ સેનાનો મહત્વનો ભાગ છે અને તેની હાજરીમાં હંમેશા નેતૃત્વ અને હુંફ અનુભવાઈ છે.’’ જ્યારે આ પાત્ર માટે ખુશી માળીની પસંદગી અંગે તેમણે કહ્યું,‘‘ખુશીને કાસ્ટ કરવાનો નિર્ણય બહુ સમજી વિચારીને લેવામાં આવ્યો હતો અને અમને લાગે છે કે તે પાત્ર માટે બિલકુલ યોગ્ય રીતે વણાઈ જશે. અમે ખુશીને આવકારતા ખુશી અનુભવીએ છીએ અને તેને આ પાત્ર જીવંત કરવામાં મદદ કરીશું. અમે આશા રાખીએ કે દર્શકો પણ તેને પહેલાં જેટલો જ પ્રેમ આપશે જેટલો છેલ્લા ૧૬ વર્ષથી આપી રહ્યા છે.’’ ખુશી એક મોડેલ અને એક્ટર છે, તેણે કહ્યું,‘‘સોનુનું પાત્ર ભજવવું મારા માટે બહુ રસપ્રદ બાબત છે કારણ કે આ પાત્રના ઘણા સારા પાસાં છે. તારક મહેતાનો ભાગ હોવું એ મારા માટે આશીર્વાદ અને બહુ મોટી તક છે. બીજી તરફ પલક સિધવાની સિરીયલ સાથે કાયદાકીય લડતમાં ફસાઈ ગઈ છે. તેને શો તરફથી કરારને ન અનુસરવા માટે નોટિસ મોકલવામાં આવી છે, તો સામે પલકે પણ શોના પ્રોડ્યુસર પર તેના માટે શો છોડવાનું મુશ્કેલ થઈ રહ્યું હોવાના આક્ષેપ કર્યા છે. પલક છેલ્લા પાંચ વર્ષથી સોનુનો રોલ કરતી હતી. તારક મહેતા ટીવી પર સૌથી લાંબો સમય ચાલેલા શોમાંનો એક છે.





### પહેલા અઠવાડિયાના કમાણીના રેકોર્ડથી પાછળ રહી ગઈ

# ‘દેવરા’ની બોક્સ ઓફિસ પર ગતિ નબળી

## જુનિયર એનટીઆર અને જહાન્વી કપૂરની ફિલ્મ ‘દેવરા પાર્ટ ૧’ ૨૭ સપ્ટેમ્બરે થિએટરમાં રિલીઝ થઈ છે

જુનિયર એનટીઆર અને જહાન્વી કપૂરની ફિલ્મ ‘દેવરા પાર્ટ ૧’ ૨૭ સપ્ટેમ્બરે થિએટરમાં રિલીઝ થઈ છે. કોરાતલા સિવાની આ એક્શન ડ્રામા ફિલ્મને પહેલા અઠવાડિયે ૧૪૨ કરોડની કમાણી થઈ હતી. પહેલાં અઠવાડિયા બાદ ફિલ્મ ભારતમાં ૧૬૦ કરોડ અને વિશ્વસ્તરે ૨૫૦ કરોડની કમાણી કરી છે. તેથી એવી આશાઓ સેવાઈ રહી હતી કે આ ફિલ્મ ઘણાં રેકોર્ડ તોડી નાખશે. જોકે, હવે બીજા અઠવાડિયે આ ફિલ્મની કમાણીમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. પહેલા અઠવાડિયે ભારતમાં ૨૦૮ કરોડની આવક થઈ જ્યારે પહેલા અઠવાડિયે ૨૨૦ કરોડની કમાણીની આશા હતી. પરંતુ તાજેતરમાં રિલીઝ થયેલી અન્ય ફિલ્મોની સરખામણીએ આ આંકડા એટલાં ઐતિહાસિક નથી. જો આ ઐતિહાસિક આંકડાઓવાળી ફિલ્મોની વાત કરીએ તો એસ એસ રાજામૌલીની ૨૦૧૭માં આવેલી ‘બાહુબલી ૨’એ પહેલાં જ અઠવાડિયે ૫૪૦ કરોડની કમાણી કરી લીધી હતી. આ જ રીતે જુનિયર એનટીઆરની ‘આરઆરઆર’એ ૨૦૨૨માં પહેલાં જ અઠવાડિયે ૪૭૯ કરોડની કમાણી કરી હતી. ગયા વર્ષે રિલીઝ થયેલી રણબીર કપૂરની ‘એનિમલ’ અને શાહરુખ ખાનની ‘જવાન’એ ૩૩૮ કરોડ અને ૩૯૦ કરોડની કમાણી કરી હતી. તો આ વર્ષે જ આવેલી પ્રભાસની ‘કલકી ૨૮૯૮ એડી’, જેમાં દીપિકા પાદૂકોણ, અમિતાભ બચ્ચન, કમલ હસન જેવા કલાકારો હતાં, તેણે ૪૧૫ કરોડી કમાણી કરી હતી. ‘દેવરા’માં સૈફ અલી ખાન મુખ્ય વિલનની ભૂમિકામાં છે. આ ફિલ્મની સિક્વલનું કામ પહેલાંથી જ શરૂ થઈ ચૂક્યું છે.



### મલ્ટી સ્ટારર પાન ઇન્ડિયા ફિલ્મનું શૂટિંગ જાન્યુઆરી ૨૦૨૫માં શરૂ થશે

# એટલીની ફિલ્મમાં કમલનું સ્થાન રજનીકાંત લેશે

## ફિલ્મ ડિરેક્ટર એટલી ફિલ્મ બનાવી રહ્યા હોવાની ચર્ચા લાંબા સમયથી ચાલે છે

ફિલ્મ ડિરેક્ટર એટલી એક મલ્ટી સ્ટારર પાન ઈન્ડિયા ફિલ્મ બનાવી રહ્યા હોવાની ચર્ચા લાંબા સમયથી ચાલે છે. આ એક એક્શન ફિલ્મ હશે જેની જુલાઈ મહિનામાં જાહેરાત થઈ હતી. ત્યારે એવી ચર્ચા હતી કે તેમાં કમલ હાસન અને સલમાન ખાન મુખ્ય ભૂમિકામાં હશે, પરંતુ તાજેતરના અહેવાલો સૂચવે છે કે, સુપરસ્ટાર રજનીકાંત હવે કમલ હાસનનું સ્થાન લઈ શકે છે. જોકે, ફિલ્મની ટીમ તરફથી આવી કોઈ માહિતિ અંગે ખાતરી આપવામાં નથી. સન પિક્ચર્સ દ્વારા પ્રોડ્યુસ થઈ રહેલી એટલીની આ ફિલ્મનું શૂટિંગ જાન્યુઆરી ૨૦૨૫માં શરૂ થશે. તેનું પ્રી પ્રોડક્શનું કામ ઓક્ટોબરથી શરૂ થઈ રહ્યું છે. આ ફિલ્મમાં સમગ્ર દેશના વિવિધ કલાકારો સાથે આ એક મોટી ફિલ્મ બનવાની હોવાની આશાઓ છે. હાલ રજનીકાંત ‘વૈતૈયા’ની રિલીઝ સાથે વ્યસ્ત છે. આ પણ એક મલ્ટિ સ્ટારર ફિલ્મ છે. જેમાં અમિતાભ બચ્ચન, ફહાદ ફાઝીલ, મંજુ વારિયાર અને રાણા દગ્ગુબાતી હશે. જ્યારે સલમાન ખાન હાલ ‘સિકંદર’ અને ‘ટાઈગર વર્સીસ પઠાણ’ માટે કામ કરી રહ્યો છે. હવે તેઓ બંને આ વ્યસ્તતા વચ્ચે એટલીની ફિલ્મ માટે કઈ રીતે કામ કરશે અને સમય આપી શકશે તે જોવાનું રહ્યું. આ પ્રકારના અહેવાલો અફવાઓ છે કે હકીકત એ અંગે ફૅન્સ ફિલ્મની ટીમ તરફથી ખાતરી થવાની રાહમાં છે, ત્યારે એટલીની ફિલ્મ અંગે પણ ઉત્સુકતા વધી રહી છે. તેની મોટી કાસ્ટ અને બજેટના કારણે આ અટલીની મોટી ફીલ્મ હોવાની આશાઓ ફૅન્સ રાખી રહ્યા છે.



# જનતાને માર્ગ સંબંધિત અગવડતા ભોગવવી ન પડે તે માટે ગુજરાત સરકાર સતત કાર્યશીલ છે : ધારાસભ્ય મહેશ ભૂરીયા


તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૭ ।

ઝાલોદ વિધાનસભામાં સમાવિષ્ટ લીમડી અને પાવડી જિલ્લા પંચાયત સીટમાં કુલ રૂ.૧૩૮૧.૫૦ લાખના માતબર ખર્ચે ૪૧.૦૫ કિ.મી લંબાઈના નીચે મુજબના ૧૪ રસ્તાઓનું ખાતમુહૂર્ત કર્યું.

જેમાં કારઠ ગામે રૂ.૬૦ લાખના ખર્ચે ૨.૦૦ કિ.મી લંબાઈના કારઠ કંબોઈ ફળીયા રોડ, રૂ.૩૫૧ લાખના ખર્ચે ૬.૫૦ કિ.મી લંબાઈના કારઠ પરથમપુર પાવડી રોડ,લીમડી ગામે રૂ.૨૭.૯૦ લાખના ખર્ચે ૦.૯૩ કિ.મી લંબાઈના લીમડી ટાંડી બાંડી કોતર ફળીયા રોડ, લીલવા ગામે રૂ.૧૫૦ લાખના ખર્ચે ૫.૦૦ કિ.મી લંબાઈના લીલવા સાબલી મલવાસી રોડ, રૂપાખેડા ગામે રૂ.૨૭.૩૦ લાખના ખર્ચે ૦.૯૧ કિ.મી લંબાઈના રૂપાખેડા ક્રોસિંગ નવી વસાહત ફળીયા રોડ, પરથમપુર ગામે રૂ.૭૩.૫૦ લાખના ખર્ચે ૨.૪૫ કિ.મી લંબાઈના પરથમપુર શીરા ફળીયા રોડ, પાવડી ગામે નિર્માણ થનાર રૂ.૧૯૫ લાખના ખર્ચે ૬.૫૦ કિ.મી લંબાઈના પાવડી ધારાડુંગર રોડ, રૂ.૩૩.૩૦ લાખના ખર્ચે ૧.૧૧ કિ.મી લંબાઈના પાવડી ગોરી ફળીયા રોડ,રૂ.૧૪૧ લાખના ખર્ચે ૪.૭૦ કિ.મી ના પાવડી ધારાડુંગર રોડ અને રૂ.૫૮.૫૦ લાખના ખર્ચે ૧.૯૫ કિ.મી. લંબાઈના પાવડી લુહાર ફળીયા રોડ, મીરાખેડી ગામે અંદાજીત રૂ.૫૭.૯૦ લાખના ખર્ચે બનનાર ૧.૯૩ કિ.મી લંબાઈના મીરાખેડી કાટસ ફળીયા રોડ,ડગેરિયા ગામે રૂ.૩૫.૧૦ લાખના ખર્ચે ૧.૧૭ કિ.મી લંબાઈના ડગેરીયા ડાંગી ફળીયાથી ગામતળ રોડ,મોટી હાંડી ગામે રૂ.૩૩ લાખના ખર્ચે ૧.૩૦ કિ.મી લંબાઈના મોટી હાંડી એપ્રોચ રોડનું ખાતમુહૂર્ત કર્યું હતું. ધારાસભ્ય મહેશ ભૂરીયા એ કહ્યું કે આ નવીન રસ્તાઓના નિર્માણ થયા પછી વાહન વ્યવહારમાં ચોક્કસપણે સુગમતા વધશે. આ ખાતમુહૂર્ત પ્રસંગે જિલ્લા સદસ્યો, તાલુકા સદસ્યો, સરપંચો, કાર્યકર્તાઓ અને ગ્રામજનો હાજર રહ્યા હતા.

# બી.પી.અગ્રવાલ હાઈસ્કૂલ લીમડી ખાતે ગણિત વિજ્ઞાન પ્રદર્શન યોજાયુ


તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૭ ।

લાલ બહાદુર શાસ્ત્રી શાળા વિકાસ સંકુલ-૫ શ્રી બી. પી.અગ્રવાલ હાઈસ્કુલ લીમડી ખાતે ગણિત-વિજ્ઞાન પ્રદર્શન તારીખ ૦૪/૦૯/૨૦૨૪ યોજવામાં આવ્યું હતું. જેમાં કુલ ૨૮ શાળા દ્રવારા ૫ વિભાગમાં ૫૪ કૃતિ પ્રદર્શન માં મૂકવામાં આવી હતી. જેમાં વિભાગ ૫ (બ)માંની કૃતિ વેસ્ટ વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટની કૃતિનો સંકુલમાં પ્રથમ નંબર લાવનાર શ્રી ઉત્તર બુનિયાદી વિદ્યાલય, કારઠની બાળાઓ પ્રજાપતિ નિધિબેન અને જાટવા ખુશ્બુબેનનો આવ્યો તે બદલ માર્ગદર્શક શિક્ષક હિમાંશુકુમાર લબાના અને શાળાના આચાર્ય રણજીતસિંહ મુનિયા, શાળા પરિવાર તેમને ઉજ્જ્વળ કારકિર્દી માટે વિદ્યાર્થિનીઓને હાર્દિક શુભકામના પાઠવી હતી.

# પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણકુમાર યાદવ દ્વારા રાષ્ટ્રીય ડાક સપ્તાહનો શુભારંભ, 'ડાક અને પાર્સલ દિવસ' પર 'ગ્રાહક સંમેલન' યોજાઈ

## સ્થાનિક ઉદ્યોગપતિઓને વૈશ્વિક બજારમાં પહોંચાડવામાં 'ડાકઘર નિર્યાત કેન્દ્ર' મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યું છે : પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણકુમાર યાદવ



। અમદાવાદ, તા.૭ ।

ભારતીય ડાક વિભાગ સતત નવીન સેવાઓ અને ટેકનોલોજી સાથે પોતાની સેવા ક્ષિતિજને વિસ્તૃત કરી દેશના અંતિમ વ્યક્તિ સુધી પહોંચવા પ્રયત્નશીલ છે. મોબાઈલ, ઈ-મેઈલ અને સોશિયલ મિડિયા યુગમાં પણ પત્રોનું પોતાનું આગવું મહત્વ યથાવત છે. મહત્વપૂર્ણ દસ્તાવેજો, જેમ કે સરકારી અને અદાલતી પત્રો, આધાર કાર્ડ, પાસપોર્ટ, ડ્રાઈવિંગ લાઈસન્સ, મતદાર ઓળખકાર્ડ, પાન કાર્ડ, બેંક ચેકબુક અને એટીએમ કાર્ડ પોસ્ટ દ્વારા જ મોકલવામાં આવે છે. ઉત્તર ગુજરાત પરિક્ષેત્ર, અમદાવાદના પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે રાષ્ટ્રીય ડાક સપ્તાહ દરમ્યાન 'ડાક અને પાર્સલ દિવસ' પર યોજાયેલ 'ગ્રાહક સંમેલન' (કસ્ટમર મીટ) દરમિયાન આ વિચાર રજૂ કર્યા હતા. આ અવસરે ડાક સેવાઓ અંગે ડાક નિર્દેશક સુશ્રી મીતા કે. શાહ દ્વારા માહિતી આપવામાં આવી અને વિવિધ નિકાસકર્તાઓ સાથે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી.

પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવએ જણાવ્યું કે પોસ્ટ વિભાગ દ્વારા મેઈલ અને પાર્સલ સેવાઓના ક્ષેત્રમાં ઘણી નવીનતાઓ કરવામાં આવી રહી છે. પોસ્ટ વિભાગ વિવિધ વ્યવસાય જૂથોની જરૂરિયાતો અનુસાર વિવિધ પ્રકારની યોજનાઓ ચલાવે છે. જેમાં સ્પીડ પોસ્ટ, બિઝનેસ પાર્સલ, ડાકઘર નિર્યાત કેન્દ્ર, બિઝનેસ પોસ્ટ, મીડિયા પોસ્ટ, બિલ મેઈલ સેવા, રિટેલ પોસ્ટ, લોજિસ્ટિક્સ પોસ્ટ, ડાયરેક્ટ પોસ્ટ, ઈ-પોસ્ટ, ઈ-પેમેન્ટ, આધાર સેવાઓ, પાસપોર્ટ સેવાઓ વગેરે મહત્વપૂર્ણ છે. પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણકુમાર યાદવે જણાવ્યું કે ભારતીય ડાકના વિવિધ માધ્યમોથી વાણિજ્યિક નિકાસને પ્રોત્સાહન આપવા માટે નિકાસકર્તાઓ માટે વન-સ્ટોપ ગંતવ્યરૂપે ડાકઘર નિર્યાત કેન્દ્રોની સ્થાપના કરવામાં આવી છે. ડાકઘર નિર્યાત કેન્દ્રો દ્વારા ઓડીઓપી, જીઆઈ, એમએસએમઈના ઉત્પાદનો વિદેશમાં પહોંચીને 'વોકલ ફોર લોકલ' અને 'આત્મનિર્ભર ભારત'ની સંકલ્પનાને મજબૂત કરી રહ્યા છે. પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે ઉદ્યોગપતિઓને સ્થાનિકથી લઈ વૈશ્વિક બજારોમાં પહોંચવા માટે ડાક નેટવર્કની સરળતા અને કાર્યક્ષમતા પર ભાર મૂક્યો. તેમણે જણાવ્યું કે સ્પીડ પોસ્ટ અને બિઝનેસ પાર્સલના વર્ગીકરણ અને વિતરણ માટે વિશેષ હબ અને નોડલ ડિલિવરી સેન્ટર્સ સ્થાપિત કરવામાં આવ્યા છે. ઈ-કોમર્સ ઉત્પાદનો માટે કેશ ઑન ડિલિવરીની સુવિધા આપવામાં આવી રહી છે. ડાકવસ્તુઓની ડિલિવરી પોસ્ટમેન મોબાઈલ એપ્લિકેશન (પીએમએ) દ્વારા રિયલ ટાઈમમાં અપડેટ કરવામાં આવી રહી છે. ઓનલાઈન ટ્રેક અને ટ્રેસની સુવિધા પણ આપવામાં આવી છે. ડાક વિભાગ દ્વારા ટપાલ અને પાર્સલના ઝડપી નિકાલ માટે નવી પરિવહન નીતિ બનાવવામાં આવી છે. ડાક વિભાગ અને ભારતીય રેલ્વે દ્વારા સંયુક્ત પાર્સલ ઉત્પાદ રૂપે 'રેલ પોસ્ટ ગતિ શક્તિ એક્સપ્રેસ કાર્ગો સેવા' શરૂ કરવામાં આવી છે. ડાકઘરોમાં ક્લિક અને બુક સેવા, પાર્સલ પેકેજિંગ યુનિટ, ક્યુઆર કોડ દ્વારા ડિજિટલ પેમેન્ટની સુવિધા અંગે પણ તેમણે માહિતી આપી. શ્રી યાદવે જણાવ્યું કે આંતરરાષ્ટ્રીય ડાકના ત્વરિત નિકાલ માટે અમદાવાદના શાહીબાગમાં વિદેશ ડાકઘર અને સુરતમાં આંતરરાષ્ટ્રીય બિઝનેસ સેન્ટરની સ્થાપના કરવામાં આવી છે. આંતરરાષ્ટ્રીય પાર્સલ બુકિંગ માટે ઓન-સ્પોટ કસ્ટમ ક્લિયરન્સની સુવિધા ઉપલબ્ધ છે. આંતરરાષ્ટ્રીય પાર્સલ સેવા વિશ્વભરના ૨૦૦ થી વધુ ગંતવ્ય દેશો અને પ્રદેશો માટે ઉપલબ્ધ છે.

કાર્યક્રમનું સંચાલન માર્કેટિંગ એક્ઝિક્યુટિવ શ્રી ચિરાયુ વ્યાસ, સ્વાગત પ્રવચન સહાયક નિર્દેશક શ્રી એમ. એમ. શેખ અને આભારવિધિ સહાયક નિર્દેશક શ્રી રિતુલ ગાંધીએ કરી હતી. કાર્યક્રમનું સંકલન સહાયક ડાક અધિક્ષક શ્રી રવિન્દ્ર પરમારે કર્યું હતું અને પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન ડાક નિરીક્ષક શ્રી ભાવિન પ્રજાપતિ દ્વારા કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ડાક સેવા નિદેશક સુશ્રી મીતા કે. શાહ, અમદાવાદ સીટી ડીવીજન ના પ્રવર ડાક અધિક્ષક, શ્રી ગોવિંદ શર્મા, ડિપ્ટી સુપરિન્ટેન્ડેન્ટ શ્રી વી. એમ. વહોરા, ડિપ્ટી ચીફ પોસ્ટમાસ્ટર, જી.પી.ઓ શ્રી અલ્પેશ શાહ, સહાયક નિર્દેશક શ્રી એમ. એમ. શેખ, શ્રી રિતુલ ગાંધી, શ્રીમતી મંજૂલા પટેલ, સહાયક અધીશક શ્રી રવિન્દ્ર પરમાર, શ્રી રોનક શાહ, ડાક નિરીક્ષક શ્રી ભાવિન પ્રજાપતિ, શ્રી યોગેન્દ્ર રાઠોડ, માર્કેટિંગ એક્ઝિક્યુટિવ શ્રી ખેમચંદભાઈ રાઠોડ, દિપલ મહેતા સહિત ઉત્તર ગુજરાત પરિક્ષેત્ર, અમદાવાદના અનેક અધિકારીઓ અને વિવિધ કોર્પોરેટ સંસ્થાઓ, વિભાગોના પ્રતિનિધિઓ સામેલ થયા.

# વિરમગામમાં બેટી બચાઓ, બેટી પઢાઓ યોજના અંતર્ગત આંતરરાષ્ટ્રીય દીકરી દિવસ ઉજવણી કરવામાં આવી



। (માહિતી) અમદાવાદ, તા.૭ ।

અમદાવાદ જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી દ્વારા બેટી બચાઓ, બેટી પઢાઓ યોજના અંતર્ગત આંતર રાષ્ટ્રીય દીકરી દિવસની ઉજવણીના ભાગરૂપે વિરમગામ તાલુકાની વેકરીયા પ્રાથમિક શાળા ખાતે જાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. મહિલા અને બાળ વિભાગની સંકલ્પ- હબ ફોર એમ્પ વારમેન્ટ ઑફ વિમન ટીમના જેન્ડર સ્પેશિયાલિસ્ટ શ્રી જીતેશભાઈ સોલંકી દ્વારા મહિલા અને બાળ વિકાસ વિભાગ અમલીકૃત મહિલા કલ્યાણકારી યોજનાઓ તેમજ આરોગ્ય, પોષણ અને એનિમિયા વિશે શાળાની વિદ્યાર્થિનીઓને માહિતી આપવામાં આવી હતી. તદુપરાંત, મહિલા અને બાળ વિકાસ મંત્રાલયની બેટી બચાઓ, બેટી પઢાઓ યોજના અને ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન વિશે માહિતી આપી શાળાની દીકરીઓને જાગૃત કરવામાં આવી હતી. બોપલ PBSC કાઉન્સેલર શ્રી પારુલબહેન દ્વારા પોલીસ સ્ટેશન બેઈઝડ સપોર્ટ સેન્ટર યોજના તેમજ સખી વન સ્ટોપ સેન્ટર, સોલાના કેન્દ્ર સંચાલક શ્રી દુર્ગાબહેન દ્વારા સખી વન સ્ટોપ સેન્ટર યોજનાની સંપૂર્ણ માહિતી આપી શાળાની વિદ્યાર્થિનીઓને જાગૃત કરવામાં આવી હતી.

# ઝાલોદ તાલુકાના થાળા(લીમડી) પ્રા.શાળાના શિક્ષક મુકેશભાઈ નિનામાને ગુજરાત ગુરૂ ગૌરવ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા


તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૭ ।

બાલ રક્ષક પ્રતિષ્ઠાન દ્વારા આયોજીત ગુજરાત ગુરૂ ગૌરવ એવોર્ડ સન્માન કાર્યક્રમ ઓડિટોરીયમ હોલ ગાંધીનગર ખાતે યોજાયો જેમાં ગૂજરાત ભરના ૧૩૦ જેટલા શિક્ષકોને ટ્રોફી અને પ્રમાણપત્ર આપીને સન્માનિત કરવામાં આવ્યા.આ કાર્યક્રમમાં પુલકીત જોષી (નાયબ નિયામક), એસ. જે ડુમરાળિયા (સચિવ જીસીઈઆરટી) નગર પાલિકાના મેયર, એમ.એન. પટેલ, નિષાદ ઓઝા અને અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા અને શિક્ષકોને બિરદાવવાનું કામ કર્યુ હતું અને શિક્ષકોને કામ કરવાની ક્ષમતામા એક નવી ઉર્જા પ્રદાન કરી હતી. મુકેશભાઈ નિનામાનું સન્માન થતાં તમામ મિત્રોએ અભિનંદન પાઠવ્યા હતા.

# ઝાલોદ તાલુકાના કાળીગામ ગુર્જર અને ગુલતોરા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે જન આરોગ્ય સમિતિની મીટિંગ યોજાઈ


તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૭ ।

ઝાલોદ તાલુકાના કાળીગામ ગુર્જર અને ગુલતોરા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે જન આરોગ્ય સમિતિની માસિક મીટિંગ યોજાઈ હતી જેમાં આરોગ્યલક્ષી સેવાઓ અને જરૂરી સાધન-સામગ્રી વિશે દાહોદ જિલ્લા પંચાયત સદસ્ય કૃષ્ણરાજ ભૂરીયાએ ચર્ચા કરી હતી. આ મીટિંગમાં માતા અને બાળ મૃત્યુદર ઘટાડવા, રાષ્ટ્રીય કિશોર સ્વાસ્થ્ય કાર્યક્રમની જાણકારી અને ૧૦૦ ટકા પી.એમ.જે.વાય., ટી.બી મુક્ત પંચાયતની વિસ્તૃત સમજણ આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં દાહોદ જિલ્લા પંચાયત સદસ્ય કૃષ્ણરાજ ભૂરીયા તાલુકા આરોગ્ય અધિકારી ડૉ. તુષારભાઈ ભાભોર, મેડીકલ ઓફિસર, કમિટીના સભ્યો અને પી.એચ.સી. સ્ટાફ હાજર રહ્યો હતો.

# ધોળકાના વટામણમાં આંતરરાષ્ટ્રીય દીકરી દિવસની ઉજવણી કરવામાં આવી

। (માહિતી) અમદાવાદ, તા.૭ ।

અમદાવાદ જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી દ્વારા બેટી બચાઓ, બેટી પઢાઓ યોજના અંતર્ગત ધોળકાના વટામણ ગામની પ્રાથમિક શાળા ખાતે આંતરરાષ્ટ્રીય દીકરી દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં શાળાની વિદ્યાર્થિનીઓને માસિક સ્વછતા અને વ્યવસ્થાપન અંગે જાગૃત કરવામાં આવી હતી. સંકલ્પ- હબ ફોર એમ્પાવરમેન્ટ ઑફ વિમન ટીમના જેન્ડર સ્પેશિયાલિસ્ટ શ્રી જીતેશભાઈ સોલંકી દ્વારા મહિલા અને બાળ વિકાસ વિભાગ હેઠળ અમલીકૃત મહિલા કલ્યાણકારી યોજનાઓ જેવી કે, વ્હાલી દીકરી



યોજના, ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના, ગંગા સ્વરૂપા પુનઃલગ્ન આર્થિક સહાય યોજના વગેરે વિશે શાળાની વિદ્યાર્થીનીઓને માહિતી આપી હતી. આંતરરાષ્ટ્રીય દીકરી દિવસ ઉજવણીના ભાગરૂપે મહિલા અને બાળ વિકાસ મંત્રાલય દ્વારા અમલીકૃત બેટી બચાઓ બેટી, પઢાઓ યોજના વિશે શાળાની વિદ્યાર્થિનીઓને માહિતગાર કરવામાં આવી હતી. આ સાથે જ, બોપલ PBSC કાઉન્સેલર શ્રી પારુલબહેન દ્વારા વિદ્યાર્થિનીઓને માસિક સ્વચ્છતા અને વ્યવસ્થાપન અંગે સંપૂર્ણ માહિતી પૂરી પાડી હતી અને રાજ્ય સરકારની મહિલા અભિગમ આધારિત પોલીસ સ્ટેશન બેઈઝડ સપોર્ટ સેન્ટર યોજના વિશે માહિતી આપી હતી. સખી વન સ્ટોપ સેન્ટર, સોલાના કેન્દ્ર સંચાલક શ્રી દુર્ગાબહેન દ્વારા સખી વન સ્ટોપ સેન્ટર યોજનાની સંપૂર્ણ માહિતી, ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન યોજના વિશે માહિતી આપી શાળાની વિદ્યાર્થિનીઓને જાગૃત કરવામાં આવી હતી.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજના દિવસે તમારી ઊર્જાનું સ્તર ઊંચું રહેશે. રિયલ એસ્ટેટમાં રોકાણ લલચાવનારૂં હશે. પારિવારિક ચિંતાઓને તમારૂં ધ્યાન અન્યત્ર વાળવા ન દો. ખરાબ સમય આપણને ઘણું બધું આપી જાય છે. તમે તમારા પ્રિયપાત્રને મળશો તેનાથી તમારા મગજને રૉમાન્સ ઘેરી વળશે. આ તે સારા દિવસો માં નો એક દિવસ છે જયારે તમે કાર્યક્ષેત્ર ઉપર ઘણું સારું અનુભવ કરશો? આજે તમારા સહકર્મી તમારા કામ ની પ્રશંસા કરશે.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજના દિવસે ઘરની ચિંતાઓ તમને બેચેન કરી મુકશે. પરિણીત લોકો ને પોતાના સંતાન ની શિક્ષા ઉપર આજે વધારે ખર્ચ કરવું પડશે? તાણભર્યો સમય પ્રર્વતશે પણ પરિવારનો સહકાર તમને મદદ કરશે. તમારા પ્રિયપાત્રના કઠોર શબ્દોને કારણે તમારો મૂડ કદાચ વ્યગ્ર થઈ શકે છે. તમારે તમારી શ્રૃંગારિક કલ્પનાઓ વિશે વધુ સપનાં જોવાની હવે જરૂર નથી, કેમ કે આજે તેમના સાકાર થવાની શક્યતા છે.

**મિથુન (ક,છ,ઘ) :**
આજના દિવસે આનંદ-પ્રમોદ અને મોજ-મજાનો દિવસ. પોતાના જીવનસાથી જોડે ધન સંબંધી કોઈ બાબત ને લયી ઝગડો થયી શકે છે. જોકે તમે તમારા શાંત સ્વભાવ થી બધું ઠીક કરી દેશો? તમારા જીવનસાથી સાથે સારી સમજ ઘરમાં સુખ-શાંતિ અને સમૃદ્ધિ લાવશે. પ્રેમમાં સહન કરવાની હિંમત રાખો તથા ખુશખુશાલ રહો. તમારા ટીમની સૌથી કંટાળાજનક વ્યક્તિ આજે એકાએક બુદ્ધિશાળી બની જશે.

**કર્ક (ડ,હ) :**
આજના દિવસે તમારા આત્મવિશ્વાસ અને ઊર્જાનું સ્તર ઊંચું રહેશે. જીવન સાથી ની ખરાબ તબિયત ને લીધે તમારું ધન ખર્ચ થયી શકે છે પરંતુ આ વાત ને લયીને ચિંતિત થવા ની જરૂર નથી કેમકે ધન આ માટે સંચિત કરવા માં આવે છે કે ખરાબ સમય માં તે તમારા કામ આવી શકે. અણધાર્યા શુભ સમાચાર તમારો ઉત્સાહ વધારશે. તમારા પરિવારના સભ્યો સાથે તમે આ સમાચાર વહેંચશો.

**સિંહ (મ,ટ) :**
આજના દિવસે ખુશ થાવ કેમ કે સારો સમય આવી રહ્યો છે અને તમારામાં વધારાની ઊર્જાનો સંચાર થશે. નાણાકીય જીવન માં આજે ખુશ હાલી રહેશે આની સાથે તમે દેવા થી પણ આજે મુક્ત થયી શકો છો? સંબંધીઓ-મિત્રો એક સુંદર સાંજ માટે તમને મળવા આવશે. આજે પ્રેમનો જાદુ તમને અંધ કરી મુકશે. આ પરમ સુખને માણો. સખત મહેનત અને ધીરજ દ્વારા તમે તમારા ધ્યેયની પ્રાપ્તિ કરશો.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજના દિવસે તમને પ્રેરણા આપતી લાગણીઓને ઓળખજો. ભય, શંકા, ગુસ્સો, લાલચ વગેરે જેવી નકારાત્મક લાગણીઓને તમારે છોડી દેવી જોઈએ, કેમ કે આ લાગણીઓ લોહચુંબકની જેમ કામ કરે છે, તમને જે જોઈએ છે તેનાથી વિરૂદ્ધ બાબતને તેઓ આકર્ષે છે. ધંધામાં ઉધાર માગવાના ઈરાદે તમારો સંપર્ક કરનારાઓની અવગણના કરો.

**તુલા (ર,ત) :**
આજના દિવસે તમારા કામ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં તમને મુશ્કેલી પડતી હોય તેવું લાગશે-કેમ કે તમારી તબિયત આજે બરાબર નથી. આજે તમે મૂડી આસાનીથી ઊભી કરી લેશો-લેણાં નીકળતાં નાણાંની ઉઘરાણી કરો-અથવા નવા પ્રૉજેક્ટ્સ પર કામ કરવા માટે ધીરાણ માગો. પારિવારિક મોરચે સ્વસ્થતા જણાય છે અને તમારી યોજનાઓમાં તેમના સંપૂર્ણ સહકારની અપેક્ષા રાખી શકો છો.

**વૃશ્ચિક (ન,ય) :**
આજના દિવસે વ્યસ્તતા છતાં સ્વાસ્થ્ય સારૂં રહેશે. પોતાના માટે પૈસા બચવાનો તમારો ખ્યાલ આજે પૂરો થયી શકે છે. આજે તમે સારી બચત કરવા માટે સમર્થ હશો. દૂરનાં કોઈ સગાં તરફથી લાબા સમયથી તમને જે સંદેશની અપેક્ષા હતી તે આવશે અને તેમાં આખા પરિવાર અને ખાસ કરીને તમારી માટે સારા સમાચાર હશે. ખોટો સંવાદ અથવા સંદેશ તમારા દિવસને નીરસ બનાવી શકે છે.

**ધન (ભ,ધ,ફ) :**
આજના દિવસે કોઈક આજે તમારો મૂડ બગાડી શકે છે પણ તેને લગતી હતાશાને તમારા પર સવાર થવા ન દો. આ વ્યર્થ ચિંતા તથા બેચેની તમારા શરીર પર વિપરિત અસર કરી તમને ત્વચાને લગતી તકલીફ આપી શકે છે. જીવન ના ખરાબ તબક્કા માં પૈસા તમારા કામ આવશે તેથી આજ થીજ પોતાના પૈસા બચત કરવા ના વિષે વિચારો નહિ તો તમને તકલીફો આવી શકે છે.

**મકર (ખ,જ) :**
આજના દિવસે તમારા જીવનસાથીનો પ્રેમાળ મિજાજ તમારો દિવસ ઉલ્લાસભર્યો બનાવશે. જે લોકોએ ક્યાંક નિવેશ કર્યું હતું તે લોકો ને આજ ના દિવસે આર્થિક હાનિ થવા ની શક્યતા છે. ઘરના વાતાવરણમાં તમે કોઈ ફેરફાર કરો તે પૂર્વે અન્યોની મંજૂરી છે કે નહીં તેની ખાતરી કરો. કેટલાક માટે નવો રૉમાન્સ તેમનો ઉત્સાહ વધારશે તથા તેમને ખુશખુશાલ મિજાજમાં રાખશે.

**કુંભ (ગ,શ,સ) :**
આજના દિવસે તમારૂં મગજ સારી બાબતોને સ્વીકારશે. તમે જો લાંબા-ગાળા માટે રોકાણ કરશો તો તમને નોંધપાત્ર લાભ મળશે. ઘરના પ્રવર્વતમાન પરિસ્થિતિને કારણે તમે હતાશ થઈ શકો છો. પ્રિયપાત્ર સાથે બહાર જવાનો પ્રૉગ્રામ નિષ્ફળ જવાની શક્યતા છે. કોઈ મહત્વની ફાઈલ તમારા બૉસના હાથમાં ત્યાં સુધી ન આપતા જ્યાં સુધી તમને પૂરેપૂરી ખાતરી હોય કે તે બધી જ રીતે બરાબર છે.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજના દિવસે ખુશ થાવ કેમ કે સારો સમય આવી રહ્યો છે અને તમારામાં વધારાની ઊર્જાનો સંચાર થશે. જો ભવિષ્ય માં તમારે નાણાકીય રીતે મજબૂત થવું છે તો આજ થીજ ધન ની બચત કરો. પોતાની અંગત સમસ્યાઓ ઉકેલવા માટે મિત્ર તમારી મદદ લઈ શકે છે. તમારી હાજરી તમારા પ્રિયપાત્ર માટે આ વિશ્વ યોગ્ય સ્થળ બનાવશે.

# ઈઝરાયેલમાં આતંકી હુમલામાં એકનું મોત નિપજ્યું, ૧૦ ઘાયલ

। (એજન્સી) તેલ અવીવ, તા.૭ ।

ઈઝરાયેલ પર હમાસના સાત ઓક્ટોબરના ઘાતક હુમલાની પૂર્વસંધ્યાએ તેલ અવીવમાં થયેલા ત્રાસવાદી હુમલામાં એક બોર્ડર પોલીસ અધિકારીનું મોત થયું હતું અને બીજા ૧૦ ઘાયલ થયા હતાં. આતંકવાદીએ રવિવારે બપોરે બેરશેબા બસ સ્ટેશન નજીક ગોળીબાર કર્યો હતો. ગયા વર્ષે ઈઝરાયેલ પર ૭ ઓક્ટોબરે હમાસના હુમલા બાદ આ એક મોટો હુમલો હતો. તેલ અવીવમાં ગયા સપ્તાહે ફાયરિંગમાં સાત ઈઝરાયેલી લોકોના મોતના હમાસના દાવા પછી આ મોટો હુમલો થયો હતો. મૃતકની ઓળખ સાર્જન્ટ શિરા સુસ્લિક (૧૯) તરીકે થઈ હતી. તે બીરશેબામાં બોર્ડર પોલીસ ઓફિસર હતી. દક્ષિણ શહેરના સેન્ટ્રલ બસ સ્ટેશનમાં મેકડોનાલ્ડ્સ સ્ટોરમાં એક



બંદૂકધારી ઘૂસી ગયો હતો અને અંદર રહેલા લોકો પર ગોળીબાર કર્યો હતો. હુમલાખોરને પણ IDF સૈનિકોએ મોતને ઘાટ ઉતાર્યો હતો. તેની ઓળખ ૨૯ વર્ષીય અહમદ અલ-ઉકબી તરીકે થઈ હતી, જે હુરા નજીકના ઉકબીના બેદુઈન ગામનો ઈઝરાયેલનો નાગરિક હતો. તેનો અગાઉનો ગુનાહિત રેકોર્ડ હોવાનું કહેવાય છે. આ હુમલામાં ૧૦ લોકો ઘાયલ થયાં હતાં અને સોરોકા મેડિકલ સેન્ટરમાં સારવાર માટે લઈ જવામાં આવ્યાં હતાં. ઘાયલોમાં એક મહિલાની હાલત ગંભીર હતી અને ચાર પુરુષોની હાલત સ્થિર હતી. આ તમામ લોકોને ગોળી વાગી હતી. બીજા પાંચ લોકોને કાચના ટુકડા વાગ્યા હતાં. ત્રણ લોકોને સારવાર પછી રજા અપાઈ હતી. પોલીસે જણાવ્યું હતું કે તેઓ તપાસ કરી રહ્યાં છે કે આતંકવાદીએ છરાબાજી અને ગોળીબાર બંને કર્યો હતો કે નહીં. ઈઝરાયેલે રવિવારે સવારે ગાઝા પટ્ટીમાં એક મસ્જિદ પર કરેલા હુમલામાં ઓછામાં ઓછા ૧૯ લોકોના મોત થયાં હતાં. દેર અલ-બાલાહ શહેરની મુખ્ય હોસ્પિટલ નજીકની આ મસ્જિદમાં વિસ્થાપિત લોકો આશ્રય લઈ રહ્યાં હતા.

### મહિલા સરપંચની પુનઃનિમણૂક કરી

# ચૂંટાયેલા મહિલા જનપ્રતિનિધિને હટાવી દેવા એ ગંભીર બાબત છે : સુપ્રીમ કોર્ટ

## સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે ચૂંટાયેલા જનપ્રતિનિધિને હટાવવાને હળવાશથી ન લઈ શકાય, ખાસ કરીને જ્યારે તે ગ્રામીણ વિસ્તારોની મહિલાઓની ચિંતા કરી રહ્યું છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૭ ।

મહારાષ્ટ્રના જલગાંવમાં એક મહિલા સરપંચ ચૂંટાવા છતાં તેમને તેમના હોદ્દા પરથી દૂર કરી દેવાના મામલાને સુપ્રીમ કોર્ટે ગંભીર મામલો ગણાવ્યો છે. સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે ચૂંટાયેલા જનપ્રતિનિધિને હટાવવાને હળવાશથી ન લઈ શકાય, ખાસ કરીને જ્યારે તે ગ્રામીણ વિસ્તારોની મહિલાઓની ચિંતા કરી રહ્યું છે.સુપ્રીમ કોર્ટની જસ્ટિસ સૂર્યકાંત અને ઉજ્જલ ભુઈયાની ખંડપીઠે બોમ્બે હાઈકોર્ટના નિર્ણયને ઉલટાવીને, ૨૭ સપ્ટેમ્બરના રોજ, સરપંચને તેમનો કાર્યકાળ પૂર્ણ ન થાય ત્યાં સુધી પુનઃસ્થાપિત કરવાનો આદેશ આપ્યો હતો. બેન્ચે કહ્યું હતું કે આ ક્લાસિક કેસ છે જેમાં એક મહિલા સરપંચ તરીકે ચૂંટાઈ આવી છે અને આ હકીકતને ગ્રામજનો સ્વીકારી શકતા નથી. વાસ્તવમાં, મહારાષ્ટ્રના જલગાંવમાં વિચખેડા ગ્રામ પંચાયતનાં સરપંચ મનીષ રવીન્દ્ર પાનપાટીલે તેમની સામે થયેલી કાર્યવાહીને કોર્ટમાં પડકારી હતી. મનીષ પર આરોપ હતો કે તે સરકારી જમીન પર બનેલા મકાનમાં તેમની સાસુ સાથે રહે છે. પરંતુ પાનાપાટીલે આ આરોપને નકારી કાઢ્યો હતો. તેમણે જણાવ્યું કે તે તેના પતિ અને બાળકો સાથે ભાડાના મકાનમાં જુદી રહે છે. સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે આ સ્થિતિ વધુ ગંભીર બની જાય છે જ્યારે અમે દેશની સરકારી કચેરીઓ અને સંસ્થાઓ સહિત તમામ ક્ષેત્રોમાં લિંગ સમાનતા અને મહિલા સશક્તિકરણનું લક્ષ્ય લઈને આગળ વધી રહ્યા છીએ. બેન્ચે એમ પણ કહ્યું હતું કે મહિલાઓ ઘણી જહેમત બાદ જ આવી જાહેર કચેરીઓ સુધી પહોંચવામાં સફળ થાય છે. આક્ષેપોની તપાસ કર્યા વિના અને પાયાવિહોણા નિવેદનોના આધારે જિલ્લા કલેક્ટરે તેમને સરપંચ તરીકે ગેરલાયક ઠેરવ્યા હતા. તેમને પદ પરથી હટાવવાનો આદેશ પણ પસાર કર્યો હતો. આ પછી કમિશનરે પણ આ આદેશ જાળવી રાખ્યો હતો.

### ડોનાલ્ડ ટ્રમ્પનું નિવેદન

# એક રાષ્ટ્રપતિ સીડી પણ ચઢી નથી શકતા, બીજો ગોળી ખાધા પછી પણ અડીખમ છે

## ટ્રમ્પે હુમલાવાળી જગ્યાએથી અધૂરૂં ભાષણ ફરી શરૂ કર્યું, ટેસ્લાના વડા એલન મસ્કે પણ રેલીમાં ભાગ લીધો હતો

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૭ ।

એક મહિના પછી યોજાનારી અમેરિકાના પ્રમુખપદની ચૂંટણી પહેલા શનિવારે ડોનાલ્ડ ટ્રમ્પ ફરી એક વખત રેલી યોજવા માટે પેન્સિલવેનિયાના બટલર પહોંચ્યા હતા. આ એ જ જગ્યા છે જ્યાં ૧૩ જુલાઈના રોજ પૂર્વ અમેરિકન રાષ્ટ્રપતિ પર જીવલેણ હુમલો થયો હતો. શનિવારની રેલીમાં ટ્રમ્પ સાથે ટેસ્લાના માલિક ઈલોન મસ્ક પણ હાજર હતા.બુલેટપ્રૂફ સ્ક્રીનની પાછળ ઊભા રહીને ટ્રમ્પે તેમનું અધૂરૂં ભાષણ ત્યાંથી જ શરૂ કર્યુ જ્યાંથી તેમને ૧૩મી જુલાઈના રોજ થયેલા હુમલા બાદ છોડી દેવું પડ્યું હતું. ટ્રમ્પે કહ્યું હતું કે આજથી બરાબર ૧૨ અઠવાડિયા પહેલા, આ જ જમીન પર, એક ખૂનીએ મને ચૂપ કરવાનો પ્રયાસ કર્યો હતો. તે દિવસે સમય ૧૫ સેકન્ડ માટે રોકાઈ ગયો હતો. પરંતુ તે દુષ્ટ વ્યક્તિ તેના હેતુમાં સફળ થઈ શક્યો ન હતો.રેલીમાં સામેલ ઈલોન મસ્કે ૨૦ હજાર



ટ્રમ્પ સમર્થકોને પણ સંબોધિત કર્યા હતા. તેમણે જણાવ્યું હતું કે અમેરિકામાં લોકશાહી અને બંધારણની રક્ષા માટે ટ્રમ્પની જીત જરૂરી છે. અને જો ટ્રમ્પ નહીં જીતે તો દેશમાં આ છેલ્લી ચૂંટણી હશે.ભાષણ દરમિયાન, મસ્કએ રાષ્ટ્રપતિ બાઈડેન પર પણ નિશાન સાધ્યું હતું.

## પ્રથમ મેચમાં જ ભારતીય ટીમે બાંગ્લાદેશને કચડ્યું

। નવી દિલ્હી, તા.૭ ।

ભારત અને બાંગ્લાદેશ વચ્ચે ત્રણ મેચની ટી-૨૦ સિરીઝની પ્રથમ મેચ રવિવારે ગ્વાલિયરના માધવરાવ સિંધિયા સ્ટેડિયમમાં રમાઈ હતી. જેમાં બાંગ્લાદેશ પ્રથમ બેટિંગ કરીને ૧૨૭ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. જેના જવાબમાં ટીમ ઈન્ડિયાએ ૧૧.૫ ઓવરમાં જ ટાર્ગેટ પાર પાડીને આસાનીથી મેચ જીતી લીધી હતી. આ સાથે ભારત સિરીઝમાં ૧-૦થી આગળ થઈ ગયું છે. હવે બીજી ટી-૨૦ મેચ ૯ ઓક્ટોબરે રમાશે. બાંગ્લાદેશે આપેલા ૧૨૮ રનના ટાર્ગેટનો પીછો કરવા ઉતરેલી ભારતીય ટીમની ઓપનિંગ જોડીએ આક્રમક શરૂઆત કરી હતી. જોકે, બીજી ઓવરમાં જ અભિષેક શર્મા ૧૬ રન બનાવીને રન આઉટ થઈ ગયો હતો. ફાસ્ટ બોલર મયંક યાદવ અને ઓલરાઉન્ડર નીતિશ કુમાર રેડ્ડીએ ડેબ્યુ કર્યું હતું.

### પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે પહેલા ભીડને સંબોધિત કરી હતી

# બંધારણ બચાવવું હોય તો ટ્રમ્પને જિતાડવા પડશે : એલોન મસ્ક

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૭ ।

યુ.એસ.માં પેન્સિલવેનિયાના બટલરમાં ભરચક ચૂંટણી રેલીમાં એલોન મસ્કે ડોનાલ્ડ ટ્રમ્પ સાથે સ્ટેજ શેર કર્યુ હતું. આ દરમિયાન તેમણે પૂર્વ રાષ્ટ્રપતિ માટે સમર્થન માંગ્યું હતું. આ સાથે તેઓ સ્ટેજ પર ડાન્સ પણ કરતાં જોવા મળ્યા. મસ્કે કાળી અને કસ્ટમ મેગા (મેક અમેરિકા ગ્રેટ અગેઈન) ટોપી પહેરી હતી. તેમણે લોકોને રિપબ્લિકન ઉમેદવારને મત આપવા અપીલ કરી હતી. મસ્કે મંચ પરથી કહ્યું, ‘અમેરિકામાં બંધારણ અને લોકશાહી જાળવી રાખવા માટે ટ્રમ્પની જીત જરૂરી છે.’ ટેસ્લાના સીઈઓએ આ નિવેદન તે જગ્યાએ આપ્યું હતું જ્યાં ટ્રમ્પની હત્યાના પ્રયાસમાં ગોળી ચલાવવામાં આવી હતી. આ પ્રસંગે મસ્ક આગામી ચૂંટણી પહેલા મતદારોને એક કરવાનો પ્રયાસ કરતા જોવા મળ્યા હતા.પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે પહેલા ભીડને સંબોધિત કરી હતી. તેમનું વક્તવ્ય પૂરું કર્યા બાદ તેમણે મંચ પર એલોન મસ્કનું સ્વાગત કર્યું. એક ચૂંટણી રેલીને સંબોધતા ટેસ્લાના માલિકે કહ્યું, ‘સંવિધાનની રક્ષા માટે ટ્રમ્પને જીતવું પડશે. અમેરિકામાં લોકશાહી જાળવી રાખવા માટે ટ્રમ્પને જીતવું પડશે. ડોનાલ્ડ ટ્રમ્પની પ્રશંસા કરતી વખતે, તેમણે વર્તમાન પ્રમુખ જો બિડેન સહિત ડેમોક્રેટિક પાર્ટી અને તેના ઉમેદવારો પર પણ આકરા પ્રહારો કર્યા. આ દરમિયાન મસ્ક ખૂબ જ ઉત્સાહિત જોવા મળ્યા હતા. તેમણે બૂમ પાડી, ‘મત આપો! મત આપો! મત આપો! રાષ્ટ્રપતિ જો બાઈડન પર કટાક્ષ કરતા એલોન મસ્કે કહ્યું, ‘અમારી પાસે એવા પ્રમુખ છે જે સીડીઓ ચઢી શકતા નથી. અન્ય લોકો ગોળી માર્યા બાદ પણ તેમની મુઠ્ઠી ચુસ્તપણે પકડી રાખેલા જોવા મળ્યા હતા. કાળી સ્છચ્છ ટોપી પહેરીને, SpaceX CEOએ મજાક કરી કે હું માત્ર MAGA નથી, હું ડાર્ક MAGA છું.

# CBI, પોલીસ કે ઈડી વીડિયો કોલ્સથી કોઈની ધરપકડ નથી કરતા : I4C

। (એજન્સી) નવી દિલ્હી, તા.૭ ।

દેશભરમાં સાયબર ળોડના કિસ્સાઓ ચિંતાજનક હદે વધી રહ્યાં છે. આ મામલે લોકોમાં જાગરૂકતા ફેલાવવા તથા તેમને આવા સાયબર અપરાધોનો ભોગ બનતાં અટકાવવા સરકારની સાયબર ક્રાઈમ પર લગામ કસતી સંસ્થા ઈન્ડિયન સાયબર ક્રાઈમ કોઓર્ડિનેશન સેન્ટર(I4C) દ્વારા એક નિવેદન જારી કરી જણાવ્યું છે કે, સીબીઆઈ, પોલીસ, કસ્ટમ, ઈડી કે ન્યાયાધિશો ક્યારેય વીડિયો કોલ્સના માધ્યમથી કોઈ વ્યક્તિની ધરપ કડ નથી કરતાં.આ રીતે કરવામાં આવતાં કોલ્સને સ્કેમ એટલે કે કૌભાંડ ગણાવતાં સેન્ટરે લોકોને ઈન્ટરનેટના માધ્યમથી આચરવામાં આવતા આવા અપરાધો સામે સાવચેત રહેવાનું જણાવ્યું છે. આ ઉપરાંત I4C દ્વારા આવા અપરાધોની જાણ હેલ્પલાઈન નંબર ૧૯૩૦ પર અથવા www. cybercrime.gov.in નામની વેબસાઈટ પર કરવા લોકોને અપીલ કરી છે. સાયબર ક્રાઈમ સેન્ટર દ્વારા જારી કરાયેલા જાહેર સૂચનામાં જણાવ્યાં અનુસાર, જો કોઈને વીડિયો કોલના માધ્યમથી ધરપકડ કરવાની ચીમકી અપાય તો સહેજ પણ ગભરાશો નહીં. સાવચેત રહો. સીબીઆઈ, પોલીસ, કસ્ટમ, ઈડી કે જજીસ ક્યારેય વીડિયો કોલ કરી કોઈ વ્યક્તિની ધરપકડ કરતાં નથી.

# અમેરિકન ટેલિકોમ કંપનીઓ પર ચીની હેકર્સનો મોટો હુમલો

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૭ ।

અમેરિકન મીડિયાના અહેવાલો અનુસાર, ચીનની સરકાર સાથે સંકળાયેલા અત્યંત કુશળ હેકર્સના જૂથે છેલ્લા કેટલાક દિવસોમાં યુએસની ઘણી મોટી ટેલિકોમ્યુનિકેશન કંપનીઓને હેક કરી છે. આ હેકિંગથી થયેલા નુકસાનની હદ હજુ તપાસ હેઠળ છે. ચાઈનીઝ હેકર્સે ઘણી મોટી બ્રોડબેન્ડ અને ઈન્ટરનેટ પ્રોવાઈડર કંપનીઓને નિશાન બનાવી છે જેમાં મોટી યુએસ ટેલિકોમ્યુનિકેશન કંપનીઓ AT~T, Verizon અને Lumen વગેરેનો સમાવેશ થાય છે.ચાઈનીઝ હેકર્સની ઘૂસણખોરીએ યુએસ અધિકારીઓમાં સંભવિત રાષ્ટ્રીય સુરક્ષા જોખમો અંગે ગંભીર ચિંતાઓ ઊભી કરી છે. અહેવાલો કહે છે કે અમેરિકન ટેલિકોમ્યુનિકેશન કંપનીઓ



પર ચાઈનીઝ હેકર્સ દ્વારા કરવામાં આવેલો આ સાયબર હુમલો ખૂબ જ આધુનિક અને અત્યાધુનિક છે. આનાથી સાયબર જાસૂસી અને વિવિધ સુરક્ષા મુદ્દાઓને લઈને ચીન અને અમેરિકા વચ્ચે ચાલી રહેલા તણાવમાં વધારો થઈ શકે છે. અમેરિકન ટેલિકોમ્યુનિકેશન ઉદ્યોગ દેશના ઈન્ટરનેટ અને ફોન સંચારની કરોડરજ્જુ સમાન છે. ટેલિકોમ કંપનીઓ પાસે કોલર્સ અને યુઝર્સ વિશે ઘણો ડેટા છે. તેથી જ સાયબર હુમલાના કિસ્સામાં ટેલિકોમ કંપનીઓ ઘણીવાર હેકર્સના નિશાના પર રહે છે.સાયબર હુમલાનો ભોગ બનેલા AT~T અને Lumen બંનેએ આ બાબતે કોઈ ટિપ્પણી કરી નથી. વેરિઝોને મીડિયાના પ્રશ્નોના જવાબ આપવાનો પણ ઈનકાર કર્યો છે. યુએસ જસ્ટિસ ડિપાર્ટમેન્ટ અને એફબીઆઈ આ સાયબર હુમલાની તપાસ કરી રહ્યા છે અને હાલમાં બંને વિભાગોએ આ મામલે સંપૂર્ણ મૌન જાળવ્યું છે. વોશિંગ્ટન ડીસીમાં ચીની દૂતાવાસે સાયબર હુમલામાં કોઈપણ સંડોવણીનો ઈન્કાર કર્યો છે. ચીનના રાજદૂતે આ મામલે ચીનને બદનામ કરવાનો આરોપ લગાવ્યો હતો. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, યુએસ કોંગ્રેસને પણ પરિસ્થિતિની ગંભીરતા વિશે જાણ કરવામાં આવી છે, તેમજ હાઉસ અને સેનેટ ઈન્ટેલિજન્સ કમિટીને પણ આ સાયબર હુમલા વિશે જાણ કરવામાં આવી છે. હુમલાની તપાસમાં મદદ કરવા માટે માઈક્રોસોફ્ટ અને મેન્ડિયન્ટ જેવી અગ્રણી સાયબર સુરક્ષા કંપનીઓની પણ મદદ લેવામાં આવી રહી છે. આ હુમલો કરનાર હેકર્સના જૂથને સોલ્ટ ટાયફૂન તરીકે ઓળખવામાં આવે છે.એફબીઆઈના ડાયરેક્ટર ક્રિસ્ટોફર રેએ તો ત્યાં સુધી ટિપ્પણી કરી છે કે ચાઈનીઝ સરકાર સમર્થિત હેકર્સ એફબીઆઈ સાયબર કર્મચારીઓ કરતા ઘણા વધારે છે. ચીનનું બીજું હેકિંગ જૂથ કથિત રીતે અમેરિકન પરિવહન અને સંદેશાવ્યવહાર નેટવર્કમાં પણ ઘૂસણખોરી કરી રહ્યું છે, જેથી કરીને તાઈવાન પર ચીન હુમલો કરે તો અમેરિકાની કોઈપણ કાર્યવાહીને ખોરવી શકાય.

## વિશેષ

### વિધાનસભા પોડિયમમાં સામુહિક પ્રતિજ્ઞા પઠન

# નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ગુજરાતની સફળ સર્વગ્રાહી વિકાસયાત્રા ના ૨૩ વર્ષની સફળતાની ઉજવણીના વિકાસ સપ્તાહનો પ્રારંભ

## નાગરિકો ભારત વિકાસ પ્રતિજ્ઞા https://pledge.mygov.in/bharat-vikas/ પોર્ટલ પર ઓનલાઈન લઈને પ્રમાણપત્ર મેળવી શકાશે



મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ તથા રાજ્ય મંત્રીમંડળના મંત્રીઓ - મુખ્ય સચિવશ્રી તથા વરિષ્ઠ સચિવઓ અને અધિકારીઓએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જોયેલા વિકસિત ભારતના સ્વપ્રને સાકાર કરવા મન-વચન અને કમર્થી તત્પર રહેવા સાથે દેશ માટે સમર્પિત ભાવની સામુહિક ભારત વિકાસ પ્રતિજ્ઞા લીધી.

। (માહિતી) ગાંધીનગર ।

શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના ૧૪માં મુખ્યમંત્રી તરીકે તા. ૭ ઓક્ટોબર, ૨૦૦૧ના દિવસે શપથ લઈને રાજ્યની વિકાસ યાત્રાની કરવટ બદલી હતી. તેમના નેતૃત્વ અને માર્ગદર્શનમાં ગુજરાતની ૨૦૦૧થી ૨૦૨૪ સુધીની ૨૩ વર્ષની સર્વગ્રાહી વૈશ્વિક વિકાસ યાત્રાની સફળતાની ગાથામાં જનભાગીદારીને જોડીને તા. ૦૭ થી ૧૫ ઓક્ટોબર સુધી થનારા “વિકાસ સપ્તાહ”ની ઉજવણીનો પ્રારંભ ભારત વિકાસ પ્રતિજ્ઞાથી થયો છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ તથા રાજ્ય મંત્રીમંડળના મંત્રીશ્રીઓ - મુખ્ય સચિવશ્રી તથા વરિષ્ઠ સચિવશ્રીઓ અને અધિકારીઓએ વિધાનસભા પોડિયમમાં યોજાયેલા સામુહિક પ્રતિજ્ઞા પઠનમાં જોડાઈને “ભારત વિકાસ પ્રતિજ્ઞા” લીધી હતી. દેશના વડાપ્રધાન તરીકે શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વિકસિત ભારતના નિર્માણનો સંકલ્પ કર્યો છે તેને સાકાર કરવામાં પોતાનું સંપૂર્ણ યોગદાન માટે મન-કર્મ-વચનથી તત્પર રહેવા સાથે દેશ માટે સમર્પિત ભાવની સામુહિક ભારત વિકાસ પ્રતિજ્ઞા સૌએ કરી હતી.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ સહિત મંત્રીશ્રીએ અને મુખ્ય સચિવ શ્રી રાજકુમાર અને વરિષ્ઠ સચિવશ્રીઓએ જે ભારત વિકાસ પ્રતિજ્ઞા લીધી છે તેમાં જણાવાયું છે કે -

હું ભારતના જવાબદાર નાગરિક તરીકે પ્રતિજ્ઞા લઉં છું કે..

★ મારા જીવનની પ્રત્યેક ક્ષણે હું દેશ માટે સમર્પિત રહીશ.

★ હું સ્વનો વિચાર કરતા પહેલાં સર્વનો વિચાર કરીશ. દેશના બધા જ સંસાધનોનો ઉપયોગ યોગ્ય રીતે.

કરીશ. દેશના સર્વાંગી અને સમાવેશી વિકાસ માટે અવિરત કાર્યરત રહીશ.

★ હું મારા દેશના સમૃદ્ધ વારસાનું ગૌરવ કરીશ અને તેનું જતન કરીશ.

★ હું મારા દેશના બંધારણીય મૂલ્યોનું જતન કરવા સદાય પ્રયાસરત રહીશ.

★ જ્ઞાતિ, ધર્મ કે જાતિના તમામ બંધનોમાંથી મુક્ત રહી, બંધુતાની ભાવના સાથે મારા દેશને પ્રાધાન્ય.

આપીશ. એક ભારત, શ્રેષ્ઠ ભારતના સૂત્રને સાકાર કરવા ભારતની એકતા અને અખંડીતતા માટે સદાય.

**પ્રતિબદ્ધ રહીશ**

★ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ જોયેલ વિકસિત ભારતના સ્વપ્રને સાકાર કરવા હું મન-વચન અને કર્મથી તત્પર રહીશ. રાષ્ટ્ર પ્રથમના મંત્રને જીવનમંત્ર બનાવી મારા દેશના વિકાસ અને કલ્યાણ માટે હું

**તન-મન અને ધનથી અવિરત પ્રયાસરત રહીશ**

વિકાસ સપ્તાહની ઉજવણી અંતર્ગત ભારત વિકાસ પ્રતિજ્ઞા ઓનલાઈન લઈ શકાય તે હેતુથી https://pledge.mygov.in/bharat-vikas/ પોર્ટલ શરૂ કરવામાં આવ્યું છે. તેનો લાભ રાજ્યના નાગરિકો લઈ શકશે અને પ્રતિજ્ઞા લીધાનું સર્ટિફિકેટ મેળવી શકશે.

### ગુજરાતમાં ઘુડખરની વસ્તી ૭,૬૭૨ નોંધાઈ | રાજ્યમાં સૌથી વધુ ૨૭૦૫ જેટલા ઘુડખર સુરેન્દ્રનગર જિલ્લામાં નોંધાયા : પાંચ વર્ષમાં અંદાજિત ૨૬ ટકાનો વધારો

# દુનિયામાં માત્ર ગુજરાતમાં જોવા મળતા ઘુડખરની વસ્તી ગણતરી કરાઈ

| (એજન્સી) ગાંધીનગર, તા.૭ |

ઘુડખર સમગ્ર વિશ્વમાં માત્ર ગુજરાતમાં જોવા મળે છે. આ દુર્લભ પ્રાણીના રક્ષણ અને સંવર્ધન માટે કચ્છના નાના રણ તથા આસપાસના પ્રદેશોમાં ઘુડખર અભયારણ્યની સ્થાપના કરવામાં આવેલ છે. ત્યારે ૧૦મી વખત ઘુડખર વસ્તી ગણતરી યોજાઈ હતી. ભારતમાં એક માત્ર ગુજરાતમાં ઘુડખરની વસ્તી ૭,૬૭૨ નોંધાઈ છે. રાજ્યમાં સૌથી વધુ ૨૭૦૫ જેટલા ઘુડખર સુરેન્દ્રનગર જિલ્લામાં નોંધાયા છે. વન રીઝિયન પ્રમાણે સૌથી વધુ ૩૨૩૪ ઘુડખર ધાંગધ્રામાં જોવા મળ્યા. આમ પાંચ વર્ષમાં અંદાજિત ૨૬ ટકાનો વધારો થયો છે. તો ઘુડખરની સાથોસાથ નીલગાય, ચિંકારા, કાળિયાર, જંગલી ભૂંડ અને ભારતીય શિયાળ જેવા વન્ય જીવોની ગણતરી પણ યોજાઈ. ગણતરી દરમિયાન કુલ ૧૫,૫૧૦ ચો. કિ.મી. વિસ્તાર આવરી લેવાયો છે. વન અને પર્યાવરણ મંત્રી મૂળુભાઈ બેરાએ જણાવ્યું હતું કે, ભારતમાં માત્ર ગુજરાતમાં જોવા મળતા ઘુડખર રાજ્યનું ગૌરવ છે. ભૂતકાળમાં ઘુડખર ઉત્તર - પશ્ચિમ ભારત, પાકિસ્તાનથી માંડીને મધ્ય- એશિયાના સુકા વિસ્તાર સુધી વિહરતા જોવા મળતા હતા. જોકે, આ ઘુડખર હાલ ભારતમાં એક માત્ર ગુજરાતના કચ્છના નાના-મોટા રણના વિસ્તારોમાં જ જોવા મળે છે. ગુજરાત સરકારના અવિરત પ્રયાસ તેમજ વિવિધ જાગૃતતા અભિયાનોના પરિણામે ૭,૬૪૨ ઘુડખરની વસ્તીમાં નોંધાઈ છે, એટલે કે અંદાજે ૨૬.૧૪ ટકાનો વધારો નોંધાયો છે. ગુજરાત સહિત ભારતભરમાં દર વર્ષે તા. ૨ થી ૮ ઓક્ટોબર દરમિયાન 'વન્ય જીવ સંરક્ષણ સપ્તાહ' ઉજવવામાં આવે છે ત્યારે, આ સમગ્ર રાજ્ય માટે પ્રાણી સંરક્ષણ ક્ષેત્રે વિશેષ સિદ્ધિ છે. મંત્રી મૂળુભાઈએ જણાવ્યું હતું કે, દર પાંચ વર્ષે ઘુડખરની વસ્તી ગણતરી કરવામાં આવે છે. આ વર્ષે પણ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્યના વન અને પર્યાવરણ વિભાગ દ્વારા ૧૦મી ઘુડખર વસ્તી ગણતરી કરવામાં આવી હતી. જેમાં રાજ્યમાં ઘુડખરની કુલ વસ્તી અંદાજે ૭,૬૭૨ નોંધાઈ છે. જ્યારે, છેલ્લી ગણતરી મુજબ ગુજરાતમાં ૬,૦૮૨ ઘુડખર હતા. ગુજરાતના ઘુડખર વિશ્વમાં 'Equus heminious khur' અને ''ખુર'' તરીકે પણ ઓળખાય છે. ઘુડખર ગણતરીની વિગતો આપતા વન મંત્રી મૂળુભાઈએ જણાવ્યું હતું કે, ઘુડખર મુખ્યત્વે રાજ્યના ૬ જિલ્લાઓમાં જોવા મળે છે. ૧૦મી ઘુડખર વસ્તી ગણતરી પ્રમાણે ૨,૭૦૫ ઘુડખર સૌથી વધુ સુરેન્દ્રનગર જિલ્લામાં વસવાટ કરે છે. જ્યારે ૧,૯૯૩ ઘુડખર કચ્છ જિલ્લામાં, ૧,૬૧૫ પાટણમાં, ૭૧૦ બનાસકાંઠામાં, ૬૪૨ મોરબીમાં તેમજ ૭ ઘુડખર અમદાવાદ જિલ્લામાં જોવા મળે છે. આ ઉપરાંત વન રીઝિયન પ્રમાણે સૌથી વધુ ૩,૨૩૪ ઘુડખર ધાંગધ્રામાં, ૨,૩૨૫ રાધનપુર અને ૨,૧૧૩ ભચાઉ રીઝિયનમાં વસવાટ કરે છે. આ વન અને અભયારણ્ય વિસ્તારમાં ૨,૫૬૯ માદા ઘુડખર, ૧,૧૧૪ નર ઘુડખર, ૫૮૪ બચ્ચા અને ૨,૨૦૬ વણ ઓળખાયેલ જ્યારે, રેવન્યુ વિસ્તારમાં ૫૫૮ માદા ઘુડખર, ૧૯૦ નર ઘુડખર, ૧૬૮ બચ્ચા તેમજ ૨૮૩ વણ ઓળખાયેલા ઘુડખર છે. આમ બે વિસ્તારના મળીને રાજ્યમાં કુલ ૭,૬૭૨ ઘુડખર નોંધાયા છે. વન અને પર્યાવરણ રાજ્ય મંત્રી મુકેશ પટેલે જણાવ્યું હતું કે, ઘુડખર વસ્તી ગણતરી અંદાજે WAPE- 2024માં લગભગ ૧૫,૫૧૦ ચો. કિ.મી. વિસ્તારમાં ડાયરેક્ટ કાઉન્ટ મેથડથી કરવામાં આવી હતી. વર્ષ ૨૦૨૪માં ઘુડખરની સાથે સાથે અન્ય વન પ્રાણીઓની ગણતરી પણ કરવામાં આવી હતી. આ ગણતરીમાં નીલગાય, ચિંકારા, કાળિયાર, જંગલી ભૂંડ, ભારતીય શિયાળ, રણ લોંકડી જેવા વન્ય જીવોનો સમાવેશ થાય છે.

## ન્યૂઝ બ્રિફ

### ગીર સોમનાથ, ભાવનગર સહિત ૧૩ સ્થળો પર GST વિભાગના દરોડા

| (એજન્સી) ગીર સોમનાથ, તા.૭ |

ગીર સોમનાથ જિલ્લામાં ભાજપ અને કોંગ્રેસના બે નેતાઓને ત્યાં GSTના દરોડા પાડવામાં આવ્યાં છે. મળતી માહિતી પ્રામણે GSTની આઠથી વધુ ટીમ દ્વારા રાજ્યમાં ગીર સોમનાથ, ભાવનગર સહિત ૧૩ સ્થળો પર ગેરકાયદે બાંધકામ અને ટેક્સ ભરવામાં ગડબડ કરનારા સામે તપાસ હાથ ધરવામાં આવી છે. ભાવનગરની એક કન્ટ્રક્શન કંપનીમાં અમદાવાદ એસઓજી પોલીસ અને GSTની સયુંક્ત ટીમ દ્વારા દરોડા પાડવામાં આવ્યાં. ભાવનગર બોગસ બિલિંગનું હબ છે. GSTને લગતી પોલીસ ફરિયાદ અમદાવાદમાં નોંધાઈ છે, તેના પગલે પોલીસ અને GSTની સયુંક્ત તપાસ હાથ ધરાઈ, અમદાવાદ એસઓજી પોલીસે વાઘાવાડી રોડ પરના સુરભી મોલમાં આવેલી ઓમ કન્ટ્રક્શન કંપની ખાતે સર્ચ ઓપરેશન હાથ ધર્યું. મળતી માહિતી મુજબ, સમગ્ર મામલે પોલીસે ૪૨૦, ૪૦૬, ૪૦૯ કલમ મુજબ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

### પાટણમાં અખિલ આંજણા ચૌધરી સમાજની સાધારણ સભામાં બે જૂથ બાખડી પડ્યા

| (એજન્સી) પાટણ, તા.૭ |

પાટણ ખાતે અખિલ આંજણા ચૌધરી સમાજની સાધારણ સભા મળી હતી. સભાના અધ્યક્ષ સ્થાનને મામલે બે જૂથ પડી જતાં હોબાળો થયો હતો અને બે જૂથ વચ્ચે ઘર્ષણ થતાં નાસભાગ થઈ ગઈ હતી અને છૂટ્ટા હાથની મારામારી તથા પથ્થરમારો થતાં સમાજના ૧૦ જેટલા લોકો ઈજાગ્રસ્ત થયા હતા. મામલો ઉગ્ર ના બને તે માટે પોલીસ બોલાવવાની ફરજ પડી હતી. પોલીસે ઈજાગ્રસ્તોના નિવેદન લઈ કાર્યવાહી હાથ ધરી છે. પાટણની આદર્શ વિદ્યાલય ખાતે રવિવારે અખિલ આંજણા સમાજની સાધારણ સભા યોજાઈ હતી. આંજણા સમાજની યોજાયેલી આ સભામાં મુખ્ય મુદ્દો સમાજના પ્રમુખ તેમજ હોદ્દેદારોની ત્રણ વર્ષની ટર્મ પૂર્ણ થયા બાદ નવા પ્રમુખ તેમજ હોદ્દેદારોની વરણી કરવાનો હોવાથી સમાજમાં બે જૂથ પડી ગયા હતા અને જોત જોતામાં બે જૂથો સામસામે આવી ગયા હતા. જેના કારણે સભામાં હોબાળો થયો તેમજ ઉગ્ર બોલાચાલી સાથે ઘર્ષણ સર્જાયું હતું. મામલો વધુ ઉગ્ર બનતાં સભામાં એકબીજા ઉપર ધોકાઓ વડે તેમજ પથ્થરો વડે મારો કરવામાં આવ્યો હતો. જેમાં બન્ને જૂથના લોકોને નાની મોટી સામાન્ય ઈજાઓ પહોંચી હતી. ઘટનાની જાણ કરાતાં પાટણ બી ડિવીઝન પોલીસ અને ૧૦૮ને ટીમ તરત જ આદર્શ વિદ્યાલય ખાતે યોજાયેલી સભાએ આવી પહોંચી હતી. જોકે સામાજિક ઝઘડો વધુ ઉગ્રરૂપ ધારણ ના કરે તે માટે મામલને શાંત પાડવાનો પોલીસે પ્રયાસ કર્યો હતો. સભામાં સામસામે થયેલા ઝઘડામાં ૧૦થી વધુ લોકોને નાની મોટી ઈજાઓ થઈ હતી. ઈજાગ્રસ્તોને સારવાર માટે પાટણ સિવિલ અને ધારપુર મેડિકલ હૉસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. સામાજિક ઝઘડામાં કેમ મામલો ઉગ્ર બન્યો અને કોના કોના દ્વારા એકબીજા ઉપર પ્રહાર કરવામાં આવ્યા તે બાબતને લઈને પાટણ પોલીસ દ્વારા ઘાયલ થયેલા ઈજાગ્રસ્તોના નિવેદનો લેવાની તજવીજ હાથ ધરી છે.

## ગુજરાત, દમણ અને દિવ નેવલ એરિયાના ફ્લેગ ઓફિસર કમાન્ડીગ રિઅર એડમિરલ ભૂપેન્દ્ર પટેલની સૌજન્ય મુલાકાતે



| અમદાવાદ, તા.૭ |

મુખ્યમંત્ર શ્રી ભૂપેન્દ્ર પટેલની સૌજન્ય મુલાકાત ગુજરાત, દમણ અને દિવ નેવલ એરિયાના ફલેગ ઓફિસર કમાન્ડીગ રિઅર એડમિરલ શ્રી સતિષ વાસુદેવે ગાંધીનગરમાં લીધી હતી. ૧૯૯૩માં ભારતીય નૌ સેનામાં જોડાયેલા શ્રી સતિષ વાસુદેવ ૨૦૨૪ના ઓગસ્ટ મહિનાથી ગુજરાત, દમણ અને દિવ નેવલ એરિયાના ફલેગ ઓફિસર કમાન્ડીગ તરીકે નિયુક્ત થયેલા છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ સાથેની તેમની આ સૌજન્ય મુલાકાતમાં તેમણે રાજ્યના ૧૬૦૦ કિ.મી. લાંબા સમૃદ્ધ કિનારાની વ્યુહાત્મક્તા અંગે પણ ચર્ચા-વિમર્શ કર્યા હતા.

## નવરંગપુરાના મંદિરમા માં ગબ્બર દર્શન પ્રતિકૃતિ



નવરંગપુરા વિસ્તારમાં આવેલા અંબાજી માતાજી મંદિરમાં ગબ્બર દર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. અહીં ગબ્બરની પ્રતિકૃતિ મૂકવામાં આવી છે. જેનાં દર્શન માટે મોટી સંખ્યામાં લોકો આવી રહ્યા છે.

### અકસ્માતમાં ૨૫થી વધુ લોકો ઘાયલ થયા

# અંબાજીના ત્રિશૂલિયા ઘાટ પર અકસ્માત સર્જાયો, ૪ના મૃત્યું

**બસમાં ૫૦થી વધુ મુસાફરો સવાર હતા : ૧૫ ઇજાગ્રસ્તોને પાલનપુર સારવાર માટે મોકલવામાં આવ્યા**

| (એજન્સી) અંબાજી, તા.૭ |

રાજ્યમાં અકસ્માતોના બનાવો દિવસે અને દિવસે વધી રહ્યા છે જેણે લીધી મૃત્યુ પણ વધારે થઈ રહ્યા છે ત્યારે વધુ એક કિસ્સો સામે આવ્યો છે. યાત્રાધામ અંબાજી નજીક ત્રિશુલિયા ઘાટ પાસે શ્રદ્ધાળુઓથી ભરેલી લકઝરી બસને અકસ્માત નડ્યો હતો. દાંતા અને અંબાજી વચ્ચે સર્જાયેલા અકસ્માતમાં ૪ લોકોના મૃત્યુ અને ૨૫થી વધુ લોકો ઘાયલ થયા છે. બસમાં ૫૦થી વધુ મુસાફરો સવાર હતા. આ દૂર્ઘટનામાં ૨૫થી વધુ મુસાફરોને ઈજા થઈ હતી. ૧૫ ઈજાગ્રસ્તોને પાલન પુર સારવાર માટે મોકલવામાં આવ્યા છે.



ખેડા જિલ્લાના કઠલાલના ભક્તો અંબાજી મા અંબાના દર્શન કરીને પરત ફરતા હતા આ દરમિયાન ત્રિશુલીયા ઘાટ પર લકઝરી બસના ડ્રાઈવરે બસ પરથી કાબુ ગુમાવ્યો હતો જેને કારણે આ અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માત એટલો ગંભીર હતો કે ડિવાઈડરની રેલિંગ પણ તૂટી ગઈ હતી. બસમાં ૫૦થી વધુ મુસાફરો સવાર હતા. બસમાં સવાર ૨૫થી વધુ લોકોને ઈજા પહોંચી છે. પાલનપુર, દાતા, અંબાજી સહિતની એમ્બ્યુલન્સ સ્થળ પર પહોંચી ગયા છે. સ્થાનિકોએ ૧૦૮ અને પ્રાઈવેટ વાહનોમાં ઈજાગ્રસ્તોને પાલનપુર સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડ્યા છે. ૭ લોકો ગંભીર હોવાનું જાણવા મળ્યું છે. બસ ડ્રાઈવરે નશો કર્યો હોવાનું મુસાફરોએ જણાવ્યું હતું. બસ ડ્રાઈવરે પૂરપાટ ઝડપે વળાંક પર ટર્ન મારતો હતો. આ દરમિયાન સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવતાં રોડની સાઈડમાં બનાવેલી લકસરી બસ પ્રોટેક્શન વોલને ટકરાઈ હતી. જોકે જેના લીધે સદનસીબે બસ ખીણમાં ખાબકતાં બચી ગઈ હતી. જો બસ ખીણમાં ખાબકી હોત તો આ મૃત્યુઆંક વધી પહોંચ્યો હતો. ખેડા જિલ્લાના કઠલાલ ગામના માઈભક્તો દર્શન કરીને પરત જતા અકસ્માતનો ભોગ બન્યા હતા. ત્યારે મુસાફરોએ જણાવ્યું હતું કે, ડ્રાઈવરે નશો કર્યો હતો અને બેદરકારી રીતે બસ હંકારતો હતો. પ્રાથમિક તબક્કે મળતી માહિતી અનુસાર બસ ડ્રાઈવરે નશો કર્યો હોવાનું જાણવા મળ્યું છે. હાલમાં ૧૦૮ એમ્બ્યુલન્સ સહિત પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો છે. બચાવકાર્ય શરૂ કરી મુસાફરોને બસની બહાર કાઢવામાં આવી રહ્યા છે.

### કચ્છમાં ૧૨૦ કરોડની કિંમતનું ૧૨ કિલો કોકેઈન ઝડપાયું

| (એજન્સી) કચ્છ, તા.૭ |

ગુજરાતમાંથી નશીલા પદાર્થ ઝડપાવાનો ક્રમ શરૂ જ છે. કચ્છમાંથી ૧૨૦ કરોડની કિંમતનું ૧૨ કિલો કોકેઈન ઝડપાયું છે. પોલીસે મળેલી બાતમીના આધારે સરક્રીક વિસ્તારમાં સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. જેમાં રવિવારે રાત્રે કોકોઈનના ૧૦ બિનવારસી પેકેટ મળી આવ્યા હતા. જેની આંતરરાષ્ટ્રીય બજારમાં કિંમત અંદાજે રૂ. ૧૨૦ કરોડ છે. પૂર્વ કચ્છના એસપી સાગર બાગમરના જણાવ્યા અનુસાર, બાતમીના આધારે ગાંધીધામ બી ડિવિઝન પોલીસને ખારીરોહર સીમમાં આવેલા તળાવ નજીક બાવળની ઝાડી નીચે બિનવારસી હાલતમાં ૧૦ પેકેટ કોકેઈનના મળી આવ્યા હતા. જેમાં અંદાજિત ૧૨૦ કરોડની કિંમતનું ૧૨ કિલોગ્રામ કોકેઈન ઝડપ્યું છે. અહીંથી સમુદ્રની ખાડી માત્ર દોઢેક કિલોમીટર દૂર છે. તેથી કોઈ દાણચોરો દ્વારા તેને લાવવામાં આવ્યું હોઈ શકે છે. આ પહેલા ગત વર્ષે ૨૮ સપ્ટેમ્બર ૨૦૨૩ના રોજ ગાંધીધામ પોલીસે અહીંથી થોડે દૂર મીઠીરોહર સીમમાંથી ૮૦૦ કરોડની કિંમતનું ૮૦ કિલો કોકેઈન જપ્ત કર્યું હતું. આ વર્ષે ૪ જૂન ૨૦૨૪ના રોજ ખારીરોહરથી કંડલા જતાં માર્ગ પર HPCL પાઈપલાઈન નજીક બાવળની ઝાડીમાંથી ગુજરાત ATSએ પણ બિનવારસી હાલતમાં પડેલું ૧૩ કિલો કોકેઈન જપ્ત કર્યું હતું.

### ૨૦૦થી વધુ પોલીસકર્મીઓ શોધખોળ અભિયાનમાં જોડાયા

# વડોદરા દુષ્કર્મના આરોપીઓની પોલીસ દ્વારા આખરે ધરપકડ

### આરોપીને શોધવા માટે ક્રાઇમ બ્રાન્ચે ૪૫ કિમી સુધીના ૧૧૦૦થી વધુ સીસીટીવી ચેક કરીને નરાધમોને ઝડપ્યા

| (એજન્સી) વડોદરા, તા.૭ |

નવરાત્રિના પાવન પર્વ પર વડોદરામાં દુષ્કર્મની ચોંકાવનારી ઘટના સામે આવી હતી. ભાયલી ગામની સીમમાં અવાવરું જગ્યાએ ધોરણ ૧૧ સાયન્સની વિદ્યાર્થિની અને તેના બોયફ્રેન્ડને બાનમાં લઈ પોલીસના નામે રૂઆબ છાંટી ત્રણ નરાધમોએ વિદ્યાર્થિની પર સામૂહિક દુષ્કર્મ આચર્યું હતું. આ મામલે વડોદરા ક્રાઈમ બ્રાન્ચે આરોપી મુન્ના અબ્બાસ, આફતાબ સુબેદાર અને શાહરુખ વણઝારાની ધરપકડ કરી છે. આ ઉપરાંત સૈફ અલી વણઝારા,અજમલ વણઝારા ની પણ પૂછપરછ માટે અટકાયત કરાઈ છે. ભાયલી દુષ્કર્મ કેસના આરોપીઓને પકડવા માટે પોલીસે ભારે મહેનત કરી હતી. આરોપીને શોધવા માટે ૨૦૦થી વધુ પોલીસકર્મીઓ શોધખોળ અભિયાનમાં જોડાયા છે. આ પોલીસ જવાનો તથા વડોદરા ક્રાઈમ બ્રાન્ચે ૪૫ કિ.મી સુધીના ૧૧૦૦થી વધુ સીસીટીવી ચેક કરીને આ દુષ્કર્મ કેસના ૫ આરોપીઓને ઝડપી પાડ્યા છે. દુષ્કર્મની ઘટનામાં ત્રણ કિમી વિસ્તારના ૧ હજાર ઘરોમા પોલીસે તલાશી લીધી હતી. દુષ્કર્મ કેસના આરોપી મુન્ના અબ્બાસ, આફતાબ સુબેદાર અને શાહરુખ વણઝારાની મેડિકલ તપાસ માટે પોલીસ તેમને વડોદરાની સયાજી હોસ્પિટલમાં લઈ ગઈ હતી. આ દરમિયાન આરોપીને સ્ટ્રેચર પર લઈ જવામાં આવ્યા હતા. મેડિકલ તપાસ બાદ પોલીસે કડક પૂછપરછ હાથ ધરી છે. દુષ્કર્મ આચર્યા બાદ ક્યાં ફરાર થઈ ગયા, તેઓ એકબીજા



સંપર્ક કેવી રીતે આવ્યા, આ ગુનામાં બીજું સંડોવાયેલું છે કેમે તે અંગેના તમામ પ્રશ્નોના જવાબ શોધવા માટે ક્રાઈમ બ્રાન્ચે કાર્યવાહી હાથ ધરી છે. ભાયલી પાસેની અવાવરું જગ્યા પર બોયફ્રેન્ડ સાથે બેઠેલી વિદ્યાર્થિની પર સામૂહિક દુષ્કર્મ કરી ફરાર થઈ ગયેલા ત્રણ નરાધમોએ વિદ્યાર્થિનીનો મોબાઈલ પણ લૂંટ્યો હતો. આ મોબાઈલ રાત્રે ૧:૨૦ મિનિટ સુધી ચાલુ હતો અને તેનું લોકેશન અટલાદરા વિસ્તારમાં જાણવા મળ્યું હતું. પુત્રી મોડી રાત્રિ સુધી ઘેર નહીં આવતા તેની માતા તેના મોબાઈલ પર સતત ફોન કરતી હતી. ત્યારે નરાધમોએ માતાનો ફોન ઉપાડયો હતો અને માત્ર પાંચ સેકન્ડ ચાલુ રહ્યા બાદ ફોન સ્વીચ ઓફ થઈ ગયો હતો. વડોદરા શહેર નજીક આવેલા ભાયલી ગામની સીમમાં એક અવાવરું જગ્યાના રોડ પર ડિવાઈડર પાસે સ્કૂટર પાર્ક કરીને સગીરા તેના મિત્ર સાથે બેઠી હતી.

# અમદાવાદ મંડળે રેલવે સ્ટેશનો અને રેલવે ટ્રેકની સ્વચ્છતા પર ભાર મૂક્યો

| અમદાવાદ, તા.૭ |

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ માં ૦૧ ઓક્ટોબર, ૨૦૨૪ થી ૧૫ ઓક્ટોબર ૨૦૨૪ સુધી ''સ્વચ્છતા પખવાડા''ની ઉજવણી કરવામાં આવી રહી છે. આ પખવાડિયા દરમિયાન રેલ્વે સ્ટેશનો અને રેલ્વે ટ્રેકની સફાઈ સંબંધિત વિવિધ પ્રવૃત્તિઓ સતત કરવામાં આવી રહી છે.

અમદાવાદ મંડળ પર, ૦૭ ઑક્ટોબર ૨૦૨૪ ના રોજ, 'સ્વચ્છ ટ્રેક' ની થીમ પર, મંડળના તમામ મુખ્ય સ્ટેશનો પર રેલ્વે ટ્રેક અને સ્ટેશનોની વ્યાપક સફાઈ હાથ ધરવામાં આવી હતી. રેલ્વે ટ્રેકની આસપાસ ઉગેલું ઘાસ દૂર કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત ગટરને ચોક અપ ન થાય તે માટે પાટા વચ્ચેના નાળા ની પણ સંપૂર્ણ સફાઈ કરવામાં આવી હતી. ૫મી અને ૬ઠ્ઠી ઑક્ટોબર ૨૦૨૪ના રોજ 'સ્વચ્છ ટ્રેન'ની થીમ પર, મંડળ પર મશીનો વડે ટ્રેનો, અંદરના શૌચાલય અને કોચની સફાઈ કરવામાં આવી હતી. વાહનોમાંથી એકત્ર થતા પ્લાસ્ટિક અને અન્ય કચરાનો યોગ્ય નિકાલ કરવામાં આવ્યો હતો. મુસાફરોને યોગ્ય જગ્યાએ કચરો



ડસ્ટબીનમાં નાખવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. સ્ટેશન યાર્ડની સફાઈ કરવામાં આવી હતી. ટ્રેનના કોચમાં પાણીના નળના લીકેજની તપાસ કરવામાં આવી હતી અને તેને રિપેર કરવા માટે તાત્કાલિક કાર્યવાહી કરવામાં આવી હતી.

આ પખવાડિયા અંતર્ગત રેલવેને સ્વચ્છ રાખવા, સિંગલ યુઝ પોલિથીનનો ઉપયોગ ન કરવા અને પ્લાસ્ટિક પ્રદૂષણ રોકવા પર ભાર મૂકવામાં આવી રહ્યો છે. રેલ્વે સ્ટેશન, ઓફિસ/રેલ્વે પરિસર, પ્લેટફોર્મ, ફૂટ બ્રિજ વગેરે જેવા સ્થળોએ ગંદકી ફેલાવનારાઓને સમજણ આપવામાં આવી રહી છે.

# રાજ્યમાં પગાર વધારાની માગને લઈને ૧૦ હજાર TRB જવાનોની હડતાળ

| (એજન્સી) ગાંધીનગર, તા.૭ |

રાજ્યમાં ટ્રાફિકમાં ફરજ પર રહેલા TRB જવાનો ફિક્સ પગારમાં વધારાને લઈને છેલ્લા કેટલાક સમયથી માગ કરી રહ્યાં છે, ત્યારે તેમની માગ સામે સંતોષકારક જવાબ ન મળતા આખરે TRBના જવાનો પગાર વધારા સહિતની માગને લઈને આજથી હડતાળ પર ઉતર્યા છે.

મળતી માહિતી પ્રમાણે, હાલમાં TRBમાં ફરજ બજાવતા જવાનોને રોજના ૩૦૦ રૂપિયા લેખે પગાર મળે છે, ત્યારે જવાનો તેની સામે ૫૦૦ રૂપિયા પગાર ચૂકવવામાં આવે તેવી માગ કરી રહ્યા છે. જ્યારે હવે અમદાવાદના ૧૬૦૦થી વધુ TRB જવાનો સહિત રાજ્યભરના આશરે ૧૦ હજાર જેટલા જવાનો ટ્રાફિક પોઈન્ટ પર ઊભા રહેશે નહીં અને નક્કિ કરેલી જગ્યાએ હડતાળ કરશે.

આ ઉપરાંત, TRB જવાનો દ્વારા અમદાવાદ જિલ્લા કલેક્ટર કચેરી ખાતે આવેદનપત્ર આપીને પોતાના માંગણીઓને લઈને રજૂઆત કરશે. સરકારે ચૂંટણી સમયે પગાર વધારાનો વાયદો કર્યો બાદ TRB જવાનોને તેનો લાભ મળ્યો નથી, ફક્ત વાયદાઓ જ



**જવાનોને રોજના ૩૦૦ રૂપિયા લેખે પગાર મળે છે, ત્યારે જવાનો તેની સામે ૫૦૦ રૂપિયા પગાર ચૂકવવા માગ**

કરવામાં આવે છે. સમગ્ર વિવાદને એક વર્ષ થવા છતાં પણ પગારવધારો ન કરાતા આખરે TRB જવાનોએ ઉગ્ર આંદોલન ચિમકી ઉચ્ચારી છે. TRB જવાનોએ જણાવ્યું હતું કે, અગાઉ આ પ્રકારની માંગણી કરતા તેમને છૂટા કરી દેવાની ચિમકી આપી હતી. એટલે TRB જવાનોમાં છૂટા કરી દેવાનો ડર સતાવી રહ્યો છે.